MARKET 4U
જંગ-એ-ગુજરાત
અખબાર
સુરત ઓફિસ
૧૩/૯૬, બેઠી કોલોની, રિલાયન્સ મોલ સામે, ઉધના દરવાજા, સુરત.
કોલ કરીને જ આવવું
મો.નં. 7575006850

REVOLUATION-E-GUJARAT

ગુજરાતભરમાં ફેલાવો ધરાવતું ભરૂચથી પ્રસિદ્ધ થતું એકમાત્ર અખબાર

જંગ-એ-ગુજરાત

સાપ્તાહિક અખબાર
SOCIAL MEDIA NEWS

● તંત્રી : ધનંજય ઝવેરી
● બ્યૂરો ચીફ : સમીર કંસારા ૯૦૯૯૦૩૯૫૪૨

વિ. સં. ૨૦૭૬ । રવિવાર । તા. ૦૯-૦૨-૨૦૨૦ । વર્ષ : ૧૬ । પાના : ૧૨

2 બજરંગબલીની ભક્તિ પર મનોજ તિવારી અને કેજરીવાલમાં ઘમાસાણ

5 બીજી વન-ડેમાં ભારતને ૨૨ રને હરાવી ન્યૂઝીલેન્ડે શ્રેણી જીતી

7 યુવતીમાં કોરોના વાઈરસના લક્ષણો દેખાતા હોસ્પિટલના આઇસોલેશન વોર્ડમાં ખસેડાઇ

12 રાજપીપળાની બેંક ઓફ બરોડા શાખામા 'વૈકુંઠ નાનુ ને વૈષ્ણવ ઝાઝા' જેવી સ્થિતિ, ગ્રાહકોમાં ગભરાટ

અનામતના સંદર્ભમાં કોર્ટના ચુકાદાથી વિવાદ સર્જાય તેવી શક્યતા

પ્રમોશનમાં 'અનામત' આપવા સરકાર બંધાયેલી નથી: સુપ્રીમ

એક તરફ અનામતની માંગણી માટે આંદોલન બીજી તરફ કોર્ટના ચુકાદાથી કાનૂની જંગ ફરીથી શરૂ થઇ શકે

પ્રમોશનમાં અનામત મૌલિક અધિકાર નહી,રાજ્ય તેના માટે બંધનકર્તા નથી,ઉત્તરાખંડ હાઈકોર્ટે એક જૂનિયર એન્જિનિયરને પ્રમોશન આપવાનો આદેશ આપ્યો હતો જેને સુપ્રિમે રદ્દ કર્યો



ન્યુ દિલ્હી

સુપ્રીમ કોર્ટે ઉત્તરાખંડ હાઈકોર્ટના તે ચૂકાદાને રદ્દ કરી દીધો છે જેમાં હાઈકોર્ટે રાજ્ય સરકારને કહ્યું હતું કે તે પ્રમોશનમાં અનામત આપવા માટે ક્વોન્ટિટેટિવ ડેટા એકઠો કરે. ડેટા એકઠો કરીને તપાસ કરવામાં આવે કે એસસી/એસટી કેટેગરિના લોકોને પ્રયાપ્ત પ્રતિનિધિત્વ છે કે નહીં કે જેથી તેમને પ્રમોશનમાં અનામત આપી શકાય. સુપ્રીમ કોર્ટે કહ્યું કે રાજ્ય સરકાર અનામત નિર્દેશ જાહેર ન કરી શકે. સુપ્રીમ કોર્ટે પોતાના મહત્વના ચૂકાદામાં કહ્યું કે રાજ્ય સરકાર પ્રમોશનમાં અનામત આપવા માટે બાધ્ય નથી. એસસી/એસટી કેટેગરીમાં પ્રમોશનમાં અનામત આપવાનો નિર્દેશ હાઈકોર્ટે જાહેર કર્યો હતો. આ ચૂકાદાને રાજ્ય સરકાર અને સામાન્ય વર્ગના લોકો દ્વારા આવેદન આપી પડકારવામાં આવ્યો હતો. સુપ્રીમ કોર્ટે પોતાના મહત્વના ચૂકાદામાં કહ્યું કે અદાલત સામે હાઈકોર્ટના આદેશને પડકારવામાં આવ્યો છે. રાજ્ય સરકારને હાઈકોર્ટે નિર્દેશ આપ્યો હતો કે તેઓ એસસી/એસટી કેટેગરીના લોકોને પર્યાપ્ત પ્રતિનિધિત્વ અંગે માહિતી જાણવા માટે ક્વોન્ટિટેટિવ ડેટા એકત્ર કરે અને પ્રમોશનમાં અનામત આપવામાં આવે. આ ચૂકાદાને સુપ્રીમ કોર્ટમાં પડકારવામાં આવ્યો હતો.

સુપ્રીમ કોર્ટે પોતાના ચૂકાદામાં કહ્યું કે રાજ્ય સરકાર પ્રમોશનમાં અનામત આપવા માટે બંધનકર્તા નથી. કોઈનો મૌલિક અધિકાર નથી કે તે પ્રમોશનમાં અનામતનો દાવો કરે. કોર્ટ તેના માટે નિર્દેશ જાહેર ન કરી શકે કે રાજ્ય સરકાર અનામત આપે. સુપ્રીમ કોર્ટે ઈન્દિરા સ્વાને જજમેન્ટ(મંડલ જજમેન્ટ)ને ટાંકતા કહ્યું કે અનુચ્છેદ-૧૬(૪) અને અનુચ્છેદ ૧૬(4A)મુજબ જોગવાઈ છે કે રાજ્ય સરકાર ડેટા એકત્ર કરશે અને માહિતી મેળવશે કે એસસી/એસટી કેટેગરીના લોકોને પ્રયાપ્ત પ્રતિનિધિત્વ છે કે નહીં કે જેથી તેમને પ્રમોશનમાં અનામત આપી શકાય. પરંતુ આ ડેટા રાજ્ય સરકાર દ્વારા આપેલી અનામતને જસ્ટિફાઈ કરવા માટે જરૂરિયાત છે કે પર્યાપ્ત પ્રતિનિધિત્વ નથી. ત્યારે જરૂરી નથી કે રાજ્ય સરકાર અનામત આપતી નથી. રાજ્ય સરકાર તેના માટે બંધનકર્તા નથી. એવામાં ઉત્તરાખંડ હાઈકોર્ટનો ચૂકાદો રદ્દ કરવામાં આવે છે.

સુપ્રીમ કોર્ટે કહ્યું કે હાલના કેસમાં હાઈકોર્ટને એ નથી કહેવામાં આવ્યું કે કમિટીએ ક્વોન્ટિટેટિવ ડેટા એકત્ર કર્યો હતો અને રાજ્ય સરકારે નક્કી કર્યું હતું કે પ્રમોશનમાં અનામત નહીં આપવામાં

અનુસંધાન પાના નં. ૬



નવી દિલ્હીના જામિયા નગર મતદાન મથક ખાતે દિલ્હી વિધાનસભાની ચૂંટણી દરમિયાન મતદાન કરાવ્યા બાદ એક મતદાતાએ તેની આંગળીને અમર્ય શાહીથી નિશાન બતાવી હતી.

રાષ્ટ્રપતિ સહિત દિગ્ગજ રાજકીય નેતાઓએ મતદાન કર્યું

દિલ્હી ચૂંટણીમા ૬૦ ટકાથી વધુ મતદાન: મંગળવારે પરિણામ

ન્યુ દિલ્હી

ભાજપ અને "આપ" પાર્ટી માટે પ્રતિષ્ઠાના જંગ સમાન દિલ્હી વિધાનસભાની ૭૦ બેઠકો માટે એક જ તબક્કાની સામાન્ય ચૂંટણી-૨૦૨૦ માટે આજે સવારના ૮ વાગ્યાથી શાંતપૂર્ણ વાતાવરણમાં ભારે પોલીસ સુરક્ષા વચ્ચે મતદાનની પ્રક્રિયા આરંભાઈ હતી. સાંજે ૬ વાગે મતદાન પુરૂ થયું ત્યાં સુધીમાં ૬૦ ટકાથી વધુ મતદાન નોંધાયું હતું. જોકો લાંબી લાઈનો હોવાથી મતદાન મથકની અંદર જેઓ લાઈનમાં ઉભા છે તેમને ૬ વાગ્યા પછી પણ મતદાન કરવા દેવાને કારણે મતદાનની ટકાવારી ૬૦ ટકાથી ઉપર જઈ શકે છે. ગઈ વખતે ૬૭.૪૭ ટકા મતદાન નોંધાયું હતું. કુલ ૭૦ બેઠક માટે ૬૭૨ ઉમેદવાર મેદાનમાં છે. દિલ્હીમાં અંદાજે ૧.૪૭ કરોડ મતદારો નોંધાયા છે, જે પૈકી ૮૧ લાખથી વધુ પુરુષ અને અંદાજે ૬૬ લાખ મહિલાઓનો સમાવેશ થાય છે. રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદ, ભાજપના સિનિયર નેતા એલકે અડવાણી, કોંગ્રેસ અધ્યક્ષા સોનિયા ગાંધી-રાહુલ ગાંધી, પ્રિયંકા ગાંધી સહિત સંખ્યાબંધ નેતાઓએ જે તે મતદાન મથકે જઈને મતદાન કર્યું હતું. દિલ્હીના સીએમ

અનુસંધાન પાના નં. ૬



શરૂઆતમાં મતદાનમાં નિરાશા,બપોર બાદ વધારો નોંધાતા રાજકીય પક્ષમાં હાશકારો, શાહિનબાગમાં પણ ઊંચુ મતદાન થયાની શક્યતા

પંજાબના તરનતારનમાં ટ્રેક્ટરની ટ્રોલીમાં બ્લાસ્ટ: ૧૫ શ્રદ્ધાળુઓના મોત



તરનતારન

પંજાબના તરનતારનમાં શનિવારે એક ધાર્મિક કાર્યક્રમ દરમિયાન થયેલા બ્લાસ્ટમાં ૧૫ લોકોના મોત થયા છે, જ્યારે કે અનેક લોકો ઘાયલ થયા છે. ઘાયલોને સારવાર માટે હોસ્પિટલમાં એડમિટ કરાયા છે. સૂચના મળતા જ પોલીસ તથા સ્થાનિક મેનેજમેન્ટ ઘટના સ્થળ પર પહોંચી ગયું છે. પ્રાપ્ત માહિતી અનુસાર, શહેરમાં બાબા દીપસિંહજીના જન્મદિવસ પ્રસંગે ઉપલક્ષ્યમાં નગર કીર્તનનું આયોજન કરાયું હતું. આ દરમિયાન ફટાકડાથી ભરાયેલ એક ટ્રોલીમાં જબરદસ્ત વિસ્ફોટ થયો હતો. આ બ્લાસ્ટ એટલો જોરદાર હતો કે, અંદાજે એક ડઝન લોકોના ઘટના સ્થળ પર જ મોત નિપજ્યા હાત. જ્યારે કે અનેક લોકો ઘાયલ થયા છે. કેટલાક ઘાયલોને તાત્કાલિક હોસ્પિટલમાં લઈ જવાયા હતા, પરંતુ ગંભીર રીતે ઘાયલ કેટલાક લોકોએ સારવાર દરમિયાન જ દમ તોડ્યો હતો. બીજી તરફ, પોલીસ તથા સ્થાનિક મેનેજમેન્ટે બચાવ કાર્ય શરૂ કર્યું છે. લોકોને પૂછપરછ કરવામાં આવી રહી છે, જેથી ઘટના બનવા પાછળનું ખરુ કારણ જાણી શકાય. ઉલ્લેખનીય છે કે, તરનતારન જિલ્લા પંજાબ રાજ્યોના માઝા વિસ્તારનું એક શહેર છે. તેની સરહદ પાકિસ્થાન સાથે જોડાયેલી છે.

એક જૂનથી આખા દેશમાં 'એક દેશ એક રેશન કાર્ડ' લાગુ થઈ જશે: કેન્દ્ર

ન્યુ દિલ્હી

સરકારે સંસદમાં કહ્યું કે, એક દેશ રેશન કાર્ડ યોજના હેઠળ આખા દેશમાં એક જૂનથી એક રેશન કાર્ડ લાગુ કરી દેવામાં આવશે. આ યોજના હાલમાં ૧૨ રાજ્યોમાં લાગુ છે. ગ્રાહક બાબતોના મંત્રી રામવિલાસ પાસવાને રાજ્યસભામાં પ્રશ્નકાળ દરમિયાન એક પૂરક સવાલના જવાબમાં કહ્યું કે, ગરીબી રેખા નીચે જીવન જીવતા લોકોને દેશમાં ક્યાંય પણ રેશન લેવાની સુવિઝા આપવા માટે 'એક દેશ એક રેશન કાર્ડ' યોજનાને આગામી એક જૂનથી લાગુ કરવામાં આવશે. પાસવાને કહ્યું કે, ૨૦૧૩માં ૧૧ રાજ્યોમાં રાષ્ટ્રીય ખાદ્ય સુરક્ષા કાયદો લાગુ થયા બાદ હવે તેના દાયરામાં તમામ રાજ્ય આવશે.

પાસવાને કહ્યું કે, આ યોજનાના આગામી તબક્કામાં સરકારે આખા દેશ માટે એક જ રેશન કાર્ડ જાહેર કરવાની યોજના ગત એક જાન્યુઆરીના રોજ ૧૨ રાજ્યોમાં લાગુ કરી હતી. જેમાં આંધ્રપ્રદેશ, તેલંગણા, મહારાષ્ટ્ર, ગુજરાત, કેરલ, કર્ણાટક, રાજસ્થાન, હરિયાણા, ત્રિપુરા, ગોવા, ઝારખંડ અને મધ્યપ્રદેશનો સમાવેશ થાય છે. તેમણે કહ્યુ કે, એક દેશ અને એક રેશન કાર્ડ માટે નવું કાર્ડ લેવાની જરૂર નહી પડે.

MARKET 4U ફ્રેન્ચાઈઝી નિમવાના છે

MARKET4U (રજી.) કંપનીને પોતાના જાહેરાત, મેરેજ, લગ્ન www.connectindians.inના ઓન-લાઈન પ્લેટફોર્મની સેવાઓ માટે ગુજરાતના તમામ જિલ્લા, શહેર અને તાલુકા લેવલે જરૂરિયાત મુજબ (રૂપિયા ૫૫૦૦/- કે તેના ગુણાંકમાં) મૂડી રોકાણ કરી ગ્રાહકોને સેવા આપી શકે તેવા

ફ્રેન્ચાઈઝી

તાત્કાલિક વહેલા તે પહેલાના ધોરણે નિમવાના છે. ઈચ્છા ધરાવતી વ્યક્તિઓ સંપર્ક કરે.
(નફાનું ધોરણ ટર્ન ઓવરના ૪% રહેશે. કંપની જાહેરાત પોતે કરી આપશે.)

સ્કીમ : ફ્રેન્ચાઈઝી બની એક સાથે ૩૦ જોઈનિંગ પીન ખરીનાર પહેલા ૧૦,૦૦૦ ફ્રેન્ચાઈઝી વચ્ચે ડ્રો થશે જેમાં
પહેલું ઇનામ : રૂપિયા એક કરોડ (૧ વ્યક્તિ ને)
બીજું ઇનામ : રૂપિયા એક લાખ (૫ વ્યક્તિ ને)
ત્રીજું ઇનામ : રૂપિયા ૫૦ હજાર (૨૫ વ્યક્તિને) આપવામાં આવશે.

શરતો

૧. ડ્રો ૧૦,૦૦૦ ફ્રેન્ચાઈઝી પુરા થયે જ કરવામાં આવશે
૨. ડ્રો ની રકમ માંથી સરકારી TDS ૫% કાપવામાં આવશે.
૩. ડ્રો જાહેરમાં ફંકશન યોજી કોમ્પ્યુટરાઈઝડ સિસ્ટમ થી કરવામાં આવશે.
૪. ડ્રો ની રકમ ની ચુકવણી NEFT થીજ કરવામાં આવશે.
૫. ડ્રો નો એડમીન ચાર્જ ૨% ડ્રો ની રકમ માં થી અલગ થી કમાશે
૬. આ ડ્રો બાબતે કંપની લેખિત માં લખાણ કરી આપશે જે પિન ખરીદીના ૧૫ દિવસમાં ફ્રેન્ચાઈઝીના નોંધાયેલ એડ્રેસ પર આરપીએડી થી મોકલશે
૭. ફ્રેન્ચાઈઝી બનવા પહેલા મેમ્બર બનવું ફરજીયાત છે જે માટે નિયત રકમ એડવાન્સ ભરવાની રહેશે.
૮. પિન મેમ્બરના વોલેટમાં મળશે. જેના પર પીનદીઠ કમિશન રૂપિયા ૨૫ અલગ થી વોલેટમાં જમા થશે.
૯. મેમ્બર અથવા ફ્રેન્ચાઈઝી બનવા સંપર્ક કરો 9978406257
૧૦. ફ્રેન્ચાઈઝી પીન કંપની પાસેથી ખરીદી હશે તેજ વ્યક્તિ ડ્રોમાં ભાગીદાર ગણાશે. માટે ડ્રોમાં ભાગ લેનારે કંપની પાસેથીજ પીન ખરીદવી ફરજીયાત રહેશે.
૧૧. ફ્રેન્ચાઈઝી એક આઈડી પર એકજ વખત આ સ્કીમનો લાભ લઈ શકશે બીજી વાર લાભ લેવા અલગથી મેમ્બર બની ત્યારબાદ ૩૦ પિન સામટી લઈ લાભ લઈ શકાશે.

9978406257 Whats-App Time 10 am to 5 pm



ભાજપના વરિષ્ઠ નેતા લાલ કૃષ્ણ અડવાણીએ ઔરંગઝેબ લેન સ્થિત બુથ પર કર્યું વોટિંગ.

મનોજ તિવારીએ કેજરીવાલને નકલી ભક્ત ગણાવ્યા

બજરંગબલીની ભક્તિ પર મનોજ તિવારી અને કેજરીવાલમાં ઘમાસાણ



ન્યુ દિલ્હી

અરવિંદ કેજરીવાલે હનુમાનજીની પૂજા કર્યા બાદ ભાજપના સાંસદ મનોજ તિવારીએ કરેલી ટિપ્પણીથી ફરી એક વખત વિવાદ સર્જાયો છે. મનોજ તિવારીએ જણાવ્યું કે અરવિંદ કેજરીવાલે જે હાથેથી ચપ્પલ ઉતાર્યા તે હાથેથી જ હનુમાનજીની પૂજા કરી. તે કેટલો ગંદો માણસ છે. મનોજ તિવારીએ કેજરીવાલને નકલી ભક્ત ગણાવતા કહ્યું કે કેજરીવાલે પૂજા કર્યા બાદ અશુદ્ધ થયેલા હનુમાનજી મંદિરને ધોઈ ફરી શુદ્ધ કરવામાં આવ્યું.

દિલ્હીની ચૂંટણીમાં મુખ્યપ્રધાન અરવિંદ કેજરીવાલ દ્વારા હનુમાનજીની પૂજાને લઈને રાજકારણ ગરમાયું છે. ત્યારે કેજરીવાલે ભાજપના સાંસદ મનોજ તિવારીની ટિપ્પણી પર પલટવાર કર્યો છે. કેજરીવાલે ટ્વીટ કરી જણાવ્યું કે મેં જ્યારથી એક ટીવી ચેનલ પર હનુમાન ચાલીસાનો પાઠ કર્યો છે ત્યારથી ભાજપના નેતાઓ મારી સતત મજાક ઉડાવી રહ્યા છે. ગઈ કાલે હું હનુમાન મંદિરે ગયો. આજે ભાજપના નેતાઓ કહે છે કે મારા જવાથી મંદિર અશુદ્ધ થઈ ગયું. આ ક્યા પ્રકારની રાજનીતિ છે. ભગવાન તો દરેકના છે. ભગવાન સૌને આશિર્વાદ આપે. ભાજપવાળાઓને પણ.

ભાજપ સાંસદ સ્વામીનો દાવોઃ આમ આદમી પાર્ટીની જીત થશે



ન્યુ દિલ્હી

ભારતીય જનતા પાર્ટીના વરિષ્ઠ નેતા અને રાજ્યસભા સાંસદ સુબ્રમણ્યમ સ્વામીએ દિલ્હી ચૂંટણીને લઈને મોટો દાવો કર્યો છે. સ્વામીએ આમ આદમી પાર્ટીની જીત થવાનો દાવો કર્યો છે. સ્વામીએ ટ્વીટ કરતા જણાવ્યું કે, ઝાડૂને મારા વોટ વિના પણ વધારે વોટ મળી રહ્યાં છે.

સુબ્રમણ્યમ સ્વામીએ પોતાના ટ્વીટમાં બજેટને લઈને પણ પ્રતિક્રિયા આપી છે. તેમના ટ્વીટથી એવું લાગી રહ્યું છે કે, તેઓ સામાન્ય બજેટથી ખુશ નથી. તેમણે બજેટને લઈને નાણામંત્રી નિર્મલા સીતારમણ પર પણ પ્રહાર કર્યા છે.

રાજ્યસભા સાંસદે ટ્વીટ કર્યું કે, ઝાડૂને મારા મત વિના પણ પૂરતા વોટ મળી રહ્યાં છે. બજેટ ગૂગલી બાદ હવે મારે ખાસ કરીને મારા ભાજપના કાર્યકર્તાઓ સાથે ઉભા રહેવું પડશે.

રેટિંગ એજન્સી ઈકરાના અનુમાન અનુસાર

જીએસટી વળતર ફંડમાં રૂ.૨૫,૦૦૦ કરોડની ઘટ પડવાની આશંકા

ઓક્ટોમ્બર-૨૦૧૯થી જાન્યુઆરી-૨૦૨૦ સુધી રાજ્યોને જીએસટી વળતર રૂપે આશરે રૂ.૬૦,૦૦૦થી ૭૦,૦૦૦ કરોડ ચૂકવવવામાં આવશે

ન્યુ દિલ્હી

રેટિંગ એજન્સી ઈકરાનાં અનુમાન અનુસાર ચાલુ નાણાંકીય વર્ષ દરમિયાન ઓક્ટોમ્બર-૨૦૧૯થી જાન્યુઆરી-૨૦૨૦ સુધી રાજ્યોને જીએસટી વળતર રૂપે આશરે રૂ.૬૦,૦૦૦થી ૭૦,૦૦૦ કરોડ ચૂકવવવામાં આવશે. રેટિંગ એજન્સીનું માનવું છે કે નાણાંકીય વર્ષ ૨૦૧૯-૨૦ દરમિયાન જીએસટી વળતર કોષમાં આશરે રૂ.૧૫,૦૦૦થી ૨૫,૦૦૦ કરોડની ઘટ રહેશે.

એક આકલન મુજબ જીએસટી સંબંધિત નુકશાનને કારણે ઓક્ટોમ્બર ૨૦૧૯થી જાન્યુઆરી ૨૦૨૦ના સમયગાળામાં રાજ્યોને કરવામાં આવેલ ચુકવણી આશરે રૂ.૬૦,૦૦૦-૭૦,૦૦૦ કરોડ કરવાની રહેશે. કેન્દ્રે તેની ચુકવણી માર્ચ ક્વાર્ટર સુધી કરવાની છે.

કાયદા હેઠળ કેન્દ્ર સરકારે જીએસટી વ્યવસ્થામાં પ્રથમ પાંચ વર્ષ દરમિયાન રાજ્યોને વાર્ષિક ૧૪ ટકા ચુકવણી કરવાની હોય છે. સરકારે અગાઉ આ વર્ષે જીએસટી સંગ્રહમાં ૧૮ ટકાનો વધારો થવાનો અંદાજ મૂક્યો હતો.બીજી બાજુ આ વર્ષે જાન્યુઆરી સુધી તેમાં ફક્ત ૫ ટકાની વૃદ્ધિ જ નોંધાઈ છે. ચાલુ નાણાંકીય વર્ષમાં સપ્ટેમ્બર સુધી કેન્દ્રે રાજ્યોને વળતરરૂપે આશરે રૂ.૧ લાખ કરોડ જારી કર્યા હતા.

ઈકરાનાં કોર્પોરેટ ક્ષેત્ર રેટિંગના ગૃપ પ્રેસિડેન્ટ જયંત રૉય અનુસાર ઓક્ટોમ્બર ૨૦૧૯થી જાન્યુઆરી ૨૦૨૦ દરમિયાન રાજ્યોને જીએસટી વળતર રૂપે ૬૦,૦૦૦થી ૭૦,૦૦૦ કરોડની ચુકવણી કરવાની છે. ડિસેમ્બર,૨૦૧૯ સુધી વળતર કોષમાં ઉપલબ્ધ રકમ રૂ.૧૭,૦૦૦ કરોડ હતી. ચોથા ક્વાર્ટરમાં રૂ.૨૮,૦૦૦ કરોડનું વળતર સેસ એકત્ર થવાનો અંદાજ છે. આ રીતે ૨૦૧૯-૨૦માં વળતર કોષમાં રૂ.૧૫,૦૦૦ કરોડથી ૨૫,૦૦૦ કરોડની ઘટ રહેવાનું અનુમાન છે.

મતદાન મથક પર ફરજ બજાવતા ચૂંટણી અધિકારીનું હાર્ટ એટેકથી મોત

ન્યુ દિલ્હી

દિલ્હી વિધાનસભાની તમામ ૭૦ બેઠકો પર આજે મતદાન યોજાયું હતુ. આ દરમ્યાન એક દુઃખદ સમાચાર આવ્યા હતા. ચૂંટણીની ફરજ પર એક અધિકારીનું મોત થયું છે. ચૂંટણી અધિકારી ઉધમસિંહનું હાર્ટ એટેકના કારણે મોત થયું છે.

ચૂંટણી અધિકારીને હાર્ટ એટેક આવ્યા બાદ નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા પરંતુ ડોક્ટરોએ તેમને મૃત જાહેર કર્યા હતા. ઉધમસિંહ બાબરપુર પ્રાથમિક શાળાના મતદાન મથક પર ફરજ બજાવતા હતા.

રામ પણ ભાજપને બચાવી શકે તેમ નથીઃ સંજય સિંહ

તિવારીની કમેન્ટ પર આપના નેતા સંજય સિંહે પ્રહારો કરતાં કહ્યું કે દિલ્હીના સીએમના આટલા અછૂતની ભાવનાથી જુએ છે ભાજપ? આનાથી ઘટિયા નિવેદન કંઈ હોઈ જ ના શકે. હજુ પણ તમે એ યુગમાં છો જ્યાં દલિતોને મંદિરમાં પ્રવેશ અપાતો નહોતો. શ્રીરામ પણ હવે ભાજપને બચાવી શકશે નહીં.

કોંગ્રેસ ઉમેદવાર અલકા લાંબાનો આપ કાર્યકર્તાને થપ્પડ મારવાનો પ્રયાસ



ન્યુ દિલ્હી

દિલ્હીના ચાંદની ચોકમાંથી કોંગ્રેસના ઉમેદવાર અલકા લાંબાએ આમ આદમી પાર્ટી (આપ)ના એક કાર્યકર્તાને થપ્પડ મારવાનો પ્રયાસ કર્યો છે. ચાંદીન ચોકના મજનૂ ટીલાના મતદાન કેન્દ્ર ૧૨૬થી ૧૩૩ પર અલકા લાંબા અને આપ કાર્યકર્તા વચ્ચે ટકરાવ થયો હતો. આ દરમિયાન અલકા લાંબાએ આરોપ લગાવ્યો કે આપ કાર્યકર્તાએ તેમના પુત્ર વિશે ટિપ્પણી કરી છે.

જેનાથી નારાજ થઇ અલકા લાંબાએ આપ કાર્યકર્તાને થપ્પડ મારવાનો પ્રયાસ કર્યો હતો. જોકે, તેને લાગ્યુ નહતું. તે બાદ કોંગ્રેસ અને આપ કાર્યકર્તા આમને-સામને આવી ગયા છે. પોલીસ વચ્ચે પડી બચાવ કર્યો હતો. આ ઘટના બાદ અલકા લાંબાએ કહ્યુ કે આપ કાર્યકર્તાએ મારા પુત્ર વિશે આપત્તિજનક ટિપ્પણી કરી હતી.

પ્રિયંકા ગાંધીના પુત્ર રેહાન વાડ્રાએ પહેલી વખત મતદાન કર્યું



ન્યુ દિલ્હી

દિલ્હી વિધાનસભા ચૂંટણી માટે મતદાન ચાલી રહ્યું છે અને રાજકીય જગતની તમામ હસ્તિઓ દિલ્હીમાં પોતાના મતાધિકારનો ઉપયોગ કરી રહી છે. કોંગ્રેસ મહા સચિવ પ્રિયંકા ગાંધીના પુત્ર રેહાન રાજીવ વાડ્રાએ પણ પહેલી વખત પોતાના મતાધિકારનો ઉપયોગ કર્યો છે. મતદાન કર્યા બાદ તેમણે કહ્યું કે લોકતાંત્રિક પ્રક્રિયામાં ભાગ લઈને મને ખૂબ જ આનંદ થઈ રહ્યો છે. રેહાન વાડ્રાએ દિલ્હીના તમામ મતદાતાઓને પોતાના મતાધિકારનો ઉપયોગ કરવા માટે પણ અપીલ કરી હતી. પ્રિયંકા ગાંધીના પુત્ર રેહાન વાડ્રાએ મતદાન કર્યા બાદ કહ્યું કે દિલ્હીના દરેક લોકોએ પબ્લિક ટ્રાન્સપોર્ટની સુવિધા મળવી જોઈએ અને વિદ્યાર્થીઓને પબ્લિક ટ્રાન્સપોર્ટ માટે સબ્સિડી પણ મળવી જોઈએ. રેહાન વાડ્રાની સાથે તેની માતા પ્રિયંકા ગાંધી અને પિતા રોબર્ટ વાડ્રાએ પણ મતદાન કર્યું હતું.

ફરી વખત મોદી સરકાર એફઆરડીઆઈ બિલ લાવવાની તૈયારીમાં

ન્યુ દિલ્હી

કેન્દ્ર સરકાર ફરી વખત ફાઈનાન્સિયલ રિઝોલ્યુશન એન્ડ ડિપોઝિટ ઈન્સ્યોરન્સ ખરડો લાવવાની તૈયારી કરે છે અને આ માટેની પ્રક્રિયા શરૂ થઈ ગઈ છે તેમ કેન્દ્રીય નાણા મંત્રી નિર્મલા સીતારમણે જણાવ્યું છે. ૨૦૧૮માં આ બિલ પાછું ખેચી લેવામાં આવ્યું હતું. એ સમયે આ ખરડા માં એવી જોગવાઈ હતી કે બેંક નિષ્ફળ જાય તો ડિપોઝિટ રોને કોઈ લાભ મળશે નહીં પરંતુ આ જોગવાઈનો જોરદાર વિરોધ થયો હતો અને ખરડો પાછો ખેંચી લેવામાં આવ્યો હતો.બેંકોમાં ડિપોઝિટ પરનું ઈન્સ્યોરન્સ કવર રૂપિયા એક લાખ હતું પરંતુ નાણા મંત્રી નિર્મલા સીતારમણે રજૂ કરેલા બજેટમાં ઈન્સ્યોરન્સ કવર રૂપિયા પાંચ લાખનું કરી દેવામાં આવ્યું હતું. નિર્મલા સીતારામન એમ કહ્યું છે કે બેંક ડિપોઝિટ રોના લાભ માટે સરકાર વિચારે છે અને આ ખરડો સુધારા સાથે ફરી વાર લાવવામાં આવશે પરંતુ હજુ સુધી તેની ટાઈમલાઈન નક્કી કરવામાં આવી નથી.

મહિલાઓને મત માટે સલાહઃ કેજરીવાલ-સ્મતિ ઈરાની આમને-સામને





ન્યુ દિલ્હી

દિલ્હી વિધાનસભાની ચૂંટણીમાં મતદાનના દિવસે પણ દિગ્ગજ નેતાઓ નિવેદબાજી તેમજ એકબીજા પર આક્ષેપ-પ્રતિઆક્ષેપથી બચી શક્યા નથી. મહિલાઓએ મતદાન માટે પુરૂષો સાથે ચર્ચા કરવી તેવા દિલ્હીના મુખ્યમંત્રી અને આપના સુપ્રીમો અરવિંદ કેજરીવાલના નિવેદનને ટાંકીને કેન્દ્રીય મંત્રી સ્મૃતિ ઈરાનીએ ઝંપાલવતા કેજરીવાલ પર નિશાન સાધ્યું હતું. જો કે કેજરીવાલે પણ આ મુદ્દે ફરી પલટવાર કરતું ટ્વીટ કર્યું હતું.

દિલ્હીના સીએમ કેજરીવાલે જણાવ્યું કે, આ વખતે દિલ્હીમાં મહિલાઓ પણ મતદાન માટે વધુ સક્રિય બની છે અને તેઓએ ઘરના પુરૂષોને પણ મતદાન કરવા જણાવવું જોઈએ. મોટાભાગની મહિલાઓ કામમાંથી નવરાશ કાઢીને મતદાન માટે જઈ શકતી નથી. મહિલાઓએ મતદાન કઈ પાર્ટીને કરવું તે માટે પુરૂષો સાથે ચર્ચા કરવી જોઈએ.

કેન્દ્રીય મંત્રી ઈરાની કેજરીવાલના આ ટ્વીટથી ભડક્યા હતા અને તેમણે કેજરીવાલને મહિલા વિરોધી ગણાવ્ય હતા. સ્મૃતિ ઈરાનીએ ટ્વીટમાં કેજરીવાલના નિવેદન પર કટાક્ષ કરતા કહ્યું કે, મુખ્યમંત્રી કેજરીવાલ દિલ્હીની મહિલાઓએ એટલી સક્ષમ નથી સમજતા કે તેઓને કઈ પાર્ટીને મત આપવો છે તેનો જાતે નિર્ણય કરી શકે?

કેજરીવાલે ફરી પલટવાર કરતા જણાવ્યું કે, 'સ્મૃતિજી, દિલ્હીની મહિલાઓએ કોને વોટ આપવો છે તે નક્કી કરી લીધું છે. સમગ્ર દિલ્હીમાં આ વખતે પરિવારનો વોટ મહિલાઓએ જ નક્કી કર્યો છે. આખરે ઘર મહિલાઓએ જ ચલાવવાનું હોય છે.'

દિલ્હી ચૂંટણીઃ ૧૧૦ વર્ષના કાલિતારા મંડલ અને ૧૦૭ વર્ષના વૃદ્ધે પણ મતદાન કર્યું





ન્યુ દિલ્હી

દક્ષિણી દિલ્હીના ચિતરંજન પાર્કમાં ૧૧૦ વર્ષની એક મહિલાએ મતાધિકારનો ઉપયોગ કર્યો છે. મહિલાનું નામ કાલિતારા મંડલ છે. મહિલાએ મતદાન કર્યા બાદ જણાવ્યું કે જ્યારથી તેમને મતદારકાર્ડ મળ્યું છે ત્યારથી તેમણે દરેક ચૂંટણીમાં મતદાન કર્યું છે.

દિલ્હીના આ સૌથી વયોવૃદ્ધ મતદારનો જન્મ બાંગ્લાદેશમાં થયો છે. ૧૯૦૮માં અવિભક્ત ભારતમાં જન્મેલા મંડલે દેશના બે વખત થયેલા ભાગલાના સાક્ષી રહ્યા છે. ભારતમાં જ તેઓ બે વખત તેમના પરિવાર સાથે શરણાર્થીની જેમ જીવ્યા છે. છેવટે રાજધાની દિલ્હીમાં ઠરીઠામ થયા હતા.

૧૧૦ વર્ષની આ મહિલાએ પોતાના તમામ દાંત ગુમાવી દીધા છે, પરંતુ ફિશ ખાવાની તેમની ઈચ્છાને અવશ્યપણે રોકી શકતા નથી. કાલિતારા ઉપરાંત સતાયુ વટાવી ચૂકેલા ૧૦૭ વર્ષના એક વૃદ્ધે પણ દિલ્હીની ચૂંટણીમાં મતદાન કર્યું છે. તેમણે જણાવ્યું કે તેઓ પણ આજ સુધી ક્યારેય મતદાન કરવાનું ચૂક્યા નથી. મતાધિકારનો તેઓ ચોક્કસ પણે ઉપયોગ કરે છે. આમ દિલ્હી ચૂંટણીમાં સદી વટાવેલા મતદારોએ મતદાન કરીને લોકોને પોતાના મતાધિકારનો ઉપયોગ કરવાની પણ સલાહ આપતો સંદેશ આપ્યો હતો.

ઉત્તરાખંડમાં વહેલી સવારે ભૂકંપના આંચકા આવતા લોકોમાં ફફડાટ

દહેરાદૂન

ઉત્તરાખંડના કુમાઉનમાં શનિવારે વહેલી સવારે ભૂકંપના ભારે આંચકા અનુભવાયા હતા. શનિવારે વહેલી સવારે ભૂકંપનાં આંચકાને કારમે કુમાઉના લોકો જાગી ગયા હતા અને ભયભીત થઈ ઘરની બહાર દોડી આવ્યા હતા. જો કે આજે સવારે અનુભવાયેલા ભૂકંપનાં આંચકા અન્ય જુદા જુદા ભાગોમાં પણ અનુભવાયા હતા. રિક્ટર સ્કેલ પર ધરતીકંપની તીવ્રતા ૪ હોવાનું જાણવા મળે છે. આ આંચકાઓ સવારે ૬:૩૨ વાગ્યાની આસપાસ અનુભવાયા હતા. એવું કહેવામાં આવી રહ્યું છે કે ભૂકંપથી કોઈ જાન-માલનું નુકસાન થયું નથી. પિથોરાગઢમાં કેટલાક લોકો ડરના કારણે ઘરની બહાર નીકળ્યા આવ્યા હોવાના સમાચાર મળી રહ્યા છે. ચંપાવટના ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓફિસર મનોજ પાંડેએ જણાવ્યું હતું કે ભૂકંપનું કેન્દ્ર શોધી કાઢવાની કવાયતો હાથ ધરવામાં આવી રહ્યું છે.



કનેક્ટ ઈન્ડિયન્સ www.connectindians.inમાં જોડાઈ નિયમ મુજબ કામ કરો અને સોળ વર્ષ જુના સમાચારપત્ર (news paper) જંગ એ ગુજરાત www.jungegujarat.inના
PRESS પ્રતિનિધિ બની સમાજમાં પ્રતિષ્ઠા સાથે સંપત્તિ કમાવા તાત્કાલિક વહેલા તે પહેલાંના ધોરણે નિયુક્તિ માટે સંપર્ક કરો. ૯૯૭૮૪૦૬૨૫૭

જોજો ચૂકી જતા આ મોકો

MARKET 4U ને સમગ્ર ગુજરાતના તમામ શહેરોમાં

CONNECTINDIANS

પ્લાન માટે

માત્ર રૂપિયા ૫૫૦/- ભરી શકે તેવા અને
પોતાની મહેનત મુજબ આવક મેળવવા માગતા
૫૦૦૦થી વધુ ભાઈ- બહેનોની તાત્કાલિક જરૂર છે

આજે જ જોડાઓ અને
મોબાઈલ એન્ટી રેડીએશન ચીપ મફત મેળવો
(કુરિયર ચાર્જ ૧૦૦ રૂ. અલગથી ચૂકવવાનો રહેશે)



નિયત સમયમાં યોજના મુજબ કામ કરો અને

જીતો



MARUTI ALTO



HONDA ACTIVA



BRANDED MIXER

ફ્રી ૧૫ ઓગષ્ટ સ્વાતંત્ર્ય દિવસ

(શરતો લાગુ રહેશે)

9978406257

'આપની પ્રગતિ એજ અમારો નિર્ધાર'

શુ આપ **Market4u** રજીસ્ટર્ડ કંપનીમાં માત્ર ૬૫૦/- ભરી કોઈ પણ ચીજવસ્તુ વેચ્યા વગર અન્ય મિત્રોને, કુટુંબીઓને કે કોઈપણ વ્યક્તિને આપની જેમ જ ૬૫૦/-ભરાવી **Market4u**ની કેટેગરી વાપરવાનું સમજાવી તેને આપની સાથે જોડી શકો છો તો આપ અને જોડાયેલા તમામ અન્યોને **Market4u**ની કેટેગરી સાથે જોડી ઓછા સમયમાં લાખો કમાઈ શકો છો ઉપરાંત **MARKET4U** ની જાહેરાતની કોઈ પણ એક કેટેગરી વાપરી શકશો. **(T.& C.Apply)**

આજે જ વોટ્સ એપ નંબર ૯૯૭૮૪૦૬૨૫૭ પર આપનું નામ અને એડ્રેસ લખી મોકલો

અને હા જેને **PRESS** માં જોડાવામાં રસ હોય તેઓ પણ સંપર્ક કરી શકશે
PRESS પ્રતિનિધિ બનાવવામાં આવશે (નિયમ લાગુ રહેશે)

MARKET 4U **ફ્રેન્ચાઈઝી નીમવાના છે**

CEO Mrket4u, Dhananjay zaveri, Surat - Bharuch. 7575006850
www.jungegujarat.in

Market4u રજીસ્ટર્ડ.કંપનીને વિસ્તરણ માટે જિલ્લા અને તાલુકા દીઠ સુપર ફ્રેન્ચાઈસી
(રોકાણ માત્ર ૫૫૦૦૦/- કે તેના ગુણાકમાં નફો ૧૫% ટર્નઓવરના)
ફ્રેન્ચાઈસી (રોકાણ ૫૫૦૦/-કે તેના ગુણાકમાં નફો ૮% ટર્નઓવરના)
એજન્ટ : તમામ સ્થળે અને તમામ રાજ્યોમાં રોકાણ માત્ર રૂ.૬૫૦/- **(T. @ C.apply)**

ઓફીસ એડ્રેસ

સુરત
Market4u
૧૩/૯૬ બેઠી કોલોની, એપલ હોસ્પિટલ પાસે રિલાયન્સ મોલ સામેની ગલીમાં, ઉધના દરવાજા, સુરત. ૭૫૭૫૦૦૬૮૪૭

ભરૂચ
Market4u
બંગલા નંબર ૧૩, પ્રીતમ સોસાયટી વિભાગ ૧, સ્ટેટ બેન્ક ઓફ ઇન્ડિયાની ગલીમાં, કસક, ભરૂચ. ૯૯૭૮૪૦૬૨૫૭

થોડી મહેનતે આપ પણ બની શકો લાખોપતિ
જો આપ આટલું કરો તો જ

આપ જેની રાહ જોઈ રહ્યા હતા એ **MARKET4U**નું નવું સાહસ
WWW.CONNECTINDIANS.IN

Market4uના **connectindians** પ્લાન સાથે માત્ર રૂપિયા ૫૫૦/-ભરી જોડાઈ જાવ અને **Market4u** વેબસાઈટની કોઈપણ એક કેટેગરી વાપરી કમાવ અઢળક આવક

(અલગ અલગ કેટેગરી માટે અલગથી જોઈનીંગ કરવાનું રહેશે.)

પોતાના સપના સાકાર કરવા આજે જ સંપર્ક કરો
9978406257

જો આપ આ માધ્યમથી કમાવા ઈચ્છો તો પણ સરળ છે માત્ર રૂપિયા ૫૫૦/- ભરી જોડાઈ જાવ અને આપના કુટુંબી કે પરિચિત મિત્રોને આપની આઈડીથી **Market4u**ની કેટેગરી વાપરવા જોડો, આપની આવક શરૂ. જેમાંથી **market4u** કંપની આપની આવકમાંથી **TDS** બાદ કરી વધેલી રકમ આપના બેંકખાતામાં **NEFT**થી જમા કરશે. તો રાહ શેની માત્ર ૫૫૦/- ભરો અને અન્યોને **Market4u**ની કેટેગરી સમજાવી જોડતા જાવ અને બનો ટૂંકા સમયમાં માત્ર ૫૫૦/-માં લાખોના માલીક

વેબ સાઇટ જુઓ • www.connectindians.in • www.market4u.in
ગેરેન્ટેડ ગિફ્ટ મોબાઈલ એન્ટી રેડિયેશન ચિપ *મોકલવાનો ખર્ચ રૂ.૧૦૦/- અલગથી ચૂકવવાનો રહેશે*

CONNECT INDIANS : MLM Plan Rs. 550
INCOME ILLUSTRATION OF 1 X 10 DOWNLINES

DOWNLINE LEVEL	No. OF DOWNLINE	INCOME IN RS.	TOTAL AMOUNT IN RS.	5% TDS DEDUCTION	TOTAL AMOUNT AFTER TDS
1	10	100	1000	50	950
2	100	75	7500	375	7125
3	1000	50	50000	2500	47500
4	10000	25	250000	12500	237500
5	100000	20	2000000	100000	1900000
6	1000000	15	15000000	750000	14250000
7	10000000	10	100000000	5000000	95000000
8	100000000	5	500000000	25000000	475000000
TOTAL EARNING :					586443075

Note : This illustration is based on assumption that every Member makes 10 Downlines

લેવલ ઈન્કમ મેળવવા પહેલા લેવલમાં નીચે મુજબ જોઈનિંગ હોવું જોઈએ

૨ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૪
૩ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૮
૪ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૧૦
૫ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૧૫
૬ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૨૦
૭ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૨૫
૮ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૩૦

નોંધ :- ★ તમામ ઇનસેન્ટિવ એક વખત જ મળશે અને સેલ્સ ટારગેટ એક વર્ષના રહેશે.
★ કોઈ પણ રકમમાં ૫% ટીડીએસ કપાશે જ.

આ પ્લેટફોર્મ પર નીચે મુજબના એવોર્ડ મળશે

★ **ડાયરેક્ટર:** એક મહિનામાં ૩૦ જોઇનિંગ લાવે તો ૧ વર્ષ માટે બને પ્રેસ પ્રતિનિધિ

★ **સિલ્વર ડાયરેક્ટર:** ત્રણ મહિનામાં ડાયરેક્ટ ૧૦૦ જોઇનિંગ અને લેવલ ગ્રુપ ટોટલ ૧૦૦૦૦ થાય તો એક્ટીવા (શો રૂમ કિંમત) માસિક ૫૦૦/- પેટ્રોલ એલાઉન્સ, જોડાયાના એક વર્ષ સુધી

★ **ગોલ્ડ ડાયરેક્ટર:** છ મહિનામાં ડાયરેક્ટ ૨૦૦ જોઇનીંગ અને ૧૦૦૦૦૦ની ડાઉન લાઈન થાય તો અલ્ટો (શો રૂમ કિંમત) ત્યાર પછીના બાકીના મહિનામાં દર મહિને ૫૦૦૦/- પેટ્રોલ એલાઉન્સ.

★ **પ્લેટિનમ ડાયરેક્ટર:** એક વર્ષમાં ૪૦૦ ડાયરેક્ટ જોઇનીંગ અને ૨૫૦૦૦૦૦ની ડાઉન લાઈન થાય તો ૨૫૦૦૦૦ હાઉસ ફંડ વન ટાઈમ તથા ૫૦૦૦૦૦ પેંશન વન ટાઈમ

"યાદ રહે આ કોઈ ઇન્વેસ્ટમેન્ટ પ્લાન નથી, અન્યોને જોડશો તો જ કમાશો."

જોડાવા માટે અમારા ફોન પે, પેટીએમ, ગુગલ પે નંબર ૯૮૨૫૩૧૮૨૨૫ માં રૂપિયા ૫૫૦/-અને જોઈનિંગ ગિફ્ટ મોબાઈલ એન્ટીરેડીએશન ચિપના કુરિયર ચાર્જ રૂપિયા ૧૦૦/- એમ કુલ ૬૫૦/- ટ્રાન્સફર કરો . ટ્રાન્જેક્સનનો ફોટો ૭૫૭૪૮૮૮૮૬૧ પર મોકલો તુરંત વધુમાં વધુ ત્રણ કલાકમાં આપના વોટ્સએપમાં જોઈનિંગ પીન આવી જશે. ત્યારબાદ **www.connectindians.in** વેબસાઈટ ખોલી મેનુમાં જઈ રજીસ્ટ્રેશન ખોલી સ્પોન્સર આઈડી **99999999 Dhananjay** આવશે તેની નીચે તમામ વિગતો ભરી સબમિટ કરો અને આપ જોડાઈ ગયાનો મેસેજ આવશે જેમાં આપનો આઈ ડી પાસવર્ડ આવશે જે સાચવી રાખવો.

"અન્ય ને પણ આજ રીતે **Market4u**ની કેટેગરી વાપરવા જોડો. ફક્ત જેતે સમયે બાય ડિફોલ્ટ આવેલા મારા આઈડી ૯૯૯૯૯૯૯૯૯ ને ડીલીટ કરી આપનો આઈડી લખો ને ડિટેલ ભરી સબમિટ કરાવો

મિત્રો આટલી આવક સરળતાથી ક્યાંય નહિ મળે www.jungegujarat.in

જે વ્યક્તિનું ફોર્મ ભર્યું હશે એ આપની નીચે ડાઉન લાઈન બની ગયો, બસ આટલું કરી અન્યોને એજ શીખવો અને આપ મેળવશો લેવલ પ્રમાણે અઢળક કમાણી.

આજે જ ૯૮૨૫૩૧૮૨૨૫ ના પેટીએમ ફોનપે કે ગૂગલ પે માં માત્ર ૬૫૦/-ભરો જેમાં ગિફ્ટ નો કુરિયર ચાર્જ આવી ગયો તો આજે જ આપની આવકનો શુભારંભ કરો

વધુ વિગત માટે કોલ કરો :
CEO MARKET4U, DHANANJAY ZAVERI, 9978406257
(સમય સવારે ૧૦ થી ૬ વાગ્યા સુધી જ)

તંત્રી સ્થાનેથી...

શિવસેનાને હવે કેજરીવાલ સારો લાગે છે

સત્તાનાં સમીકરણો ખૂબ જ ગૂંચવાડાભર્યા હોય છે, જે વ્યક્તિને તમે આઈટમ ગર્લ, જોકર કે મદારી જેવાં ઉપનામોથી નવાજ્યો હોય તેના જ તમારે ગુણગાન ગાવા પડે તે કેવી વિટંબણા છે. જ્યાર મહારાષ્ટ્રમાં કોંગ્રેસ અને એનસીપીને સથવારે શિવસેનાએ સરકાર બનાવી છે ત્યારથી શિવસેનાને ડગલે ને પગલે થૂકેલું ચાટવાની ગરજ પડી રહી છે. પછી ભલે એ સીએએનો મુદ્દો હોય કે બીજો કોઈ. આજે દિલ્હીમાં વિધાનસભાની ચૂંટણીનું મતદાન છે. છેલ્લાં પાંચ વર્ષમાં દિલ્હીમાં કેજરીવાલની સરકારે કંઈ સારું કામ ન કર્યું હોય તો કંઈ નહીં, પરંતુ કંઈ ખરાબ કામ તો નથી જ કર્યું, કદાચ આ કારણે જ ફરી વખત દિલ્હીની જનતા કેજરીવાલનો સાથ આપી શકે તેમ છે, પરંતુ એ મતદાતાઓના હાથની વાત છે. ૨૦૧૪થી ૨૦૧૮ જે શિવસેના સતત કેજરીવાલનો વિરોધ કરતી આવી છે તેને હવે કેજરીવાલ ગમવા માંડ્યા છે. દિલ્હીમાં ભાજપના ૨૦૦ સાંસદો, કેન્દ્રીય પ્રધાનો અને ખુદ અમિત શાહ તેમ જ નરેન્દ્ર મોદી પ્રચારમાં ઊતર્યા હોવા છતાં કેજરીવાલ તેમને ભારી પડી શકે છે અને છેલ્લાં પાંચ વર્ષમાં કેજરીવાલે જે સારાં કાર્યો કર્યા છે તેનો બદલો મતરૂપે દિલ્હીની જનતા આપી દેશે તેવી વાત શિવસેના કરી રહી છે અને આડકતરી રીતે ભાજપનું પાણી મપાઈ જશે તેમ કહી રહી છે, પરંતુ આ જ શિવસેનાએ ૨૦૧૪માં અરવિંદ કેજરીવાલને જોકર અને મદારીના ઉપનામથી નવાજ્યા હતા, આમ આદમી વાંદરાઓની પાર્ટી છે અને કેજરીવાલ મદારી છે તેવી વાત શિવસેનાએ કરી હતી, વળી એ જ સમયે દિલ્હી પોલીસ અને કેજરીવાલ વચ્ચે પડેલી અંટસ સમયે પણ ભાજપનો સાથ લઈ શિવસેનાએ કેજરીવાલની ટીકા કરી હતી અને સ્વાસ્થ્ય વિભાગ તમારી પાસે હોવા છતાં કેમ ડેન્ગ્યૂ પર નિયંત્રણ નથી લાવી શક્યા તેવી વાતો કરી હતી, એટલું જ નહીં ૨૦૧૫માં પણ દેશભરમાં પાકિસ્તાની કલાકારોના કાર્યક્રમો સામે વિરોધ ફાટી નીકળ્યો હતો એ સમયે પણ કેજરીવાલે ધરાર ગુલામઅલીને સુરક્ષા પૂરી પાડવામાં આવશે અને આપના કાર્યકરો પોલીસનું કામ કરશે તેવું જાહેર કર્યું ત્યારે દિલ્હીમાં થયેલા બળાત્કારના બે-ત્રણ કિસ્સાઓને ટાંકી પહેલા જનતાની સુરક્ષા કરો તેવું સૂચન પણ શિવસેનાએ સામના દ્વારા કર્યું હતું. આટલું ઓછું હોય તેમ જે સમયે દિલ્હી ક્રિકેટ બોર્ડના ગોટાળાને લઈ સ્વ. અરુણ જેટલી સામે આમ આદમી પાર્ટીએ મોરચો માંડ્યો હતો એ સમયે પણ શિવસેના વચમાં કૂદી પડી હતી અને આમ આદમી પાર્ટી તેમ જ કેજરીવાલની ટીકા કરી હતી અને જેટલીની બાજુએ ઊભા રહ્યા હતા.

હવે જ્યારે શિવસેનાનો સાથ ભાજપ સાથે છૂટ્યો છે અને એનડીએમાંથી પણ શિવસેના બહાર પડી છે ત્યારે આમ આદમી પાર્ટી તરફ જોવાના શિવસેનાના ચશ્માં બદલાઈ ગયા છે. હવે શિવસેનાના દિલ્હીની જનતાને આમ આદમી પાર્ટી અને કેજરીવાલે કરેલાં વિકાસ કાર્યોનો હવાલો આપી રહી છે. આમ કરીને શિવસેના ભાજપ સામેનું પોતાનું ખૂન્નસ કાઢી રહી છે. દિલ્હીમાં કોઈની પણ સરકાર આવે શિવસેનાને કંઈ લાગે વળગે નહીં, પરંતુ મહારાષ્ટ્રમાંના પોતાના સાથી પક્ષોને રાજી કરવા માટે દેશના કોઈ પણ ભાગમાં ચૂંટણી હોય ભાજપનો વિરોધ કરવો એ જરૂરી છે તેવું માનીને શિવસેના ભાજપની ટીકા કરી રહી છે. આમ કરવામાં ધીમે ધીમે પોતાની જ શાખ ખોઈ રહી છે. મહારાષ્ટ્રમાં હજુ પણ એક એવો વર્ગ છે જે માને છે કે શિવસેના એવો પક્ષ છે કે તે જે બોલે તે કરે છે, પરંતુ જે રીતે શિવસેના હાલમાં વર્તી રહી છે તે જોતાં સત્તાની ખુરશી સામે શિવસેનાના નેતાઓ પણ લાચાર થઈ ગયા છે અને આ લાચારીને કારણે કટ્ટર શિવસૈનિક શિવસેનાથી દૂર થઈ શકે તેમ છે તે શિવસેનાએ વહેલી તકે સમજવું જરૂરી છે. નહીં તો ભાજપને નુકસાન થતું થાશે પહેલું નુકસાન તો શિવસેનાને જ થવાનું છે.

ગાંધીજીના મૃતદેહનું રાજકારણઃ ડાબેરીઓએ હલકટાઈની હદ વટાવી

આ દેશમાં મહાત્મા ગાંધીના સિદ્ધાંતોને અભરાઈ પર ચડાવી દેવાયા છે ને કોઈને ગાંધીજીના રસ્તે ચાલવામાં રસ નથી. જો કે ગાંધીજી હજુ ચલણી સિક્કો છે ને તેમના નામને હજુ ચૂંટણીમાં વટાવી શકાય છે તેથી ગાંધીજીના નામે ચરી ખાવાનું ચાલુ છે. રાજકારણીઓ તેમના નામનો બેફામ દુરુપયોગ કરે છે ને રાજકીય લાભ લેવા મથ્યા કરે છે. આમ તો આઝાદી વખતથી આ જ હાલત છે પણ છેલ્લાં કેટલાક સમયથી ગાંધીજીનું નામ વટાવી ખાવાની રીતસરની હોડ જ જામી છે. અત્યારે હાલત એ છે કે, જ્યાં ને ત્યાં ગાંધીજીને ઘૂસાડીને તેમના નામે રાજકારણનો ધંધો ધમધોકાર ચલાવાઈ રહ્યો છે. આ ધંધો બધા ચલાવી રહ્યા છે ને વાસ્તવમાં તો જેમને ગાંધીજી સાથે કંઈ લેવાદેવા નથી એવા લોકો ગાંધીજીના નામને વટાવવામાં સૌથી આગળ છે. જો કે ડાબેરીઓ આ બધામાં સૌને ટપી ગયા છે.

કેરળમાં ડાબેરી મોરચાની સરકાર છે ને સીપીએમના પિનારાયી વિજયન મુખ્યમંત્રી છે. ડાબેરી પક્ષોએ ભેગા થઈને લેફ્ટ ડેમોક્રેટિક ફ્રન્ટ (એલડીએફ) નામે તંબૂ ઉભો કર્યો છે. આ તંબૂમાં આમ તો આઠ પક્ષ છે પણ સીપીએમ સૌથી મોટો પક્ષ છે તેથી તેના નેતા ગાદીપતિ બન્યા છે. સીપીઆઈ અને સીપીએમ એ બે મુખ્ય ડાબેરી પક્ષો સિવાય એનસીપી, જનતા દળ (એસ) સહિતના પક્ષો તેમાં છે. અપક્ષો સત્તા હોય ત્યાં બેસી જતા હોય છે તેથી પાંચ અપક્ષ ધારાસભ્યો પણ આ મોરચામાં છે. આ શંભુમેળો કેરળમાં ૨૦૧૬થી સત્તામાં છે ને શુક્રવારે આ સરકારનું બજેટ હતું. આવતા વર્ષે મે મહિનામાં વિધાનસભાની ચૂંટણી છે તેથી એ વખતે પૂર્ણ કક્ષાનું બજેટ ના આપી શકાય તેથી ડાબેરીઓએ લોકોને બજેટના રસ્તે રાજી કરવા હોય તો આ છેલ્લું બજેટ હતું ને તેમાં તેમણે ગાંધીજીનું નામ જે રીતે વટાવ્યું છે એ જોઈને આઘાત લાગી જાય.

કેરળના નાણાં પ્રધાન ટી.એમ. થોમસ આઈઝેકે રજૂ કરેલા બજેટના કવર પેજ પર રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીની હત્યા સમયની તસવીર છે. આ તસવીરમાં ગાંધીજી છાતીમાં ત્રણ ગોળી ખાધા પછી લોહીથી લથબથ થઈને સ્વયંસેવકના ખોળામાં ઢળી પડેલા છે ને તેમની આસપાસ ઉભેલા અનુયાયીઓ આઘાતમાં ગરકાવ થઈને રડી રહ્યા છે. ગાંધીજીએ દેહત્યાગ કર્યો એ વખતે તેમની સાથે ચાલી રહેલા અનુયાયીઓને આ ઘટનાથી ભારે આઘાત લાગ્યો હતો. તેમના ચહેરા પરના ભાવ આઘાતજનક હોય એ સ્વાભાવિક છે. ગાંધીજી ગુજરી ગયા એ વખતની આ સાચી તસવીર નથી પણ એક મલયાલમ ચિત્રકારે બનાવેલું આ ચિત્ર છે. આ ચિત્ર આંખોને ગમે એવું નથી પણ ચિત્રકારને ન્યાય કરવા ખાતર કહેવું જોઈએ કે તેણે એ વખતના માહોલને આબેહૂબ કેન્વાસ પર ઉતાર્યો છે.

થોમસ આઈઝેકે બજેટ રજૂ કરતાં પહેલાં આ ચિત્ર મીડિયાને બતાવ્યું. આ ચિત્ર બજેટના કવર પેજ પર છાપીને બહુ મોટું પરાક્રમ કર્યું હોય એમ તેમણે એલાન પણ કર્યું કે, ગાંધીજીની હત્યા કોણે કરી હતી એ લોકો ભૂલી ના જાય એટલે આ તસવીર છાપી છે. મહાત્માની હત્યા થઈ હતી અને આ હત્યા હિંદુ કોમવાદીઓએ કરી હતી કે જેમને આજે કેન્દ્રની સરકાર તથા શાસક પક્ષ બંને માન આપે છે. આઈઝેકના કહેવા પ્રમાણે, કેરળની સીપીએમની આગેવાની હેઠળની એલડીએફ સરકાર સ્પષ્ટ સંદેશો આપવા માગે છે કે અમે તો આ વાત યાદ રાખીશું જ પણ લોકો પણ આ વાત નથી ભૂલવાના.

કેરળમાં ભાજપ ક્યાંય ચિત્રમાં નથી. ૧૪૦ સભ્યોની વિધાનસભામાં ભાજપનો ગણીને એક સભ્ય છે ને તેના સાથી પક્ષનો એક મળીને બે જણા થાય છે તેથી ભાજપ વિધાનસભામાં આ હરકત સામે હોહા કરી શકે એવી હાલતમાં નથી પણ કૉંગ્રેસને પણ આ હરકત માફક નથી આવી. કેરળમાં કૉંગ્રેસ અને મુસ્લિમ લીગનું જોડાણ છે ને બંનેએ આ હરકતને વખોડી છે. વિધાનસભામાં વિપક્ષના નેતાપદે રમેશ ચેન્નીથલા છે ને તેમણે સાફ શબ્દોમાં કહ્યું કે, અમે બધા આરએસએસ-ભાજપ સહિતનાં હિંદુવાદી પરિબળો સામે લડીએ છીએ પણ બજેટ કવર પર આ રીતે ગાંધીજીની તસવીર મૂકવી યોગ્ય નથી. બજેટ અલગ મુદ્દો છે ને તેને આ બધી વાતોથી પર રાખવું જોઈએ. મુસ્લિમ લીગના એમ.કે. મુનીરે તો વળી વધારે આકરા શબ્દોમાં ઝાટકણી કાઢી છે. તેમના કહેવા પ્રમાણે ગાંધીજીનું સ્થાન આપણા હૃદયમાં હોવું જોઈએ ને તેમનો રાજકીય ફાયદા માટે ઉપયોગ ના કરવો જોઈએ. તેના બદલે અહીં તો બજેટના કવર પર તેમની હત્યાની તસવીર છાપી દીધી. તેનો અર્થ એ થાય કે, મત મેળવવા ગાંધીજીના નામને વટાવાઈ રહ્યું છે.

મુનીરની વાત સાચી છે પણ આઘાત એ જોઈને લાગે કે, મતબેંકની લ્હાયમાં ડાબેરીઓએ બધી મર્યાદા નેવે મૂકી દીધી ને સાવ હલકટાઈ પર ઊતરી આવ્યા. આપણે ત્યાં સૌજન્ય ખાતર પણ મૃતદેહની તસવીર બતાવવાનું ટાળવામાં આવે છે. આ ભારતીય પંરપરા છે કેમ કે મૃત્યુ કંઈ ઉત્સવનો પ્રસંગ નથી. તેમાં પણ કોઈની હત્યા થઈ હોય ત્યારે તો તેના મૃતદેહને બતાવવાનું કોઈ પસંદ ના કરે. મીડિયાનો ધંધો આ બધી વાતો પર ચાલે છે છતાં મીડિયા પણ આ પ્રકારની તસવીરો બતાવવાનું ટાળે છે ત્યારે ડાબેરીઓએ તો એ પણ ના છોડ્યું. આપણ કહીએ છીએ કે, ડાકણ પણ બે ઘર તો છોડી દેતી હોય છે ત્યારે ડાબેરીઓ તો તેમનાથી પણ ગયેલા નિકળ્યા છે.

ગાંધીજીનો લોહીમાં લથબથ મૃતદેહ બતાવીને ડાબેરીઓ ગાંધીજીની લાશ પર મત લેવા નિકળ્યા છે એ જોઈને ખરેખર ગુસ્સો આવે છે. તમને ગાંધીજી પર એટલો પ્રેમભાવ હોય ને આદર હોય તો ગાંધીજીની સાદી તસવીર બજેટના કવર પેજ પર મૂકો ને, તમને કોણ રોકે છે? એ કરવું નથી ને વેરઝેરનાં વાવેતર કરવા ગાંધીજીનો મૃતદેહ બતાવી દીધો. તમને યાદ રાખવાના એટલા બધા અભરખા હોય તો ગાંધીજીના સિદ્ધાંતોને યાદ રાખો, તેનો અમલ કરો. ડાબેરીઓએ એ કરવું નથી ને ગાંધીજીની લાશ પર મત માગવા નિકળ્યા છે. ગાંધીજીના સિદ્ધાંતોની વાત કરવામાં ડાબેરીઓને પેટમાં ચૂંક આવે છે પણ મત મેળવવા તેમના મૃતદેહને બતાવવામાં કોઈ શરમ નથી આવતી. ડૂબી મરો ડૂબી.

બીજું એ કે ડાબેરીઓને ગાંધીજી સાથે શું લેવાદેવા? આઝાદીની લડત વખતે સીપીએમ નહોતો પણ કોમ્યુનિસ્ટ પાર્ટી ઓફ ઈન્ડિયા (સીપીઆઈ) એક જ હતી ને ભારત છોડો લડત વખતે અંગ્રેજોના પીઠ્ઠુ હતા. એ લોકો ગાંધીજીની લડતને ટેકો પણ નહોતા આપતા ને હવે ગાંધીજીના નામને વટાવવા નિકળ્યા છે.

જ્યાં સુધી ગાંધીજીની હત્યામાં હિંદુવાદી પરિબળોની સંડોવણીની વાત છે, હિંદુ મહાસભા સિવાય બીજા કોઈ પક્ષના કે હિંદુવાદી સંગઠનના કાર્યકરો તેમા સામેલ નહોતા એ સાબિત થયેલી વાત છે. ગાંધીજીની હત્યા માટે ભાજપની પિતૃસંસ્થા રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ કે બીજાં હિંદુવાદી સંગઠનોને વરસોથી ગાળો દેવાય છે. કૉંગ્રેસ સહિતના તમામ રાજકીય પક્ષો આ પ્રકારના આક્ષેપો વરસોથી કર્યા જ કરે છે ને તેમાં દમ નથી. બલ્કે ભાજપને તો ગાંદીજીની હત્યા સાથે નાહવા નિચોવવાનો સંબધ નથી. ગાંદીજીની હત્યાના મામલે ભાજપના પૂર્વાવતાર સમા જનસંઘના અગ્રણી શ્યામાપ્રસાદ મુખરજીએ જે સિદ્ધાંતનિષ્ઠા બતાવી હતી એ જોયા પછી તો ભાજપ સામે આંગળી ચીધવાનો કોઈને અધિકાર જ નથી.

ભાજપનાં મૂળિયાં જનસંઘમાં છે ને શ્યામાપ્રસાદ મુખરજીએ જનસંઘની સ્થાપના કરી હતી. મુખરજીએ જનસંઘની સ્થાપના કરવી પડી તેના મૂળમાં જવાહરલાલ નહેરુની હિંદુઓને અન્યાયકર્તા નીતિઓ જવાબદાર હતી. શ્યામાપ્રસાદ મુખરજી દેશની પહેલી સરકારમાં પ્રધાન હતા. નહેરૂએ શ્યામાપ્રસાદને ઉદ્યોગ અને પુરવઠા પ્રધાન બનાવેલા. નહેરૂની પહેલી સરકારમાં ૧૫ પ્રધાનો જ હતા ને તેમાંથી એક શ્યામાપ્રસાદ હતા. તેના પરથી જ શ્યામાપ્રસાદનું રાજકીય કદ મોટું હશે તે ખબર પડી જાય પણ શ્યામાપ્રસાદ રાષ્ટ્રવાદને વરેલા હતા. નહેરુની કાશ્મીર નીતિઓના કારણે તેમણે પ્રધાનપદ છોડીને સિદ્ધાંતનિષ્ઠાનો પરચો આપેલો પણ એ પહેલાં ગાંધીજીની હત્યાના મામલે પણ તે આ મિજાજ બતાવી ચૂક્યા હતા.

મહાત્મા ગાંધીની હત્યા કરનારો નથુરામ ગોડસે હિંદુ મહાસભાનો સભ્ય હતો. ગાંધીજીની હત્યા પછી હિંદુ મહાસભા અને વીર સાવરકર સામે આંગળી ચીધાયેલી પણ તેમની સંડોવણી કદી સાબિત નહોતી થઈ. શ્યામાપ્રસાદ એ વખતે હિંદુ મહાસભાના સભ્ય હતા ને શ્યામાપ્રસાદે આ આક્ષેપોને એકદમ ગંભીરતાથી લીધા હતા. મુખરજી એ વખતે હિંદુ મહાસભામાં લગભગ સર્વેસર્વા હતા પણ ગાંધીજીની હત્યામાં હિંદુ મહાસભા સામે આંગળી ચીધાઈ કે તરત તેમણે આ પક્ષ જ છોડી દીધો હતો. શ્યામાપ્રસાદની સિદ્ધાંત નિષ્ઠાનો આ પુરાવો છે. ભાજપનો તો એ વખતે જન્મ પણ નહોતો થયો તેથી ભાજપને તો ગાંધીજીની હત્યા સાથે સાંકળવાનો સવાલ જ પેદા થતો નથી પણ તેના પૂર્વાવતાર જનસંઘની સ્થાપના પણ એવા માણસે કરેલી કે જેને ગાંધીજીનો હત્યારો નાથુરામ ગોડસે પોતાના પક્ષનો સભ્ય હોય એ પણ મંજૂર નહોતું.

લેડી રોબોટનો યુગ આવી રહ્યો છે

આવર્ષના એટલે કે ૨૦૨૦ના વીતેલા જાન્યુઆરી મહિનાની બાવીસમી તારીખે ઈસરોના બેંગલુરુ સ્થિત મુખ્યાલયમાં આયોજિત પ્રેસ કૉન્ફરન્સમાં પત્રકારોએ જોયું કે સેન્ટર ટેબલ પર બેઠેલી અને પત્રકારોને સંબોધવા તત્પર હોય એવી એક મહિલા કંઈક અંશે જુદી છે. કોઈ એને કશું પૂછે એ પહેલા એણે જ પોતાની ઓળખાણ આપી, ×હેલો, ફ્રેન્ડ હું વ્યોમમિત્રા છું. હું બોલી શકું છું. હું તમારી વાત સાંભળી શકું છું અને તમારા સવાલના જવાબ પણ આપી શકું છું. હા, આ અવકાશયાત્રી વ્યોમમિત્રાના શબ્દો હતા, જે એણે પત્રકારોને કહ્યા હતા. વ્યોમમિત્રા કોઈ મહિલા નથી, પણ મહિલાનો ચહેરો ધરાવતો હાફ હ્યુમનોઈડ એટલે કે રોબોટ છે, જે માણસની જેમ હરીફરી શકે છે. માનવીય હાવભાવને સમજી શકે છે. પૂછેલા સવાલનો જવાબ આપી શકે છે અને ક્યારેક વળી સામો સવાલ પણ કરી શકે છે. ખરેખર તો આ એવો હ્યુમનોઈડ છે જેના શરીરનો આકાર માનવ આકાર જેવો બનાવી શકાય છે.

એ આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ વડે માણસની જેમ દરેક બાબતોનો નિવેડો લાવે છે. આ હ્યુમનોઈડ એ વિજ્ઞાનનો નવો કોઈ જ ચમત્કાર નથી. એની વિકાસયાત્રા હજારો સાલ જૂની છે, એ સત્ય છે. એ સમયે કોઈ પણ રીતે આધુનિક રોબોટિક્સનું કોઈ અસ્તિત્વ નહોતું, પણ હાલની ક્ષમતા ધરાવતા હ્યુમનોઈડ હાલના થોડાં વર્ષોના રોબોટિક્સની કમાલ છે. એ સંદર્ભે એમ કહીએ કે હમણાં તો વ્યોમમિત્રાનો પરિવાર બહુ નાનો છે, તો એમાં કશી અતિશયોક્તિ નથી. અત્યારે મહિલા જેવા દેખાતા રોબોટની સંખ્યા કદાચ એક ડઝન કરતાં વધારે નહીં હોય, પણ લાગે છે કે ટૂંક સમયમાં જ લેડી હ્યુમનોઈડનો યુગ આવવાનો છે. એ પણ ફક્ત વિજ્ઞાનનાં જોખમભરેલાં કામો કરવા માટે જ નહીં, પણ રોજિંદા કામકાજની સાથે શાંતિ આપનારી લાઈફસ્ટાઈલ માટે પણ!

આવો વિચાર એટલા માટે આવ્યો છે, કારણ કે ઘરના કામકાજ માટે રોબોટ બનાવનારી જાપાની કંપની સોનીને આવા જ જીવતાં લેડી રોબોટ બનાવવાની ડિમાન્ડ મળી છે. જોકે, કંપનીએ ગ્રાહકોના અંગતપણાને કારણે પોતાના ઑર્ડરકર્તાઓના નામ જણાવ્યા નથી, પણ એવો અંદાજ મૂકવો મુશ્કેલ નથી કે આવનારા દિવસોમાં સુંદર લેડી હ્યુમનોઈડની માગ વધશે. આપણે આ પ્રકારના હ્યુમનોઈડની વાત કરીએ એ પહેલા જાણી લઈએ ઈસરોએ વ્યોમમિત્રાનો જન્મ શા ઉદ્દેશ્યથી કર્યો છે?

વ્યોમમિત્રાનો વિકાસ શા માટે કરાયો?

વર્ષ ૨૦૨૨ સુધીમાં ઈસરો માનવને અવકાશમાં મોકલવા માગે છે. આ અવકાશી પ્રવાસ સલામત રહે અને અવકાશ યાત્રી પરત ફરે એવા આશયે ઈસરો ક્રુ મોડ્યૂલ અને રોકેટ સિસ્ટમ વિકસાવવામાં સમયની સાથે હોડમાં ઊતર્યું છે. ડિસેમ્બર ૨૦૨૧માં ઈસરો આ 'લેડી રોબોટ' વ્યોમમિત્રાને અંતરિક્ષના મિશનમાં રવાના કરશે. એ એવી તમામ પ્રકારની કામગીરી બજાવશે કે બજાવવાની અપેક્ષા ભારતીય અવકાશયાત્રીઓ પાસેથી છે. જે અન્ય રાષ્ટ્રોએ સફળતાપૂર્વક માનવ સહિત અવકાશયાનો પાઠવ્યા છે તે લગભગ તમામ રાષ્ટ્રોએ તેમના રોકેટો અને ક્રુ પરત લાવવાની સિસ્ટમ્સનાં પરીક્ષણ માટે પ્રાણીઓનો ઉપયોગ કર્યો હતો જ્યારે ઈસરો અવકાશમાં માનવીને મોકલીને તેને પરત લાવવા માટે તેના જીએસએલવી એમકે-થ્રી રોકેટ સિસ્ટમની અસરકારકતાનું પરીક્ષણ કરવા માટે આવા હ્યુમનોઈડનો ઉપયોગ કરશે. વિક્રમ સારાભાઈ સ્પેસ સેન્ટર ખાતેની રોબોટિક્સ લેબોરેટરીમાં આ પ્રકારના હ્યુમનોઈડ વિકાસ હેઠળ છે.

ઈસરોનું જીએસએલવી એમકે-થ્રી રોકેટ હાલમાં માનવ સફર માટે ખાતરીલાયક છે તે અંગે સુધારણા હેઠળ છે, બીજા શબ્દોમાં કહી શકાય કે, માનવીને અવકાશમાં લઈ જવા તે સલામત છે એમ જાહેર કરવા અગાઉની ચકાસણી, પરીક્ષણ અને સુધારણા હેઠળ છે. માણસને માટેની તમામ જરૂરિયાતો ધરાવતા રોકેટમાં ઈસરોની પહેલી અમાનવ અવકાશયાત્રા ડિસેમ્બર, ૨૦૨૧માં નિર્ધારિત છે. ક્રુ મોડ્યૂલ સિસ્ટમ પણ વિકાસના સ્તરે છે અને ઈસરો નવા પરીક્ષણ માટેના લોન્ચ રોકેટોના ઉપયોગથી મોડ્યૂલને લોન્ચ કરવા તથા તેને પરત મેળવવા આગામી મહિનાઓમાં સંખ્યાબંધ પરીક્ષણો કરશે. પોતાના અવકાશી પ્રકલ્પો માટે ઈસરો પાસે રોબોટિક્સ સિસ્ટમ તૈયાર કરવાનો નોંધપાત્ર અનુભવ છે. પત્રકાર પરિષદમાં ખુદ વ્યોમમિત્રાએ જ પોતાની કામગીરી વિશે જણાવીને આશ્ચર્યચકિત કરી દીધા હતા. એણે કહ્યું હતું કે, ×હું હાફ હ્યુમનોઈડની પ્રોટોટાઈપ છું. મને પહેલા માનવરહિત ગગનયાન મિશન માટે બનાવવામાં આવી છે. હું પેરામિટર મોડ્યૂલની નિગરાણી કરી શકું છું તથા પેનલ ઑપરેશન શરૂ કરવા જેવી કાર્યવાહી પણ કરી શકું છું.

કેવી રીતે કામ કરે છે હ્યુમનોઈડ?

હ્યુમનોઈડ એટલે કે માણસની શકલ તથા હાવભાવ ધરાવતા રોબોટના બે ખાસ હિસ્સા હોય છે, જે તેમને માણસની જેમ પ્રતિક્રિયા આપવામાં અને ચાલવામાં, હરવાફરવામાં મદદ કરે છે. આ બે હિસ્સા છે સેન્સર્સ અને એક્ચ્યૂએટર્સ. સૌથી પહેલા તે સેન્સરની મદદથી હ્યમનોઈડ પોતાની આસપાસના વાતાવરણને સમજે છે. કેમેરા, સ્પીકર અને માઈક્રોફોન જેવા ઉપકરણ સેન્સર્સ દ્વારા જ નિયંત્રિત કરવામાં આવે છે. હ્યુમનોઈડ એ બધાની મદદ વડે જોવાનું, બોલવાનું અને સાંભળવાનું કામ કરે છે જ્યારે એક્ચ્યુએટર એ ખાસ પ્રકારની મોટર છે જે હ્યુમનોઈડને માણસની જેમ હરવાફરવામાં તથા હાથ-પગનું સંચાલન કરવામાં મદદ કરે છે. સામાન્ય રોબોટની તુલનામાં એક્ચ્યુએટર્સની મદદ ધરાવતા હ્યુમનોઈડ ખાસ પ્રકારના અને વધારાના એક્શન કરી શકે છે. એટલે જ- એ મનોરંજન પણ કરી શકે છે.

વર્ષ ૨૦૧૪માં આવેલી કાલ્પનિક વિજ્ઞાન-કથા કહેતી અવકાશ અને ટાઈમ ટ્રાવેલ પરની ફિલ્મ 'ઈન્ટરસ્ટેલર' એ 'ટાર્સ' નામે ઓળખાતી આર્ટિફિશિયલ-ઈન્ટેલિજન્સ અને રોબૉટિક્સ દ્વારા શક્તિ મેળવતી કમ્પ્યૂટર સિસ્ટમ છે, જે અવકાશવીરો સાથે વાત કરે છે અને તેમને તેમના મિશનની કાર્યવાહીમાં મદદગાર થાય છે તે અવકાશયાત્રીઓને સમય આવ્યે બચાવે પણ છે. ટાર્સ એ હ્યુમનોઈડ નથી, પણ અપવાદરૂપ ક્ષમતા અને આવડત ધરાવનારી એક રોબૉટિક સિસ્ટમ છે. સમાનવ અવકાશયાત્રા માટેની સંભાવનાઓ તપાસનારી હ્યુમનોઈડ 'વ્યોમમિત્રા' એ આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ અને રોબૉટિક સિસ્ટમ ધરાવતી ટાર્સ પ્રકારની એકદમ પાયાની આવૃત્તિ હશે. 'વ્યોમમિત્રા' અમાનવ અવકાશયાનના ક્રુ મોડ્યૂલમાં રહેલાં ઉપકરણો અને પ્રક્રિયા સહિત વપરાશ કરશે. જેમાં સલામતીની યંત્રણા અને સ્વીચોનો સમાવેશ થાય છે. ઉપરાંત તે ધરતી પરના નિયંત્રણકક્ષમાંથી મળનારા આદેશો પ્રાપ્ત કરીને તે પ્રમાણે કાર્ય કરશે. તે લોન્ચ અને ભ્રમણકક્ષાની સ્થિતિ મેળવશે, પર્યાવરણ અને આબોહવાને પ્રતિક્રિયા કે પ્રત્યુત્તર આપશે, ચેતવણીઓના સંદેશા તૈયાર કરી શકશે. કાર્બન ડાયોક્સાઈડના કેનિસ્ટરો બદલાવી શકશે. જુદી જુદી સ્વીચો ચલાવી શકશે. ક્રુ મોડ્યૂલનું નિયમન કરશે. અવાજથી અપાનારા આદેશો-વૉઈસ કમાન્ડ મેળવશે અને બોલીને તેનો પ્રત્યુત્તર આપશે, જે દ્વિભાષી સંચાલન હશે. આ હ્યુમનોઈડ માટે આટલા કામની યાદી તૈયાર છે અને તે પ્રમાણે તે કામ કરશે!

વ્યોમમિત્રાનો મહિલા જેવો માનવીય ચહેરો હોઠ ફફડાવીને બોલી શકશે. તેના હોઠની હિલચાલ તેના બોલવાની ભાષા પ્રમાણે થશે. આ હ્યુમનોઈડ વ્યોમમિત્રાને તાજેતરમાં જાહેરમાં રજૂ કરાઈ હતી. સમાનવ અવકાશી સફર દરમિયાન અવકાશયાનના લોન્ચ, લેન્ડિંગ અને ભ્રમણકક્ષાના દરેક તબક્કામાં યાનની સ્થિતિ અંગે જાણકારી આપશે. વળી, વ્યોમમિત્રા ધરતી પર પણ અવકાશી પ્રવાસ અને પરતાગમન દરમિયાન ક્રુ મોડ્યૂલમાં થતાં ફેરફારો વિશે પણ અહેવાલ આપશે.

દુનિયામાં બીજા કયા આવા હ્યુમનોઈડ છે?

એવા અનેક અવકાશી સાહસો થયા છે, જેમાં ડમી અવકાશવીરો પાઠવાયા છે. વ્યોમમિત્રા જેવા તો અનેક હ્યુમનોઈડ ઉપયોગમાં લેવાયા છે. આવા પ્રકારની એકદમ તાજી કામગીરી માર્ચ ૨૦૧૯માં થઈ હતી, જેમાં ડમી અવકાશવીર પાઠવાઈ હતી. એમાં રિપ્લી નામની મેનિક્વીનને સ્પેસએક્સ ફાલ્કન રોકેટ દ્વારા લોન્ચ કરાયેલા ડ્રેગન ક્રુ કૅપ્સ્યૂલમાં પાઠવાઈ હતી અને તેને ઈન્ટરનેશનલ સ્પેસ સ્ટેશન (આઈએસએસ) ખાતે રવાના કરાઈ હતી. નાસા માટે વર્ષ ૨૦૨૦માં સમાનવ યાન પાઠવવાની કામગીરી સ્પેસએક્સ ફાલ્કન કરશે. રિપ્લીને એ કાર્યવાહી માટે અવકાશી સફરના લેખાજોખા મેળવવા પાઠવાઈ હતી. એરબસ દ્વારા સિમોન (ક્રુ ઈન્ટરએક્ટિવ મોબાઈલ કમ્પેનિયન)નામનો આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ રોબૉ-બૉલ આઈએસએસ ખાતે પાઠવાયો હતો તો જક્સા સ્પેસ એજન્સી દ્વારા આઈએસએસ ખાતે ઈન્ટ-બૉલ નામનો ફ્લોટિંગ કૅમેરા-રોબૉ અવકાશમાં પાઠવાયો હતો.

જાપાનમાં બનાવાયેલો 'કિરોબો' નામનો હ્યુમનોઈડ અવકાશયાત્રીને આઈએસએસના પહેલા જાપાનીસ કમાન્ડર કોઈચી વાકાટાની સાથે આઈએસએસ ખાતે પાઠવાયો હતો. તેની ભૂમિકા સ્પેસ સ્ટેશનમાં પ્રયોગો કરવામાં અવકાશયાત્રી કમાન્ડર વાકાટાના મદદનીશ તરીકેની હતી. રશિયન હ્યુમનોઈડ રોબૉ 'ફેડોર'ને વર્ષ ૨૦૧૯માં આઈએસએસ ખાતે મોકલવામાં આવ્યો હતો. તેનું કામ સ્પેસ સ્ટેશનમાં મિકેનિકલ કાર્યવાહી કરવાનું હતું.

'ત્રણ સુંદરી'ઓ તરીકે ઓળખાયેલા ત્રણ રોબોટે પણ નામના મેળવી હતી. આ રોબોટ સુંદરીઓએ જગત આખાનું ધ્યાન પોતાના તરફ ખેંચ્યું હતું. ત્રણ સુંદરીના નામ હતા, સોફિયા, કોડોમોરોઈઝ્ડ અને જિયા-જિયા. સૌથી પહેલા સોફિયાએ આખી દુનિયાનું ધ્યાન ખેંચ્યું હતું. એ માત્ર સૌથી વધારે જાણીતો હ્યુમનોઈડ જ નથી, પણ જગતનો પહેલો રોબોટ નાગરિક પણ છે. ત્રણ વર્ષ અગાઉ ૧૧મી ઑક્ટોબર, ૨૦૧૭માં સંયુક્ત રાષ્ટ્રસંઘમાં એનો પરિચય કરાવાયો હતો. એ જ વર્ષે ૨૫મી ઑક્ટોબરે સોફિયાને સાઉદી અરબની નાગરિકતા પણ મળી હતી. સોફિયા ભારતની મુલાકાતે આવી ગઈ છે.

બીજી સ્ત્રી હ્યુમનોઈડ છે, કોડોમોરોઈઝ્ડ. એ જાપાનમાં બનેલો હ્યુમનોઈડ છે. જાપાનમાં એ ટેલિવિઝન પર કાર્યક્રમની રજૂઆત કરે છે. કોડોમોરોઈઝ્ડ અનેક ભાષા બોલે છે. એ સમાચાર વાંચવાની અને મોસમની જાણકારી આપવામાં માહેર છે. ત્રીજો હ્યુમનોઈડ જિયા-જિયા ચીને વિકસાવ્યો છે. તેને દુનિયા સમક્ષ લાવતા પહેલા ચીને ત્રણ વર્ષ સુધી સાયન્સ ઍન્ડ ટૅક્નોલૉજી ખાતે તેનું પરીક્ષણ કર્યું હતું. 'વ્યોમમિત્રા' આ જ કુળની ચોથી અને અત્યાર સુધીની સૌથી વધારે સક્ષમ હ્યુમનોઈડ છે.

ફિલ્મી ગપસપ...

પહેલા દિવસે 'મલંગ'ની ૬.૭૧ કરોડ અને 'શિકારા'ની ૧.૨૦ કરોડની કમાણી



મુંબઈ

૭ ફેબ્રુઆરીએ મલ્ટિસ્ટારર ફિલ્મ 'મલંગ' અને કાશ્મીરી પંડિતોની વ્યથા વ્યક્ત કરતી ફિલ્મ 'શિકારા' રિલીઝ થઈ હતી. 'મલંગ' ફિલ્મે પહેલા દિવસે ૬.૭૧ કરોડ રૂપિયાની કમાણી કરી હતી જેની સામે તમામ નવોદિત અભિનેતાઓ સાથે બનેલી 'શિકારા' ફિલ્મે ૧.૨૦ કરોડ રૂપિયાની કમાણી કરી છે. ડિરેક્ટર મોહિત સુરીની રિવેન્જ ડ્રામા 'મલંગ'ની સ્ટારકાસ્ટમાં અનિલ કપૂર, આદિત્ય રોય કપૂર, દિશા પટની અને કુણાલ ખેમુ લીડ રોલમાં છે.

ફિલ્મમેકર વિધુ વિનોદ ચોપરાની ફિલ્મ 'શિકારા' કાશ્મીરી પંડિતોના સ્થળાંતર પર આધારિત છે. ૩૦ વર્ષ પહેલાં કાશ્મીરમાંથી ચાર લાખ જેટલા કાશ્મીરી પંડિતોને બેઘર કરી દેવાયા હતા. આ ફિલ્મમાં લીડ રોલમાં ન્યૂકમર્સ સાદિયા અને આદિલ ખાન છે. આ ફિલ્મ વિધુ વિનોદ ચોપરાની ડિરેક્ટર તરીકેની કમબેક ફિલ્મ છે.

રવિન્દ્ર સરોવરમાં ભોજન બનાવવા તથા પ્લાસ્ટિકના ઉપયોગ પર 'બોબ બિસ્વાસ'નો વિરોધ



મુંબઈ

અભિષેક બચ્ચને ૨૪ જાન્યુઆરીથી 'બોબ બિસ્વાસ'નું શૂટિંગ કોલકાતામાં શરૂ થયાની જાહેરાત કરી હતી. અભિષેક બચ્ચને સેટ પરની તસવીરો પણ શેર કરી હતી. આ ફિલ્મ વર્ષ ૨૦૧૨માં આવેલી 'કહાની'માં આવેલા પાત્ર બોબ બિસ્વાસ પર આધારિત છે. જોકે, હવે અભિષેકની ફિલ્મ મુશ્કેલીમાં ફસાઈ છે.

'બોબ બિસ્વાસ'ના મેકર્સે કોલકાતાના રવિન્દ્ર સરોવરમાં નેશનલ ગ્રીન ટ્રિબ્યૂનલે નિર્ધારિત કરેલા નિયમોનું ઉલ્લંઘન કરીને શૂટિંગ ચાલુ રાખ્યું હતું. પ્રોડ્યૂસર્સે સરોવરની અંદર ભોજન બનાવ્યું અને પ્લાસ્ટિકનો ઉપયોગ કર્યો હતો, જેને કારણે ફિલ્મનો વિરોધ થઈ રહ્યો છે. એનજીટીએ આના પર પ્રતિબંધ મૂક્યો છે. રવિન્દ્ર સરોવરના મોર્નિંગ વોકર્સ એસોસિયેશને પણ આ મુદ્દે વિરોધ દર્શાવ્યો હતો. જ્યારે તેમણે આ અંગે વિરોધ પ્રગટ કર્યો તો ક્રૂ મેમ્બર્સે કહ્યું હતું કે આ તમામ સવાલોના જવાબ નિર્માતા સુજોય ઘોષ આપશે.

જોકે, કોલકાતા મેટ્રોપોલિટન ડેવલપમેન્ટ ઓથોરિટીના સીઈઓ સંતરા આચાર્યે કહ્યું હતું કે 'બોબ બિસ્વાસ' પાસે શૂટિંગ સંબંધિત તમામ જરૂરી પરવાનગી છે. તેમણે નેશનલ ગ્રીન ટ્રિબ્યૂનલના એક પણ નિયમોનું ઉલ્લંઘન કર્યું નથી.

કંગના રનૌતે 'થલાઈવી' માટે ૧૦ કિલો વજન વધાર્યું

મુંબઈ

કંગના રનૌતને ફિલ્મ 'તનુ વેડ્સ મનુ'ના શૂટિંગ દરમિયાન બાઈક અકસ્માતમાં પર ટાંકા આવ્યા હતાં. આ વાતની માહિતી કંગનાની બહેન રંગોલીએ ટ્વિટર પર આપી હતી. રંગોલીએ કહ્યું હતું કે 'મણિકર્ણિકા'ના શૂટિંગ દરમિયાન કપાળમાં ૧૫ ટાંકા આવ્યા હતાં. રંગોલીના મતે, કંગના ફિલ્મ માટે પોતાના સ્વાસ્થ્યની પણ ચિંતા કરતી નથી. તેણે 'થલાઈવી' માટે વજન વધાર્યું છે. રંગોલીએ ટ્વીટ કરીને કહ્યું હતું, 'તનુ વેડ્સ મનુ'માં બાઈક સાથે અકસ્માત થતાં કંગનાને પગમાં પર ટાંકા આવ્યા હતાં. 'મણિકર્ણિકા'ના શૂટિંગ દરમિયાન તલવાર વાગતા કપાળમાં ૧૫ ટાંક આવ્યા હતાં. હવે, તેણે સ્વાસ્થ્યની ચિંતા કર્યા વગર 'થલાઈવી' માટે વજન વધાર્યું છે. જે કલાકારો માનવીય મર્યાદાઓને એક બાજુ મૂકીને ટ્રાન્સફોર્મેશન કરે છે તે તમામને સલામ. તમિલનાડુની રિપોર્ટર શ્રીદેવી શ્રીધરે કંગનાની એક તસવીર સોશિયલ મીડિયામાં પોસ્ટ કરી હતી. આ તસવીર 'થલાઈવી'ના સેટ પરની હતી. તસવીર પોસ્ટ કરીને રિપોર્ટરે કહ્યું હતું, પ્રોસ્થેટિક મેકઅપ નથી, વીએફએક્સ નથી. કંગનાએ જયલલિતાની બાયોપિક માટે ૮-૧૦ કિલો જેટલું વજન વધાર્યું છે.



દેશની રાજધાની દિલ્હીમાં આજે વિધાનસભાની ચૂંટણી માટે મતદાન ચાલી રહ્યું છે. એક્ટ્રેસ તાપસી પન્નુએ સવારમાં જ પરિવાર સાથે મત આપીને પોતાની ફરજ નિભાવી છે. તાપસીએ તેનાં માતા-પિતા અને બહેન સાથેનો વોટિંગ માર્કવાળો ફોટો સોશિયલ મીડિયા પર શેર કરીને લખ્યું કે, 'પન્નુ પરિવારે વોટ કરી દીધો છે. શું તમે કર્યો?

પુનમ પાંડેએ શિલ્પાના પતિ રાજ કુન્દ્રા પર કર્યો ક્રિમિનલ કેસ

મુંબઈ

શિલ્પા શેટ્ટીના પતિ રાજ કુન્દ્રા વિરુદ્ધમાં પોલીસે એફઆઈઆર લખવાની ના પાડતાં અભિનેત્રી પુનમ પાંડે હવે બોમ્બે હાઈકોર્ટનો દરવાજો ખખડાવવાની છે. આ બધો વિવાદ પુનમ પાંડેએ છદ્ધિર્જીદ્બી સીદ્બૈઙ્ક સાથે ૨૦૧૯માં સાઈન કરવામાં આવેલા એક કોન્ટ્રાક્ટ સાથે શરૂ થયો હતો. આ કંપની એક એપ બનાવવાની હતી. એમાંથી જે ફાયદો મળે એમાં એક ભાગ આપવાનું નક્કી કરવામાં આવ્યું હતું પરંતુ પુનમ પાંડેને પોતાનો ભાગ ન મળ્યો.

પુનમના જણાવ્યા અનુસાર, આ કોન્ટ્રાક્ટ પુનમે રદ કરી નાખ્યો હતો. કારણ કે એને ખબર પડી કે ભાગ પાડવામાં આ લોકો એમની સાથે ભેદભાવ કરી રહ્યા છે. જેવો જ આ કોન્ટ્રાક્ટ રદ કર્યો એ પછી પુનમને પ્રાઈવેટ નંબર પર કોલ ઉપર કોલ શરૂ થયા હતા. કોલ કરીને તેને અલગ અલગ પ્રકારના અનુરોધ કરવામાં આવતાં હતા.

પુનમે જણાવ્યું કે, તેણે આ વાત પોલીસમાં જઈને કેસ દાખલ કરવાનું કહ્યું. પરંતુ રાજ કુન્દ્રા વિરુદ્ધ કેસ લખવાની જ પોલીસે ના પાડી દીધી. હવે પુનમે કોર્ટનો દરવાજો ખખડાવવાનો નિર્ણય કર્યો છે. રિપોર્ટ પ્રમાણે પુનમ ત્રણ મહિના માટે દેશ છોડીને બહાર જતી રહી હતી. કારણ કે આ બધું બંધ થઈ જાય તો સારુ. તેણે પોતાના પ્રાઈવેટ નંબર પણ બદલી નાંખ્યા હતા. પરંતુ તેમ છતાં હજુ આ બધી વસ્તુઓ બદલી નથી.

કાજોલને ડિજિટલ પ્લેટફોર્મમાં રસ પડ્યો : વેબ સીરિઝ બનાવશે

મુંબઈ

કાજોલે અભિનયમાંથી સંન્યાસ તો નથી લીધો પણ એ ઝાઝું પડદા પર દેખાતી પણ નથી. પરંતુ હવે આ ચિત્ર બદલાશે. આ વરસે એ નેટફ્લિક્સની ફિલ્મ ત્રિભંગામાં દેખા દેશે અને પછી એ એક વેબ સીરિઝ માટે પણ સિધ્ધાર્થ મલ્હોત્રા સાથે વાટાઘાટ ચલાવી રહી છે.

કાજોલ જેમાં હીરોઈન હતી એ ૨૦૧૦ની વી આર ધ ફેમિલીનો ડિરેક્ટર સિધ્ધાર્થ હતો. ત્યારથી બન્ને વચ્ચે સારા સંબંધ છે. કાજોલે નેટફ્લિક્સની ફિલ્મ દ્વારા આ જોનરમાં ઝંપલાવ્યું છે. હવે એને આ માધ્યમમાં વધુ રસ પડ્યો છે.

કાજોલ અને સિદ્ધાર્થને એક વિષય ગમ્યો છે અને બન્ને સાથે કામ કરવા પણ ઉત્સુક છે. જો કે સિધ્ધાર્થે કહ્યું કે કાજોલ કોઈ પ્લેટફોર્મના આધારે અભિનય કરવાનો નિર્ણય નથી લેતી. ફિલ્મની વાર્તા, વિષય અને એના પાત્રની ગહેરાઈના આધારે યસ કે નો કરે છે.

અભિનેત્રી સાથે ઈવેન્ટમાં છેડછાડ કરતા ૩ લોકો વિરુદ્ધ ફરિયાદ નોંધાઈ

મુંબઈ

મરાઠી ફિલ્મોમા જાણીતું નામ અને ડાન્સિગ ક્વિન તરીકે ઓળખાતી અભિનેત્રી માનસી નાઈક સાથે હાલમાં એક ગંભીર બનાવ બની ગયો. તેની ફરિયાદ પર પોલીસે કેસ દાખલ કર્યો છે. જો કે, હજુ આ વાતને લઈ પુરી જાણકારી નથી મળી કે અભિનેત્રી પર કોણે આવું કર્યું છે. પરંતુ એવું જણાવવામાં આવી રહ્યું છે કે, ગઈ રાતે પુણેમાં એક ઈવેન્ટમાં અભિનેત્રી સામેલ થઈ હતી. ત્યાંથી આવીને તરત જ તેણે કેસ દાખલ કર્યો.

એવું કહેવામાં આવી રહ્યું છે કે, ત્યાં ઈવેન્ટમાં જ તેની સાથે કંઈક ખરાબ ઘટના ઘટી છે. મળતી માહિતી પ્રમાણે ઈવેન્ટ દરમિયાન અભિનેત્રી સાથે છેડછાડ થઈ હોવાની વાત બહાર આવી છે.

રમત જગત વિશેષ

સ્પોટ ફિક્સિંગમાં ફસાયેલા નાસિર જમશેદને ૧૭ મહિનાની જેલ થઈ

ઈસ્લામાબાદ

પાકિસ્તાનના પૂર્વ બેટ્સમેન નાસિર જમશેદને પાકિસ્તાન સુપર લીગમાં સ્પોટ ફિક્સિંગમાં સામેલ હોવાના આરોપમાં ૧૭ મહિનાની જેલની સજા ફટકારવામાં આવી છે. જમશેદની બ્રિટિશ નાગરિક યુસૂફ અનવર અને મોહમ્મદ એઝાજની સાથે ધરપકડ કરવામાં આવી હતી. તેણે શરૂઆતમાં આરોપોથી ઈનકાર કર્યો હતો.

તેના પર પીએસએલ ૨૦૧૮ દરમિયાન ઈસ્લામાબાદ યુનાઈટેડ અને પેશાવર ઝાલ્મી વચ્ચે દુબઈમાં રમાયેલી મેચ દરમિયાન ખેલાડીઓને ઈરાદાપૂર્વક ખરાબ રમવા માટે ઉશકેરવાનો આરોપ છે. જમશેદને પાછલા વર્ષે ડિસેમ્બરમાં સુનાવણી દરમિયાન દોષી ઠેરવવામાં આવ્યો હતો.

પીસીબીએ તેના પર ઓગસ્ટ ૨૦૧૮માં દસ વર્ષનો પ્રતિબંધ લગાવી દીધો હતો. અનવરને ૪૦ મહિનાની અને એઝાજને ૩૦ મહિનાની જેલની સજા સંભળાવી હતી.

અત્યારનાં બેટ્સમેનોમાં ફક્ત કોહલી જ લેજન્ડ બનવા લાયકઃ મોઈન ખાન

કરાંચી

પાકિસ્તાનના પૂર્વ વિકેટકીપર બેટ્સમેન મોઈન ખાનનું માનવું છે કે ભારતીય કેપ્ટન વિરાટ કોહલી હાલની પેઢીના બેટ્સમેનોમાંથી એક માત્ર એવો ખેલાડી છે કે જે દરેક રેકોર્ડ્સને તોડીને લેજન્ડ બની શકવા માટેની લાયકાત ધરાવે છે. પાકિસ્તાનના પૂર્વ ટેસ્ટ કેપ્ટનનું કહેવું છે કે અત્યારના સમયમાં બોલર્સ અને બેટ્સમેનોનું સ્તર ખૂબ જ નીચે ઉતરી રહ્યું છે.

મોઈન ખાને પાકિસ્તાની ટીમના ક્રિકેટર્સ પર નિરાશા વ્યક્ત કરતા કહ્યું કે હાલની પાકિસ્તાની ટીમમાં ૮૦ અને ૯૦ના દશકા જેવા એક પણ એવા ખેલાડી નથી કે જે મેચને એકલે હાથે જીતાડી શકે. અમારા સમયમાં એક જ ટીમમાં ઘણા બધા એવા ખેલાડીઓ રહેતા હતા કે જે ટીમને જીત અપાવવામાં પોતાનો સિંહ ફાળો આપતા હોય.

પૂર્વ પાકિસ્તાની ક્રિકેટર ખાને કહ્યું કે, મહેન્દ્ર સિંહ ધોનીએ ભારતીય ક્રિકેટનો ચેહરો બદલી દીધો હતો. તેની શરૂઆત સૌરવ ગાંગુલીએ કરી હતી. આ જ કારણસર ભારતને આટલા શ્રેષ્ઠ ખેલાડીઓ મળ્યા છે અને તેમની બેન્ચ સ્ટ્રેન્થ પણ જબરજસ્ત છે.

કિવિઝના ૨૭૪ રનના લક્ષ્યાંકને પાર કરવા ઉતરેલી ભારતીય ટીમ ૨૫૧માં ઓલ આઉટ

બીજી વન-ડેમાં ભારતને 22 રને હરાવી ન્યૂઝીલેન્ડે શ્રેણી જીતી

ઓકલેન્ડ ખાતે રમાયેલી શ્રેણીની બીજી વન-ડેમાં યજમાન ન્યૂઝીલેન્ડે ભારતને ૨૨ રનથી હરાવી સીરિઝ કબજે કરી લીધી છે. ત્રણ મેચની આ સીરિઝમાં હવે ન્યૂઝીલેન્ડ ૨-૦ની અજેય સરસાઈ મેળવી ચૂક્યું છે. ન્યૂઝીલેન્ડે આપેલા ૨૭૪ રનના ટાર્ગેટની સામે ભારતીય ટીમ ૪૮.૩ ઓવરમાં ૨૫૧ રન બનાવી ઓલઆઉટ થઈ ગઈ હતી. રવીન્દ્ર જાડેજાએ લડાયક અર્ધી સદી ફટકારી પણ તે ભારતને જીત અપાવવામાં નિષ્ફળ રહ્યો. હવે સિરિઝની અંતિમ વન-ડે ૧૧ ફેબ્રુઆરીએ માઉન્ટ માઉન્ગુમાં રમાશે. ડેબ્યુમાં ૪૨ રન આપીને ૨ વિકેટ ઝડપનાર અને બેટ વડે ૨૫ રનનું યોગદાન આપનાર કાઈલી જેમિસન મેન ઓફ ધ મેચ બન્યો. ન્યૂઝીલેન્ડ ૬ વર્ષ પછી ભારત સામે સીરિઝ જીત્યું છે. છેલ્લે તેમણે ભારતને ૨૦૧૪માં ઘરઆંગણે ૨-૦થી હરાવ્યું હતું.

ઓકલેન્ડમાં રમાયેલી ભારત-ન્યૂઝીલેન્ડ વચ્ચેની બીજી વન-ડેમાં ન્યૂઝીલેન્ડ અને ભારત પર ફરી એકવાર રોમાંચક મુકાબલો જોવા મળ્યો હતો. પહેલી વન-ડેમાં હાર મળ્યા બાદ ભારતીય ટીમે આજે ટોસ જીતીને ન્યૂઝીલેન્ડને બેટિંગ કરવા માટે આમંત્રણ આપ્યું હતું. પહેલા બેટિંગ કરવા ઉતરેલી ન્યૂઝીલેન્ડની ટીમની શરૂઆત ધમાકેદાર રહી હતી. ઓપનિંગ જોડીએ વિના વિકેટે ૯૩ રનની પાર્ટનરશિપ કરી લીધી હતી. ગપ્ટીલે આજે ૭૯ રન ફટકારી દીધા હતી અને નિકોલસે પણ ૪૧ રન બનાવ્યા હતા.

ત્યાર બાદ ભારતીય ટીમે ન્યૂઝીલેન્ડની ટીમને કાબૂમાં થોડી કરી હતી, પરંતુ ફરી એકવાર રોસ ટેલર નામનું વાવાઝોડું ભારતીય ટીમ પર ત્રાટક્યું હતું. રોસ ટેલરે ૭૩ રન ફટકારીને પોતાની ટીમને ૨૭૩ રને પહોંચાડી દીધી હતી અને ભારતને જીતવા માટે ૨૭૪ રનનો ટાર્ગેટ આપ્યો હતો. ભારત તરફથી યજુવેન્દ્ર ચહલ, જાડેજા અને સૈનીએ સારી બોલિંગ કરી હતી. ચહલે આજે ૩ વિકેટ્સ લીધી હતી. ૨૭૪નો ટાર્ગેટ ચેઝ કરવા ઉતરેલી ભારતીય ટીમની શરૂઆત તો સારી લાગતી હતી. પૃથ્વી શૉએ આવતાની સાથે મોટા શોટ રમવાનું શરૂ કરી દીધું હતું. પરંતુ મયંક આજે ફરી સસ્તામાં આઉટ થઈ ગયો હતો. પૃથ્વી પણ ૧૯ બોલમાં ૨૪ રન જ બનાવી શક્યો હતો.



બુમરાહે ૫ વનડેમાં માત્ર ૧ વિકેટ ઝડપી..!!

ફાસ્ટ બોલર જસપ્રીત બુમરાહનો ઈજામાં વાપસી કર્યા પછી દેખાવ નબળો રહ્યો છે. તેણે ૫ વનડેમાં ૨૭૭ની સ્ટ્રાઇક રેટથી માત્ર ૧ વિકેટ લીધી છે. તેમજ છેલ્લી ત્રણ વનડેથી વિકેટ ઝડપી શક્યો નથી. આવું તેના કરિયરમાં પહેલીવાર થયું છે.

- **ગુપ્ટિલે ૭૯, ટેલરનું ઝંઝાવતી ફોર્મ યથાવત્,અણનમ ૭૩ રન ફટકાર્યા,ચહલે ત્રણ વિકેટ ઝડપી**
- **શ્રેયસ ઐય્યર-જાડેજાની અર્ધી સદી એળે ગઈ,ન્યૂઝીલેન્ડ સિરિઝમાં ૨-૦થી આગળ,અંતિમ વન-ડે ૧૧ ફેબ્રુઆરીએ**
- **ફરી એકવાર ભારતની ઓપનિંગ જોડી ફેલ,કોહલી-રાહુલ ફ્લૉપ**
- **ડેબ્યુમાં ૪૨ રન આપીને ૨ વિકેટ ઝડપનાર અને બેટ વડે ૨૫ રનનું યોગદાન આપનાર કાઈલી જેમિસન મેન ઓફ ધ મેચ બન્યો**

ટી૨૦ ત્રિકોણિય સિરીઝ : ભારતે ઓસ્ટ્રેલિયાને ૭ વિકેટે હરાવ્યું



મેલબોર્ન

ઓસ્ટ્રેલિયામાં ટૂંક સમયમાં આઈસીસી મહિલા ટી૨૦ વિશ્વકપની શરૂઆત થવાની છે. આ પહેલા યજમાન ઓસ્ટ્રેલિયા, ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચે ટી૨૦ આંતરરાષ્ટ્રીય ત્રિકોણિય સિરીઝ રમાઈ રહી છે. આ સિરીઝની પમી મેચમાં ભારતીય મહિલા ટીમે યજમાન ઓસ્ટ્રેલિયાને પરાજય આપ્યો છે. ભારતે કાંગારૂ મહિલા ટીમને ૭ વિકેટે હરાવ્યુંછે. ભારતની આ જીતની સાથે વુમન્સ ટી-૨૦ ઈન્ટરનેશનલ ટ્રાઈ સિરીસના ફાઈનલની રેસ પણ રસપ્રદ બની ગઈ છે.

ટી૨૦ ત્રિકોણિય સિરીઝની પાંચમીન મેચમાં ભારતીય ટીમની કેપ્ટન હરમનપ્રીત કૌરે ટોસ જીતીને પ્રથમ બોલિંગનો નિર્ણય કર્યો હતો, પરંતુ યજમાને પ્રથમ બેટિંગ કરતા ૨૦ ઓવરમાં ૫ વિકેટ ગુમાવી ૧૭૩ રન બનાવ્યા હતા. ભારતીય મહિલાઓએ આ પહેલા ક્યારેય આટલો મોટો સ્કોર ટી૨૦ આંતરરાષ્ટ્રીયમાં હાંસલ કર્યો નહતો, પરંતુ વિશ્વકપ પહેલા ભારતીય ટીમે ટી૨૦ ત્રિકોણિય સિરીઝની ફાઈનલમાં પહોંચવા માટે આ ટાર્ગેટને આસાન બનાવી દીધો હતો.

ઓસ્ટ્રેલિયા તરફથી ગાર્ડનરએ ૫૭ બોલમાં ૧૧ ચોગ્ગા અને ૩ છગ્ગાની મદદથી ૯૩ રન બનાવ્યા હતા. તો કેપ્ટન મેગ લેનિંગે ૨૨ બોલ પર ૩૭ રનનું યોગદાન આપ્યું હતું. તેની મદદથી ભારતને ૧૭૪ રનનો લક્ષ્ય મળ્યો હતો. ભારતીય ટીમને શેફાલી વર્મા અને સ્મૃતિ મંધાનાએ આક્રમક શરૂઆત અપાવી હતી. શેફાલીએ ૨૮ બોલમાં ૮ ચોગ્ગા અને ૧ છગ્ગાની સાથે ૪૯ રન બનાવ્યા હતા.

સ્મૃતિ મંધાનાએ ૪૮ બોલમાં ૫૫ રનનું યોગદાન આપ્યું હતું. જેમિમા રોડ્રિગ્સ ૩૦ રન બનાવી આઉટ થઈ હતી. કેપ્ટન હરમનપ્રીત કૌર ૨૦ અને દીપ્તિ શર્મા ૧૧ રન બનાવી અણનમ રહી હતી. આ સાથે ભારતીય મહિલા ટીમે ૧૯.૪ ઓવરમાં ૩ વિકેટ ગુમાવી લક્ષ્ય હાંસલ કરી લીધો હતો. ત્યારબાદ એક મુકાબલો ઈંગ્લેન્ડ અને ઓસ્ટ્રેલિયાની મહિલા ટીમ વચ્ચે રવિવારે રમાશે, જેમાં નક્કી થશે કે ૧૨ ફેબ્રુઆરીએ આ મહિલા ત્રિકોણિય સિરીઝની ફાઈનલમાં કઈ ટીમ ટકરાશે.

ભારત-શ્રીલંકા નજીકના પાડોશી મિત્રોઃ મોદી

ભારત-શ્રીલંકા વચ્ચે ત્રણ મામલે મહત્ત્વપૂર્ણ કરારઃ આતંકવાદ સૌથી મોટી સમસ્યા

ન્યુ દિલ્હી

શ્રીલંકાના વડાપ્રધાન મહિન્દા રાજપક્ષે ચાર દિવસની ભારતની મુલાકાતે છે. ત્યારે આજે રાષ્ટ્રપતિ ભવનમાં તેમનું ઔપચારિક કર્યા બાદ હૈદરાબાદ હાઉસમાં પીએમ મોદી અને મહિન્દા રાજપક્ષે વચ્ચે દ્વિપક્ષીય બેઠક યોજાઈ.

શ્રીલંકાનાં વડા પ્રધાન મહિન્દા રાજપક્ષે અને ભારતનાં વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ હૈદરાબાદ હાઉસ ખાતે પ્રતિનિધિ મંડળ સ્તરની વાતચીત કરી. ત્યારબાદ તેમણે સંયુક્ત પ્રેસ કોન્ફરન્સ પણ કરી હતી. આ બેઠક દરમ્યાન બંને દેશો વચ્ચે વેપાર, સુરક્ષા તેમજ અન્ય મુદ્દાઓ પર સંબંધોને વધુ મજબૂત બનાવવા પર ભાર મુકવામાં આવ્યો. બંને દેશો વચ્ચે સુરક્ષા અને આતંકવાદ તેમજ વેપાર મુખ્ય મુદ્દો રહ્યો હતો. પીએમ મોદી તેમજ મહિન્દા રાજપક્ષેએ બંને દેશોના સંબંધો વધુ મજબૂત બનાવવાની કટિબદ્ધતા વ્યક્ત કરી હતી.

પત્રકાર પરિષદ દરમિયાન પીએમ મોદીએ કહ્યું કે, ભારત અને શ્રીલંકા નજીકનાં પાડોશી તેમજ નજીકનાં મિત્રો છે. આપણા ક્ષેત્રમાં આતંકવાદ એ એક મોટી સમસ્યા છે, આપણે બંનેએ તેનો અડીગ રહીને સામનો કર્યો છે. અમે આતંક વિરુદ્ધ અમારા સહયોગને વધારીશું.

પીએમ મોદીએ કહ્યું કે, આજની વાર્તાલાભમાં અમે શ્રીલંકામાં સંયુક્ત આર્થિક પ્રોજેક્ટ્સ પર ચર્ચા કરી હતી, અને વધતા વેપાર અને રોકાણ સંબંધો અંગે પણ ચર્ચા કરી હતી. અમે લોકોથી લોકોનો સંપર્ક વધારવા અને પર્યટનને પ્રોત્સાહિત કરવાની પણ ચર્ચા કરી હતી. શ્રીલંકાનાં વડા પ્રધાન સાથે વાત કર્યા પછી મોદીએ કહ્યું કે, શ્રીલંકાની સ્થિરતા, સલામતી, સમૃદ્ધિ ભારતની સાથે સાથે હિંદ મહાસાગર ક્ષેત્રનાં પણ હિતમાં છે.

શ્રીલંકાનાં વિકાસમાં ભારત વિશ્વસનીય ભાગીદાર રહ્યું છે, ગયા વર્ષે જે નવી લોન સુવિધાની ઘોષણા કરવામાં આવી હતી, જે વિકાસમાં સહયોગને વધુ ગહન કરશે. પીએમ મોદીએ કહ્યું કે, મને વિશ્વાસ છે કે શ્રીલંકાની સરકાર એકીકૃત શ્રીલંકામાં સમાનતા, ન્યાય અને શાંતિ માટેની તમિલ લોકોની આશાઓને સમજશે.

શ્રીલંકાનાં વડા પ્રધાન રાજપક્ષે સાથે વાતચીત બાદ મોદીએ કહ્યું હતું કે, "માછીમારોનાં મામલાને પહોંચી વળવા અમે માનવતાવાદી અભિગમ લેવાનું નક્કી કર્યું છે." વળી શ્રીલંકાનાં વડા પ્રધાન મહિન્દા રાજપક્ષે કહ્યું કે, હું વડા પ્રધાન નરેન્દ્ર મોદીને તેમની સરકારની પડોસી પહેલે નીતિ અને શ્રીલંકાને આપેલી પ્રાધાન્યતા બદલ આભાર માનું છું. તેમણે કહ્યું, અમારી વાટાઘાટોનો મુખ્ય મુદ્દો બંને દેશોની સુરક્ષાનો હતો, આતંકવાદ સામેની લડતમાં ભારતે હંમેશા અમને મદદ કરી છે.

પાકિસ્તાનને એલઓસી પર અંધાધૂંધ ગોળીબાર કર્યોઃ ભારતે આપ્યો વળતો જવાબ

શ્રીનગર

જમ્મૂ-કાશ્મીરમાંથી આર્ટિકલ ૩૭૦ હટાવવામાં આવ્યા બાદ પાકિસ્તાનના પેટમાં તેલ રેડાયું છે. પાકિસ્તાન સીમા પારથી સતત ફાયરિંગ કરી રહ્યું છે. પાકિસ્તાને ફરીથી સીઝફાયરનું ઉલ્લંઘન કર્યું છે અને પૂંછ જિલ્લાના દિઘવાર સેક્ટરમાં એલઓસી પર ફાયરિંગ કર્યું છે. પાકિસ્તાની આર્મી સરહદ પારથી સતત ફાયરિંગ કરી રહી છે અને મોર્ટાર પણ છોડી રહી છે. ભારતીય સુરક્ષા દળો પણ પાકિસ્તાનના કૃત્યનો જવાબ આપી રહ્યા છે. આ પહેલા કુપવાડાના તંગધાર સેક્ટરમાં ગત ૪ ફેબ્રુઆરીના રોજ પાકિસ્તાન દ્વારા યુદ્ધવિરામનું ઉલ્લંઘન કરવામાં આવ્યું હતું. પાકિસ્તાન દ્વારા કરવામાં આવેલા ગોળીબારમાં એક નાગરિકનું મોત થયું હતું અને ચાર લોકો ઘાયલ થયા હતા. પાકિસ્તાને કાશ્મીરમાં એલઓસીની નજીક ભારતીય સુરક્ષા ચોકીઓ અને ગામો પર અંધાધુંધ ગોળીબાર કર્યો હતો અને મોર્ટાર છોડ્યા હતા.

જૈશ-એ-મહોમ્મદના ત્રણ આતંકીઓને જમ્મૂ-કાશ્મીર પોલીસે ગઈકાલે પકડ્યા હતા. ત્રણેય આતંકીઓ શ્રીનગર ગ્રેનેડ એટેક સાથે જોડાયેલા હતા. શ્રીનગર પોલીસ દ્વારા પકડાયેલા આતંકવાદીઓની ઓળખ નાવેદ ઉલ લતીફ પાદરુ, શકીલ અહમદ પાદરુ અને શમશાદ મંજૂર તરીકે થઈ હતી. પોલીસ રેકોર્ડ અનુસાર, ત્રણેયનો જૈશ સાથે સંબંધ છે અને પ્રતાપ પાર્કમાં થયેલા ગ્રેનેડ હુમલામાં જોડાયેલા હતા.

૧૪ વર્ષીય ઈસાઈ યુવતીનું અપહરણ, ધર્માંતરણ અને નિકાહ મામલે નીચલી કોર્ટનો નિર્ણય

માસિક ધર્મ શરુ થઈ ચૂક્યો હોય તો કિશોરીના નિકાહ કાયદેસર ગણાયઃ પાકિસ્તાની કોર્ટ

ઈસ્લામાબાદ

પાકિસ્તાનમાં ધાર્મિક અલ્પસંખ્યક સમુદાયની કિશોરી-યુવતીઓનું અપહરણ કરી બળજબરીપૂર્વક ધર્માંતરણ કરાવી નિકાહ કરી દેવાના એક કૃત્યને ત્યાંના કાયદાએ હવે માન્યતા આપી દીધી છે. પાકિસ્તાનની એક અદાલતે ૧૪ વર્ષની ઈસાઈ કિશોરી, તેનુ અપહરણ કરનાર વ્યક્તિ સાથે નિકાહને માન્યતા આપતા કહ્યું કે શરિયા કાયદા મુજબ જો કિશોરીનો માસિક ધર્મ શરુ થઈ ગયો હોય તો ઓછી ઉંમર હોવા છતા પણ કિશોરીના લગ્ન માન્ય છે.

૧૪ વર્ષીય ઈસાઈ કિશોરીનું અપહરણ કરી તેને બળજબરીથી ઈસ્લામ સ્વીકારવા અને અપહરણ કરનારા સાથે નિકાહ કરવા માટે મજબૂર કરવામાં આવી હતી. જે પછી પીડિતાના માતા-પિતા કાયદા સમક્ષ ન્યાય માટે અપીલ કરી હતી.

પીડિતાના માતા-પિતા મુજબ ગત વર્ષે તેમની પુત્રીનું અપહરણ કરવામાં આવ્યું હતું જ્યારે તે ૧૪ વર્ષની હતી. ત્યારબાદ તેનું અપહરણ કરનારા મુસ્લિમ કટ્ટરપંથી સાથે બળજબરીથી નિકાહ કરી દેવામાં આવ્યા હતા. પીડિતાના પરિવારે નીચલી અદાલતના નિર્ણયને પાકિસ્તાનની હાઈકોર્ટમાં પડકારવાનો નિર્ણય લીધો છે.

ચીને કોરોના વાયરસનું નામ બદલીને 'નોવલ કોરોના વાયરસ નિમોનિયા' રાખ્યું

બીજિંગ

કોરોના વાયરસે સમગ્ર દુનિયામાં તબાહી મચાવવાની શરૂ કરી છે. જાપાન, સિંગાપુર, થાઈલેન્ડ, દક્ષિણ કોરિયા સહિત ઘણાં દેશોમાં કોરોના વાયરસ ઝડપથી ફેલાઈ રહ્યો છે.

ચીનની રાષ્ટ્રીય સ્વાસ્થ્ય આયોગે આ વાયરસને એક અસ્થાયી સત્તાવાર નામ આપ્યું છે. હવે આ વાયરસને કોરોના વાયરસની જગ્યાએ 'નોવલ કોરોનાવાયરસ નિમોનિયા' કે 'એનસીપી' તરીકે ઓળખાશે. આયોગે શનિવારે પત્રકાર પરિષદમાં જણાવ્યું કે, નવા નામને ચીનના સરકારી વિભાગો અને સંગઠનો દ્વારા અપનાવવામાં આવે જ્યાં સુધી સંક્રમણનું સ્થાયી નામ નિર્ધારિત કરવામાં આવે નહી. નવા વાયરસના નામકરણનો નિર્ણય 'ઈન્ટરનેશનલ કમિટિ ઓન ટેક્સોનોમી ઓફ વાઈરસ'એ કર્યો છે. નવા નામને વૈજ્ઞાનિક પત્રિકાઓને સોંપી દેવામાં આવ્યું છે અને સમિતિને આશા છે કે આ થોડા દિવસોમાં અપનાવી લેવામાં આવશે.

ચીનનો આર્થિક ગ્રોથ ઘટવાનું અનુમાનઃ વૈશ્વિક અર્થતંત્રો પર પણ આંશિક અસર

બીજિંગ

ચીનમાં કોરોના વાઈરસ ઝડપથી ફેલાઈ રહ્યો છે. અત્યાર સુધી ચીનમાં કોરોના વાઈરસથી ૭૦૦થી વધુ લોકોનાં મોત થયાં છે તો બીજી બાજુ વૈશ્વિક સ્તરે ૩૪,૦૦૦ લોકોથી વધુ આ રોગના ભરડામાં છે. વુહાનની સાથે ચીનનાં અનેક શહેરોમાં જનજીવન ઠપ થઈ ગયું છે. કોરોના વાઈરસને કારણે ઓદ્યોગિક કામકાજ ધીમાં થઈ ગયાં છે. જેનાથી વેપાર-ધંધા ધીમા પડ્યા છે. વૈશ્વિક વેપારમાં પણ ચીન વિશ્વના બીજા ક્રમાંકનું અર્થતંત્ર ધરાવતું રાષ્ટ્ર છે. જેથી વૈશ્વિક જીડીપી પણ ૦.૨૦-૦.૩૦ ટકા ઘટવાનું અનુમાન છે.

ઓસ્ટ્રેલિયન થિંક ટેન્કે એક સંશોધન પેપરમાં જણાવ્યું હતું કે કોરોના વાઈરસને કારણે વૈશ્વિક અર્થતંત્રો પર બહુ જલદી અસર દેખાશે. ક્રૂડ ઓઈલની આંતરરાષ્ટ્રીય કિંમતો ૨૦ ટકા ઘટી છે. વૈશ્વિક બજારોમાં ક્રૂડની કિંમતો ચીનની માગ ઘટવાને કારણે ૫૫ ડોલરની અદર જતી રહી હતી. વિશ્વ વેપારમાં ચીનનો દબદબો અમેરિકા કરતાં વધુ છે. વિશ્વના મોટા ભાગના દેશો અમેરિકાની તુલનાએ ચીન સાથે વધુ વેપાર કરે છે.

રેટિંગ એજન્સી એએન્ડ પીએ ચીનનો ગ્રોથ રેટનું અનુમાન ૫.૭થી ઘટાડીને પાંચ ટકા કર્યો છે. જોકે એ ૨૦૨૧માં ફરી વધીને ૬.૪ ટકા થવાનો અંદાજ મૂક્યો છે.

મહાભિયોગ કાર્યવાહીમાં ટ્રમ્પ વિરુદ્ધ સાક્ષી આપનાર બે અધિકારીને હાંકી કઢાયા

વૉશિંગ્ટન

અમેરિકન રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે મહાભિયોગ કાર્યવાહીમાં તેમના વિરુદ્ધ સાક્ષી આપનારા બે અધિકારીને વ્હાઈટ હાઉસે કાઢી મુક્યા છે. જેમાં યૂરોપિયન યુનિયનમાં અમેરિકન રાજદૂત ગોર્જન સોંડલેન્ડ અને સેનાના અધિકારી લેફ્ટનેન્ટ કર્નલ એલેક્ઝેન્ડર વિન્ડમૈન સામેલ છે. બન્ને સંસદના નીચલા ગૃહ(હાઉસ ઓફ રિપ્રેઝેન્ટેટિવ્સ)માં ટ્રમ્પ વિરુદ્ધ સાક્ષી બન્યા હતા. જેમની વાતને ટ્રમ્પ વિરુદ્ધના નિર્ણયમાં મહત્વનો ગણવામાં આવતો હતો.


આર્મી અધિકાર વિન્ડમૈન વ્હાઈટ હાઉસમાં રાષ્ટ્રીય સુરક્ષા પરિષદ સાથે કામ કરી રહ્યા હતા. રાષ્ટ્રપતિ ટ્રમ્પના આદેશ બાદ તેમને વ્હાઈટ હાઉસમાંથી કાઢી મુકાયા હતા. તેમના સિવાય તેમના ભાઈ લેફ્ટિનેન્ટ કર્નલ યેગવેની વિન્ડમૈનને પણ વ્હાઈટ હાઉસમાં ડ્યુટીમાંથી કાઢી મુકવામાં આવ્યા હતા. વિન્જમૈનના વકીલે કહ્યું કે, રાષ્ટ્રપતિએ આ પગલું વેર વાળવા માટે ભર્યું છે. પોતે ટ્રમ્પે પણ સેનેટમાં સુનાવમી પુરી થયા બાદ કહ્યું હતું કે તે બન્ને અધિકારી(સોંડલેન્ડ અને વિન્ડમૈન)થી ખુશ નહોતા.

લેફ્ટિનેન્ટ કર્નલ વિન્ડમૈનના વ્હાઈટ હાઉસથી બહાર કરવા અંગે થોડી વાર બાદ જ તેમના વકીલ ડેવિડ પ્રેસમેને કહ્યું કે, તેમના ક્લાઈન્ટને સાચું બોલવા માટે બહાર કાઢવામાં આવી રહ્યું છે. એક સત્યએ આર્મી અધિકારીએ તેમની નોકરી, તેમની કારકિર્દી અને તેમનું ખાનગીપણું છીનવી લીધું છે.

ગિરિરાજ સિંહ પર ચૂંટણી પંચે માંગ્યો રિપોર્ટ

ન્યુ દિલ્હી

કેન્દ્રીય મંત્રી ગિરિરાજ સિંહ પર કથિત પૈસા વહેંચવાનો ગંભીર આરોપ લગાવવામાં આવ્યો છે. ચૂંટણી પંચે આ મામલે જિલ્લા અધિકારી પાસે રિપોર્ટ માંગ્યો છે. આમ આદમી પાર્ટી સાંસદ સંજય સિંહે આરોપ લગાવ્યો હતો કે ગિરિરાજ સિંહે રિઠાલામાં અમુક લોકોમાં પૈસા વહેંચ્યા હતા.



જર્મનીના ડ્રેસ્ડેનમાં ૧૫ મી સેમ્પરોપર્નબોલની ડ્રેસ રિહર્સલ દરમિયાન સેમ્પર ઓપેરા હાઉસમાં ડેબ્યુટેન્ટ યુગલો સ્ટેજ પર ડાન્સ કરે છે.

પંજાબના મોહાલીમાં ત્રણ માળની ઈમારત જમીનદોસ્તઃ બેનો બચાવ, ત્રણ લોકો દટાયાની આશંકા

મોહાલી

પંજાબનાં મોહાલી જિલ્લામાં શનિવારે ત્રણ માળની ઈમારત ધરાશાયી થઈ હતી. પોલીસ-પ્રશાસનની ટીમે બચાવ કામગીરી શરૂ કરી દીધી છે. બચાવ ટીમે બે લોકોને નિકાળી હોસ્પિટલમાં ખસેડ્યા છે. અકસ્માતમાં ત્રણથી ચાર લોકો કાટમાળ નીચે દબાયેલા હોવાનું જાણવા મળ્યુ છે. ઘટનાની જાણ થતાં જ પોલીસ દળ ઘટના સ્થળે પહોંચી ગઈ છે. ચાર જેસીબી મશીનો દ્વારા કાટમાળને હટાવવામાં આવી રહ્યા છે અને એમ્બ્યુલન્સ પણ સ્થળ પર હાજર છે.

પોલીસે જણાવ્યું કે ખરડ-લાંદરા રોડ પર આ બિલ્ડિંગનાં પાયામાં એક જેસીબી મશીન ખોદકામ કરી રહ્યું હતું. ત્યારબાદ ખોદકામમાં રોકાયેલા જેસીબી ઓપરેટરે બિલ્ડિંગની દિવાલને ટક્કર મારી, પરિણામે મકાન તૂટી પડ્યું. બિલ્ડિંગમાં બિલ્ડરની ઓફિસ પણ હતી. આ અકસ્માતમાં બિલ્ડિંગની નજીક ઉભેલા બે મોબાઈલ ટાવર્સ પણ ધરાશાયી થયા છે.

કહેવામાં આવી રહ્યું છે કે ભોંયરામાં ખોદકામ કરવાને કારણે બિલ્ડિંગ નબળી પડી હતી, જેના કારણે તે તૂટી પડી હતી. કાટમાળને લેવામાં આવી રહ્યો છે. એનડીઆરએફની ટીમ પણ ઘટના સ્થળે પહોંચી ગઈ છે. મોહાલીનાં એસડીએમ હિમાંશુ જૈને કહ્યું, 'બે લોકોને બચાવી લેવામાં આવ્યા છે. કાટમાળ નીચે હજુ ૬-૭ લોકો દબાયેલા હોવાની સંભાવના છે. એનડીઆરએફની ટીમ અને અન્ય સ્ટાફ રાહત અને બચાવ કામગીરીમાં રોકાયેલા છે.

ચીનમાં એક શખ્સને માત્ર ૧૫ સેકન્ડમાં કોરોના વાયરસે સંક્રમિત કરી દીધો

કોરોના વાયરસનો આતંકઃ ચીનમાં ૭૧૭ના મોત

બીજિંગ

કોરોના વાયરસ ચીનને તબાહ કરવા માટે હઠ કરીને બેઠું હોય તેવી ભયજનક સ્થિતિ ઉભી થઈ છે. દક્ષિણ પૂર્વ ચીનમાં એક શખ્સને માત્ર ૧૫ સેકન્ડમાં કોરોના વાયરસે સંક્રમિત કરી દીધો. આ શખ્સ એક બજારમાં સંક્રમિત મહિલાની પાસે માત્ર ૧૫ સેકન્ડ ઉભો હતો બસ આટલી જ વારમાં તેને જીવલેણ બીમારી લાગી ગઈ.

કોરોના વાયપરસથી પ્રભાવિત શખ્સની ઓળખ દર્દી નંબર ૫ બતાવી છે. આ દર્દી શુઆંગડોંગફેંગ બજારમાં દર્દી નંબર ૨ની પાસે ઉભો હતો. જિઆંગબેઈના સ્વાસ્થ્ય અધિકારીઓએ કહ્યું કે દર્દી નંબર ૫એ પોતાને બચાવા માટે માસ્ક લગાવ્યું નહોતું. અધિકારી હવે એ ભાળ મેળવી રહ્યા છે કે પીડિત દર્દી નંબર ૫ કયાંનો રહેવાસી છે અને છેલ્લાં ૨ સપ્તાહમાં તે કેટલાં લોકોના સંપર્કમાં આવ્યો છે. એ માહિતી પણ સામે આવી છે કે આ શખ્સ તટીય શહેર નિંગબોનો રહેવાસી છે. દર્દીની અત્યારે સારવાર ચાલી રહી છે. આપને જણાવી દઈએ કે કોરોના વાયરસની શરૂઆત ચીનના વુહાન શહેરથી થઈ હતી. શનિવાર સવાર સુધીમાં કોરોના વાયરસના કારણે ચીનમાં મૃત્યુઆંક વધીને ૭૨૨ થયો છે. કુલ ૩૪,૫૪૬ લોકોને ચેપ લાગ્યો હોવાની પુષ્ટી થઈ છે. બીજી તરફ ભારત સરકારે કોરોના વાયરસને ફેલાતો અટકાવવા માટે પ્રયાસોને વધુ સઘન બનાવ્યા છે. બીજી બાજુ, જાપાનના જહાજ પર સવાર લગભગ ૬૪ લોકોમાં કોરોનાની પુષ્ટિ થઈ ચુકી છે. જેમાં જાપાનના ૨૮, અમેરિકાના ૧૧ અને કેનેડાના સાત યાત્રિ સામેલ છે. જહેજા પર ૫૬ દેશોના લગભગ ૩૭૦૦ લોકો છે. જેમાં ૨,૭૦૦ યાત્રિ અને ૧૦૦૦ ક્રુ મેમ્બર્સ છે. જાપાન સરકારે બાકીના યાત્રિઓ અને ક્રુ મેમ્બર્સને લગભગ ૧૪ દિવસો સુધી જહાજ પર જ રહેવા માટે કહ્યું છે.

પ્રમોશન પહેલા પાનાથી ચાલુ

આવે. એવામાં હાઈકોર્ટનો આદેશ રદ્દ કરવામાં આવે છે. ઉત્તરાખંડ હાઈકોર્ટના પીડબ્લ્યૂડીના જૂનિયર એન્જિનિયરથી આસિસ્ટંટ એન્જિનિયર તરીકે પ્રમોશનમાં અનામત આપવા ૧૫ જુલાઈએ ચૂકાદો આપ્યો હતો. હાઈકોર્ટે તેના માટે રાજ્ય સરકારને કહ્યું હતું કે તે પબ્લિક સર્વિસ માટે એસસી/એસટી કેટગરીના લોકોને પૂરતું પ્રતિનિધિત્વની માહિતી મેળવવા માટે ક્વોન્ટિટિવ ડેટા એકઠો કરે. સુપ્રીમ કોર્ટેમાં હાઈકોર્ટના ચૂકાદાને રાજ્ય સરકારે પડકાર્યો હતો.

દિલ્હી ચૂંટણી પહેલા પાનાથી ચાલુ

અરવિંદ કેજરીવાલે પરિવાર સાથે જઈને મતદાન કર્યું હતું. ૧૧મીએ મતગણતરી હાથ ધરાશે.

આજે મતદાન શરૂ થાય તે પહેલા વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ગૃહમંત્રી અમિત શાહે ટ્વીટ કરીને લોકશાહીને મજબૂત બનાવવા વધુ મતદાનની અપીલ કરી હતી. આપ સરકારના સીએમ અરવિંદ કેજરીવાલે મતદાન પહેલા મહિલાઓને મતદાન માટે કરેલી ટ્વીટને લઈને ભાજપે તેનો વિરોધ કર્યો હતો તો ભાજપના નેતા મનોજ તિવારીએ કેજરીવાલ દ્વારા હનુમાન મંદિરની મુલાકાતને લઈને કરેલી ટીપ્પણીને લઈને પણ વિવાદ સર્જાયો હતો. દિલ્હીમાં CAA વિરોધ પ્રદર્શનનું કેન્દ્ર બનેલું શાહીન બાગ કે જે ઓખલા વિધાનસભા ક્ષેત્રમાં આવે છે ત્યાં પાંચ પોલિંગ બૂથ છે. અહીં સુરક્ષા વ્યવસ્થાની વિશેષ તૈયારી કરવામાં આવી છે. ત્યાં પણ મતદાન થઈ રહ્યું હતું. લોકસભાની સરખામણીએ ઓછું મતદાન શરૂઆતમાં નોંધાયું હતું. દિલ્હીમાં છેલ્લા ત્રણ-ચાર કલાકનો વોટિંગ ટ્રેન્ડ જોઈએ તો લોકસભાની સરખામણીએ ઓછું મતદાન થઈ રહ્યું છે. સવારે ૯ વાગ્યા સુધીમાં ૦.૭૪% મતદાન થયું તો ૧૧ વાગ્યા સુધીમાં ૧૭.૦૩ ટકા મતદાન નોંધાયું હતું.જ્યારે લોકસભા ચૂંટણી વખતે આ આંકડો અંદાજે ૨૧ ટકા હતો. જો કે આજે બપોરબાદ મતદાનની ટકાવારીમાં વધારો નોંધાયો હતો અને ૫ વાગ્યા સધી ૪૫ ટકા મતદાન નોંધાયું હતું.

દેશની રાજધાની દિલ્હીમાં આજે સવારથી જ રાજકિય પક્ષોના કાર્યકરો મતદાન મથકોની નજીક પહોંચી ગયા હતા અને મતદારોને મતદાન મથક અંગે માર્ગદર્શન આપી રહ્યાં હતાં. દિલ્હીમાં રહેતા ભાજપના સીનિયર નેતા એલ.કે અડવાણી અને તેમની દીકરી પ્રતિભા અડવાણીએ મતદાન કર્યું હતું. કોંગ્રેસ અધ્યક્ષ સોનિયા ગાંધી, પ્રિયંકા ગાંધી અને સાંસદ રાહુલ ગાંધીએ મતદાન કર્યું હતું.. સોનિયા ગાંધીએ નિર્માણ ભવન બૂથમાં મતદાન કર્યું. જ્યારે પ્રિયંકા ગાંધીએ લોધી સ્ટેટમાં મતદાન કર્યા બાદ કહ્યું હતું કે, પોતાના અધિકારો સ્પષ્ટ કરો અને મતદાન કરો. તેમના પુત્ર રેહાને ૧૮ વર્ષ પૂરા થતાં આજે પ્રથમવાર મતદાન કર્યું હતું.

દિલ્હીમાં સવારે ૧૦ વાગ્યા સુધીમાં ૪.૩૩ ટકા લોકોએ મતદાન કર્યું હતું. દિલ્હીમાં અલગ અલગ વિસ્તારોમાં બનેલા વોટિંગ બુથ પર જો કે લાંબી લાઈનો જોવા મળી હતી. મુખ્યમંત્રી કેજરીવાલે તેમના પરિવાર સાથે સિવિલ લાઈન્સના એક મતદાન કેન્દ્ર પર મતદાન કર્યું. આ વખતે પણ સીએમ કેજરીવાલ નવી દિલ્હી વિધાનસભા સીટથી મેદાનમાં છે. તેમના વિરુદ્ધ બીજેપીના સુનીલ યાદવ અને કોંગ્રેસના રોમેશ સબ્બરવાલ ચૂંટણી લડી રહ્યા છે.

દિલ્હીના ચાંદની ચોક વિસ્તારમાંથી કોંગ્રેસ ઉમેદવાર અલકા લાંબાએ ટૈગોર ગાર્ડન એક્સટેન્શનમાં મતદાન કર્યું. અલકા લાંબા AAPના પ્રહલાદ સિંહ સૈની અને બીજેપીની સુમન ગુપ્તા વિરુદ્ધ ચૂંટણી લડી છે. આ દરમિયાન અલકા લાંબા મજનૂંના ટીલા વિસ્તારમાં પોલિંગ બૂથની વ્યવસ્થા જોવા પહોંચ્યા હતા. ત્યારે ત્યાં હાજર આમ આદમી પાર્ટીના ઉમેદવારે તેમના વિશે કોઈ અભદ્ર ટીપ્પણી કરતા ગુસ્સે થયેલા અલકા લાંબાએ તે ઉમેદવારને થપ્પડ મારવાનો પ્રયત્ન કર્યો હતો. અલકા લાંબાએ ઉમેદવારને પોલીસમાં ફરિયાદ નોંધાવાની ધમકી પણ આપી હતી. સુપ્રીમ કોર્ટના જસ્ટિસ આર ભાનુમતિ, કેન્દ્રીય મંત્રી હર્ષવર્ધન, વિદેશ મંત્રી એસ જયશંકર અને દિલ્હીના ઉપરાજ્યપાલ અનિલ બૈજલ, વિવાદી નિવેદન કરનાર બીજેપી નેતા પ્રવેશ શર્મા મુખ્યમંત્રી કેજરીવાલ વગેરેએ મતદાન કર્યું હતું. કેજરીવાલને તેમની માતાએ તેમને તિલક કર્યું ત્યારબાદ સીએમ પરિવાર સાથે મતદાન કરવા નીકળ્યા હતા.

યોગ્ય ભાવ ન મળતા રાજકોટ યાર્ડમાં ખેડૂતોએ શાકભાજીનું વેચાણ બંધ કર્યું

રાજકોટ

શિયાળાની ઋતુમાં શાકભાજીની બમણી આવક થવાથી રાજકોટ યાર્ડમાં ફ્લાવર, કોબિજ અને ટમેટા ૧થી ૨ રૂપિયા કિલોના ભાવે મળે છે. જયારે આ જ શાકભાજી જયુબિલી, ગુંદાવાડી, કાલાવાડ રોડ, યુનિવર્સિટી રોડ, મવડી, પુષ્કરધામ સહિત રાજકોટ શહેરની વિવિધ શાકમાર્કેટમાં પહોંચે તો ભાવ સીધા ૧૦ ગણા થઇ જાય છે. યાર્ડમાં ૧થી ૨ રૂપિયાના કિલો લેખે વેચાતા શાકભાજીના સામાન્ય ગ્રાહકને છૂટકમાં ૧૦થી ૨૦ રૂપિયા ચૂકવવા પડે છે. ખેડૂતોને પૂરતા ભાવ નહીં મળતા ખેતરમાંથી શાકભાજી ઉપાડવાનું જ બંધ કરી દીધું છે. તો કેટલાક ખેડૂતો કોબિજ, ફ્લાવર અને ટમેટા સહિતનું શાકભાજી ગામમાં અથવા તો ચોરા પર ગાયોને ખવડાવે છે અથવા તો યાર્ડમાં લાવવાને બદલે ગૌશાળામાં મોકલી દે છે. આ ઉપરાંત સ્થાનિક આવક જ એટલી છે કે, યાર્ડમાં શાકભાજી રાખવાની જગ્યા ટૂંકી પડે છે. જેને કારણે અન્ય રાજયોની આવકને સ્ટોપ કરવી પડે છે. રાજકોટ યાર્ડમાં હાલમાં ગવરીદડ, સરધાર, ત્રંબા, પડધરી સહિતના ગ્રામ્ય વિસ્તારોમાંથી શાકભાજી આવી રહ્યા છે. હાલ સૌથી વધુ આવક ટમેટા, કોબિજ, ફ્લાવર, કોથમીર, મેથી અને પાલકની છે. જયારે ગુવાર અને ભીંડાની આવક ઓછી હોવાથી તે મોંઘા છે.

વડોદરા વોર્ડ નં-૧૭ના ભાજપા કાઉન્સિલરની કાર ચોરાતા ફરિયાદ નોંધાઈ

વડોદરા

વડોદરા શહેરમાં વાહન ચોરીના વધી રહેલા બનાવોમાં રાત્રે વોર્ડ નંબર-૧૭ના ભાજપના કાઉન્સિલરે ઘર પાસે પાર્ક કરેલી કાર કોઇ શખ્સો ચોરી ગયા હતા. કાઉન્સિલરે ઘર પાસે પાર્ક કરેલી કાર ન જોતા ચોંકી ઉઠ્યા હતા. દરમિયાન તેઓ મકરપુરા પોલીસ મથકમાં પહોંચી કાર ચોરીની ફરિયાદ નોંધાવી હતી.

વડોદરા શહેરના તરસાલીમાં રહેતા ભાજપાના કાઉન્સિલર અને વડોદરા મહાનગરપાલિકામાં પક્ષના દંડક તરીકેનો હોદ્દો ધરાવતા અલ્પેશ લિંબચીયાએ ઘર પાસે પોતાની સ્કોર્પિયો કાર પાર્ક કરી હતી. શુક્રવારે મોડી રાત્રે કોઇ શખ્સો તેઓની કાર ચોરી ગયા હતા. ભાજપાના કાઉન્સિલરની કાર ચોરાયાની વાત વાયુવેગે શહેર ભાજપામાં પ્રસરી જતા ચર્ચાનો વિષય બન્યો હતો. કાઉન્સિલરે પોલીસ તંત્રના નાઇટ પેટ્રોલિંગ સામે સવાલો ઉઠાવ્યા હતા. મકરપુરા પોલીસે કાઉન્સિલરની કાર ચોરીની ફરિયાદ લઇ તપાસ શરૂ કરી છે.

યુવતીમાં કોરોના વાઈરસના લક્ષણો દેખાતા હોસ્પિટલના આઈસોલેશન વોર્ડમાં ખસેડાઈ

રાજકોટ

રાજકોટના કોરોના વાઈરસનો શંકાસ્પદ કેસ સામે આવ્યો છે. જેતપુરની યુવતીમાં કોરોના વાઈરસના લક્ષણો દેખાતા તેને સારવાર અર્થે રાજકોટ સિવીલ હોસ્પિટલના આઈસોલેશન વોર્ડમાં સારવાર માટે ખસેડવામાં આવી છે. યુવતીના બ્લડના સેમ્પલ લેબોલેટરીમાં મોકલવામાં આવ્યા છે. આ યુવતી ગત ૨ ફેબ્રુઆરીએ ચીનથી પરત આવી હતી.

જેતપુર પંથકમાં રહેતી ૨૧ વર્ષની યુવતી ચીનમાં રહી મેડિકલનો અભ્યાસ કરતી હતી. તે અઠવાડિયા પહેલા વતન જેતપુર પરત આવી હતી. તે પરત આવી ત્યારે ચીન અને મુંબઈમાં તેનું ચેકઅપ કરવામાં આવ્યું હતું. દરમિયાન બે દિવસથી તેને તાવ, શરદી અને ઉધરસ સહિતના શંકાસ્પદ લક્ષણો દેખાતા સ્થાનિક હોસ્પિટલમાં સારવાર આપવામાં આવી હતી. પરંતુ યુવતી ચીનથી આવ્યાનું ડોક્ટરોને માલૂમ પડતાં રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી.

શનિવારે બપોરે તેને રાજકોટ સિવિલમાં લાવવામાં આવતાં સ્વાઈન ફલૂ વોર્ડમાં દાખલ કરવામાં આવી છે. પહેલેથી જ આ વાઈરસના દર્દીઓ જો આવે તો તેના માટે ખાસ વોર્ડની વ્યસ્થા સ્વાઈન ફલૂ વિભાગમાં કરી રાખવામાં આવી છે. જો કે યુવતીને કોરોના લાગુ પડ્યો છે કે કેમ? તે રિપોર્ટ આવ્યા બાદ સ્પષ્ટ થશે.

સીએએ-એનઆરસીનાં સમર્થનમાં ક્વોરી ઉદ્યોગ સજ્જડ બંધ, હજારો ડમ્પરોના પૈડા થંભી ગયા

વડોદરા

સીએએ અને એનઆરસીના સમર્થનમાં શનિવારથી મધ્ય ગુજરાત ક્વોરી એસોસિયેશન દ્વારા બંધનું એલાન હતું. જેને પગલે વડોદરા, પંચમહાલ અને ખેડા જિલ્લાની ૧૫૦થી વધુ ક્વોરીઓ બંધ રહી છે અને હજારો ડમ્પરોના પૈડા થંભી ગયા છે.

મધ્ય ગુજરાત ક્વોરી એસોસિયેશન દ્વારા પંચમહાલ, વડોદરા અને ખેડા જિલ્લાના તમામ ક્વોરી ઉદ્યોગ કેન્દ્ર સરકારના સીએએના કાયદાના સમર્થનમાં ૮ ફેબ્રુઆરી શનિવારે સવારે ૮ વાગ્યાથી ૧૦ ફેબ્રુઆરીને સવારે ૮ વાગ્યા સુધી ઉત્પાદન અને વેચાણ સંપૂર્ણ બંધ રાખવાનો નિર્ણય કરાયો હતો. જેને પગલે શનિવારે ક્વોરી ઉદ્યોગ સજ્જડ બંધ રહ્યો. મધ્ય ગુજરાત ક્વોરી એસોસિયેશનના અગ્રણીઓએ જણાવ્યું હતું કે, ભારતીય નાગરિકતા આપવાના સીએએના કાયદાને અમે હૃદયથી સમર્થન કરીએ છીએ. જયારે કેન્દ્ર સરકાર દ્વારા એનપીઆર લાગુ કરવામાં આવેલ છે તેનો પણ દેશના વિકાસ માટે સમર્થન કરીએ છીએ. જેને પગલે અમે બંધ રાખીને સમર્થનમાં જોડાયા છીએ. અને બંધ દરમિયાન કામદારોને તેમનું પુરેપૂરું વેતન ચૂકવવામાં આવશે. ક્વોરી ઉદ્યોગ બંધ કરીને મેસેજ આપવા માંગીએ છીએ કે, આ કાયદો માનવતાવાદી અને દેશની સંસ્કૃતિને આધારિત છે. માટે આ કાયદાનો વિરોધ કરવો તે ખરેખર સંવિધાનનો વિરોધ કરવા બરાબર છે.

ક્વોરી ઉદ્યોગના બંધને પગલે ઉદલપુરથી વડોદરા અને ઉદલપુરથી આણંદ રોડ ઉપર ફરતા હજારો ડમ્પરોના પૈડા થંભી ગયા છે. આ રોડ પર વધુ પડતા ક્વોરી પ્રોડક્ટ લઇને ડમ્પરોની અવરજવર રહે છે.

કોન્સ્ટેબલે ૧૬ પેટી પકડાયેલો દારૂ બારોબાર સગેવગે કરી નાખ્યો

બનાસકાંઠા

ગુજરાતમાં દારૂબંધી છે અને આ દારૂબંધીના કાયદાનો કડકપણે અમલ કરાવવાનું કામ કાયદો અને વ્યવસ્થા જાળવનારા પોલીસકર્મીઓનું છે. પરંતુ જો આ જ પોલીસકર્મી પોતાની ફરજ ચૂકે તો શું? અમીરગઢ પોલીસમથકના કોન્સ્ટેબલે દારૂની ગાડી તો ઝડપી પરંતુ આ દારૂ બારોબાર વેચી માર્યો હોવાનો જાણવા મળ્યું છે.

મળતી માહિતી મુજબ અમીરગઢ પોલીસ મથકના આ કોન્સ્ટેબલે દારૂની ગાડી ઝડપી. ગાડીમાંથી પકડાયેલો દારૂ બારોબાર વેચી માર્યો. પોલીસ કોન્સ્ટેબલનું નામ નરસિંહ નાગજી છે અને તેમણે ૧૬ પેટી દારૂ બારોબાર વેચી માર્યો હોવાની ફરિયાદ નોંધાઈ છે. એવું જાણવા મળ્યું છે કે પીએસઆઈની ગેરહાજરીમાં દારૂની ખેપ કરી રહેલી કારને તેમણે ઝડપી હતી. ત્યારબાદ પકડાયેલા દારૂને બારોબાર સગેવગે કરી નાખ્યો હતો.

૧૫ દિવસની તપાસ બાદ પીએસઆઈએ કોન્સ્ટેબલ અને દારૂ ખરીદનારા બે વ્યક્તિ સામે ગુનો દાખલ કર્યો.

વાહનની ડેકીમાંથી ફક્ત ચાર સેકન્ડમાં જ ૧.૪૩ લાખની ચોરીની ઘટના સીસીટીવીમાં કેદ

રાજકોટ

રાજકોટ શહેરનાં બાપુનગર વિસ્તારમાં જાહેરમાં ધોળા દિવસે ચોરીની ઘટના બની છે. આ સમગ્ર ઘટના સીસીટીવી કેમેરામાં કેદ થઇ છે. બાપુનગર વિસ્તારમાં પાર્ક કરાયેલા વાહનની ડેકીમાંથી ૧ લાખ ૪૩ હજાર રૂપિયાની ચોરી થઇ છે. વાહનની ડેકીમાંથી ફક્ત ચાર સેકન્ડમાં જ લાખો રૂપિયાની ચોરીને અંજામ આપવામાં આવ્યો છે.

સીસીટીવી દ્રશ્યો મુજબ વ્યક્તિ સૌપ્રથમ બાઇકની બાજુમાં ઉભો રહીને સામે ઉભેલા વ્યક્તિ જ્યારે અન્ય તરફ નજર કરે છે ત્યારે બાઇકની ડેકી ખોલી તેમાંથી રૂપિયાની ઉઠાંતરી કરે છે. જે રીતે બાઇકમાંથી ચોરી કરનાર વ્યક્તિ ચોરી ને અંજામ આપે છે તેના પરથી તે વ્યક્તિ જાણભેદુ હોવાનું લાગી રહ્યું છે. આ ચોરે ફક્ત ચાર સેકન્ડ માં જે ચોરી કરીને ફરાર થઇ ગયો હતો. આ ઘટનનાનાં સીસીટીવી ફૂટેજ જોઇને અનેક સવાલો ઉભા થાય છે. ઉલ્લેખનીય છે કે, શહેરમાં થોડા સમય પહેલા સોની બજાર સહિતનાં વિસ્તારોમાં લૂંટ કે ચોરીનાં બનાવો સામે આવતા હતા તો અન્ય વિસ્તારોમાં ચિલ ઝડપનાં બનાવો પણ બનતા હતા.

હાલ પોલીસે આ અંગેનો ગુનો નોંધીને સીસીટીવીનાં આધારે ફરાર વ્યક્તિની શોધખોળ હાથ ધરી છે.

૫૦૦ ઉપાડવા જતા યુવકને મળ્યા ડબલ રૂપિયા, એટીએમ બહાર લાઈન લાગી

અમદાવાદ

એક વ્યક્તિએ એટીએમમાં ૫૦૦ રૂપિયા ઉપાડવા માટે બટન દબાવ્યું, તો ડબલ રૂપિયા બહાર નીકળવા લાગ્યાં. આ માહિતી જેમ જેમ ફેલાતી ગઈ એમ લોકો એટીએમમાંથી પૈસા કાઢવા માટે ત્યાં પહોંચી ગયા અને જોતજોતામાં લાઈન લાગી ગઈ. આ કિસ્સો અમદાવાદનો છે. અમદાવાદના દરિયાપુર વિસ્તારમાં આવેલ એક બેંકના એટીએમમાંથી આવું થઇ રહ્યું હોવાની વાત વાયુવેગે અમદાવાદમાં ફેલાઇ હતી.

અમદાવાદના દરિયાપુર વિસ્તારમાં દરવાજા પાસે આવેલ એક્સિસ બેંકના એટીએમમાંથી ડબલ પૈસા નીકળતા હોવાની વાતને લઈને એટીએમ બહાર લોકોની ભીડ જામી ગઈ હતી. એટીએમમાંથી ડબલ પૈસા નીકળતા હોવાની વાતને લઈને લોકોના ટોળા ઉમટી પડ્યા હતા અને અનેક લોકોએ ટ્રાન્જેક્શન કરી ડબલ પૈસા ઉપાડયા હોવાની વાત વાયુવેગે સમગ્ર વિસ્તારમાં ફેલાઇ ગઇ હતી. જેની જાણકારી પોલીસને મળતા તાત્કાલિક પોલીસ કર્મીઓ એટીએમ સ્થળે પહોંચી ગયા હતા. સ્થાનિક લોકોના મત અનુસાર એક્સિસ બેંકના આ એટીએમમાંથી ૫૦૦ રૂપિયા ઉપાડતા ૧૦૦૦ રૂપિયા નીકળતા હતા.

લોકો આ વાતની તુલના સટ્ટા સાથે કરતા હતા. સટ્ટા માર્કેટમાં એકનું ડબલ આપવાનું કહેવામાં આવે છે. એટીએમ પર એટલી ભારે ભીડ થઈ કે લોકોમાં અફરા-તફરી મચી ગઈ અને દરેકને પૈસા ઉપાડવાની ઈચ્છા હતી. લોકો કહે છે કે આ એટીએમ પર કોઈ સિક્યોરિટી ગાર્ડ પણ ન હતો. હજુ સુધી બેંક અથવા તેના સાથે સંકળાયેલ કોઈ કર્મચારીનું કોઈ નિવેદન નથી આવ્યું.

રિક્ષામાં બેસેલી યુવતી પર બે અજાણી મહિલાએ હુમલો કરતા ફરિયાદ નોંધાઈ

અમદાવાદ

વસ્ત્રાલ વિસ્તારમાં રહેતી અને આશ્રમ રોડ પર ખાનગી કંપનીમાં નોકરી કરતી યુવતી પર બે અજાણી યુવતીએ હુમલો કર્યો હોવાની ઘટના બની હતી. રીક્ષામાં બેસાડી યુવતીને નખ માર્યા હતા. યુવતી બચવા માટે ચાલુ રીક્ષામાંથી કૂદી ગઈ હતી. નવરંગપુરા પોલીસે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

વસ્ત્રાલના હરીજી પાર્કમાં રહેતી અને આશ્રમ રોડ પર આવેલી ખાનગી કંપનીમાં ટીમ લીડર તરીકે નોકરી કરતી નેહા ગોહિલ જાન્યુઆરી મહિનામાં ઓફિસથી નીકળી અને ઘરે જતી હતી. ત્યારે બેંક પાસે ગલીમાં પાછળથી બે અજાણી યુવતી આવી હતી અને તને દેખાતું નથી કહી મોં પર નખ મારી દીધાં હતાં. લોકો ભેગા થઈ જતા બંને ત્યાંથી ફરાર થઈ ગઈ હતી. ચોરી કરવાના ઈરાદે કર્યું હોવાનું માની અને તેણે ઘરે જાણ કરી ન હતી

ત્રણ દિવસ પહેલાં નેહા સાંજે ઘરે જતી હતી ત્યારે બેંક પાસે એક રીક્ષા ચાલક આવ્યો હતો. તેમાં મોં પર દુપટ્ટો બાંધેલી એક યુવતી બેઠી હતી. લાલ દરવાજા જવાનું કહેતા નેહા રીક્ષામાં બેસી ગઈ હતી. માઉન્ટ કાર્મેલ સ્કૂલ પાસેથી મોં પર દુપટ્ટો બાંધેલી એક યુવતી બેઠી હતી. અગાઉની ઘટના યાદ આવતા અને બંને તે જ પ્રકારની યુવતી લાગતા રીક્ષા ઊભા રહેવાનું કહેતા ચૂપચાપ બેસ કહ્યું હતું. નેહાએ બુમાબુમ કરતા બંને યુવતીઓએ નખ મારી મોઢું દબાવ્યું હતું. નેહાએ બચવા માટે એચ.કે કોલેજ પાસે ચાલુ રીક્ષામાં કૂદકો મારી દીધો હતો. જેને પગલે લોકો ભેગા થઈ ગયા હતા. આ મામલે નવરંગપુરા પોલીસે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

મામલતદાર કચેરી પાસેથી ૧૫૦ બિનવારસી હાલતમાં ચૂંટણીકાર્ડ મળી આવતા ચકચાર

અમરેલી

બાબરા મામલતદાર કચેરી પાસેથી ૧૫૦ જેટલા બિનવારસી ચૂંટણી કાર્ડ મળ્યા છે. એક જાગૃત નાગરીકે આ બિનવારસી ચૂંટણી કાર્ડનો જથ્થો એકત્રિત કર્યો હતો. જેને લઈને તે પોલીસ સ્ટેશને ગયો હતો.

જોકે પોલીસે બિનવારસી ચૂંટણી કાર્ડ મામલતદારને સોંપવાનું જણાવ્યું હતું. જાગૃત નાગરીક બિનવારસી હાલતમાં મળેલો ચૂંટણી કાર્ડનો જથ્થો સોમવારે મામલતદારને સોંપશે. સરકારી ડોક્યુમેન્ટ ગણાતા ચૂંટણી કાર્ડનો જથ્થો કોણે ફેંકી દીધા તેને લઈને સવાલો ઉઠ્યા છે.

જન્મ-મરણ નોંધણી વિભાગની ઘોર બેદરકારી: બર્થ સર્ટિ.ના એડ્રેસમાં પાકિસ્તાન લખ્યું

અમદાવાદ

એએમસીના જન્મ-મરણ નોંધણી વિભાગની મોટી બેદરકારી સામે આવી છે. જન્મ-મરણ નોંધણી વિભાગે બાળકના બર્થ સર્ટિફિકેટમાં લખેલા સરનામામાં પાકિસ્તાન લખી દીધું છે. જેને કારણે સર્ટિફિકેટ ઇશ્યુ કરનાર અધિકારીઓ સામે પ્રશ્ન ઉઠ્યો છે. આ અંગે જાણવા મળેલી વિગતો મુજબ, મહમ્મદ ઉઝ્ઝૈર ખાન નામના બાળકનો ૮-૧૦-૨૦૧૮ના રોજ વીએસ હોસ્પિટલમાં જન્મ થયો હતો. બાળકના પિતાનું નામ અરબાઝ ખાના પઠાણ છે અને માતાનું નામ મહેકબાનુ છે. તેઓ વટવા સ્થિત સરકારી આવાસમાં રહે છે.

અંડરપાસની માંગ સાથે ગ્રામજનોએ રોડ પર સુઈને ચક્કાજામ કર્યો

હિંમતનગર

ગુજરાતના બે જિલ્લાઓ સાબરકાંઠા અને અરવલ્લીમાં સમયાંતરે નેશનલ હાઈવેને અડીને આવેલા ગામડાના લોકો અંડરબ્રિજ અને અંડરપાસને લઈને ચક્કાજામ કરે છે. વધુ એક ચક્કાજામ હિંમતનગરના સરવણામાં લોકોએ કર્યો હતો. બોર્ડમાં લોકોએ લખાણ કર્યું હતું કે, સરવણા ગામના લોકોની સલામતી, શ્રીજલારામ અન્નક્ષેત્રના ભક્તોની સલામતી અને ખેડૂતોની સલામતી માટે અંડર પાસ આપો.

મહારાષ્ટ્રથી દિલ્હી વાયા ગુજરાત, રાજસ્થાન પરથી પસાર થતા નેશનલ હાઈવે ૮ પર હાલ સિકસ લેન કામગીરી ચાલી રહી છે. ત્યારે સરવણા ગામના લોકોએ બળદગાડા વચ્ચે આડા મૂકીને, મહિલાઓ અને પુરૂષો રોડ પર બેસી જઈને તો કેટલાક લોકોએ રોડ પર સુઈ જઈને ચક્કાજામ કર્યો હતો.

ચક્કાજામને પગલે વાહનોની કતાર લાગી હતી. ગામલોકો ઓથોરિટી પાસે અંડરપાસની માગ કરી રહ્યા છે.

આદિવાસી રાઠવા સમાજના બંધ મામલે ૪ પોલીસ ફરિયાદ નોંધાઈ

૧૯ લોકો સામે નામજોગ ફરિયાદ અને ૨૫૦ લોકોના ટોળા સામે ગુનો નોંધાયો

છોટાઉદેપુર

૭મી ફેબ્રુઆરીએ રાઠવા સમાજે આપેલા બંધના એલાન દરમિયાન રસ્તા ઉપર ટાયરો સળગાવવા અને રસ્તા વચ્ચે લાકડા મૂકીને વડોદરા-મધ્યપ્રદેશ વચ્ચેના હાઇવે ઉપર ટ્રાફિક અવરોધ ઉભો કરવા બાબતે છોટાઉદેપુર જિલ્લામાં ૪ અલગ-અલગ ગુના નોંધાયા છે. જેમાં બે ગુના છોટાઉદેપુર પોલીસ સ્ટેશનમાં અને બે ગુના પાવી જેતપુર પોલીસ સ્ટેશનમાં નોંધાયા છે. જેમાં નામજોગ ૧૯ લોકો અને ૨૦૦થી ૨૫૦ લોકોના ટોળા સામે ગુનો નોંધીને આગળની કાર્યવાહી હાથ ધરી છે.

લોકરક્ષક દળની ભરતીમાં રાઠવા સમાજના ઉમેદવારોને ઉચ્ચ મેરિટ હોવા છતાં પસંદગી ન કરાતા છોટાઉદેપુર જિલ્લામાં સમસ્ત આદિવાસી રાઠવા સમાજ દ્વારા ૭ ફેબ્રુઆરીએ બંધનું એલાન આપવામાં આવ્યું હતું. જેમાં યુવાનોએ ટાયરો સળગાવી, રસ્તા વચ્ચે લાડકા મૂકીને ચક્કાજામથી લઈને બોડેલી પાસે વડોદરા-છોટાઉદેપુર ટ્રેનને રોકીને વિરોધ વ્યક્ત કર્યો હતો. જેમાં છોટાઉદેપુર જિલ્લામાં ૪ ગુના નોંધીને પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

છોટાઉદેપુર જિલ્લાના આદિવાસી રાઠવા સમાજ દ્વારા પછાત જ્ઞાતિના દાખલાને લઈને બંધનું એલાન આપ્યું હતું. અનેક રજૂઆતો પછી પણ કોઈ પરિણામ ન મળતા આદિવાસી રાઠવા સમાજે આંદોલનનું સ્વરૂપ ધારણ કર્યું છે.

દિલ્હી પોલીસમાં સબ ઈન્સપેક્ટર પ્રીતિ અહલાવતની રોહિણી ઈસ્ટ મેટ્રો સ્ટેશન બહાર હત્યા કરાઈ

દિલ્હીમાં મહિલા સબ ઈન્સ્પેક્ટરની ગોળી મારી હત્યા: આરોપી પોલીસકર્મીની પણ લાશ મળી

ન્યુ દિલ્હી

દિલ્હીના રોહિણી ઈસ્ટ મેટ્રો સ્ટેશન બહાર મહિલા સબ ઈન્સપેક્ટર પ્રીતિ અહલાવતની હત્યા કેસમાં એક નવો ખુલાસો સામે આવ્યો છે. જેણે પ્રીતિને ગોળી મારી હતી તેની ઓળખ દિલ્હી પોલીસના પીએસઆઈ દીપાંશુ રાઠી તરીકે થઈ છે. પોલીસને તેની લાશ શનિવારે સવારે સોનીપતમાં એક ગાડીમાં મળી હતી. માનવામાં આવે છે કે દીપાંશુએ એ જ પિસ્તોલથી આત્મહત્યા કરી છે જેનાથી રાત્રે તેણે પ્રીતિની હત્યા કરી હતી. પ્રીતિ અને દીપાંશુ ૨૦૧૮માં દિલ્હી પોલીસમાં જોડાયા હતા.

દિલ્હીના રોહિણી (ઈસ્ટ) મેટ્રો સ્ટેશન બહાર એક અજાણ્યા હુમલાખોરે મહિલા પોલીસકર્મીના માથા પર ગોળી મારીને હત્યા કરી દીધી છે. ઘટના ગુરુવાર રાતની છે. ૨૬ વર્ષની સબ ઈન્સપેક્ટર પ્રીતિ અહલાવતની મેટ્રો સ્ટેશનમાંથી બહાર નીકળી વખતે જ ખૂબ નજીકથી ગોળી મારવામાં આવી છે. પોલીસના જણાવ્યા પ્રમાણે, પ્રથમ દ્રષ્ટીએ આ કેસ અંગત દુશ્મનીનો લાગી રહ્યો છે. ઘટના સ્થળ પરથી ગોળીઓના ખાલી ખોખા મળ્યા છે. હુમલાખોરને પકડવા માટે મેટ્રો સ્ટેશનની બહાર લગાવવામાં આવેલા સીસીટીવી ફૂટેજની તપાસ કરવામાં આવી રહી છે.

પોલીસના જણાવ્યા પ્રમાણે પ્રીતિ ૨૦૧૮ બેચની સબ ઈન્સપેક્ટર હતી. તે રોહિણી સેક્ટર ૮માં રહેતી હતી. તેનું પોસ્ટિંગ પટપડગંજ ઈન્ડસ્ટ્રીયલ એરિયાના પોલીસ સ્ટેશનમાં કરવામાં આવ્યું હતું. ગુરુવારે રાતે અંદાજે ૮.૩૦ વાગે તે પોલીસ સ્ટેશનથી નીકળી હતી, ત્યારે તે યુનિફોર્મમાં નહતી. અંદાજે ૯.૩૦ વાગે પ્રીતિ મેટ્રો સ્ટેશનમાંથી બહાર નીકળી અને માત્ર ૫૦ મીટરના અંતરે જ તેની હત્યા કરવામાં આવી છે. પ્રીતિને તુરંત હોસ્પિટલ લઈ જવામાં આવી પરંતુ ત્યાં ડોક્ટર્સે તેને મૃત જાહેર કરી હતી.

રોહિણી જિલ્લાના એડિશનલ કમિશ્નર એસડી મિશ્રાના જણાવ્યા પ્રમાણે રાતે અંદાજે ૯.૪૦ વાગે પીસીઆર પર મહિલાની હત્યા કરી હોવાની માહિતી મળી હતી. વિસ્તારના આસપાસના સીસીટીવી ફૂટેજની તપાસ કરવામાં આવી રહી છે. અમુક શંકાસ્પદ લોકોની ઓળખ કરી લેવામાં આવી છે. પ્રીતિએ જ્વેલરી પણ પહેરી હતી અને તેની પાસે એક પર્સ પણ હતું, જેની ચોરી નથી થઈ. તે ઉપરાંત તેને ગોળી પણ ખૂબ નજીકથી મારવામાં આવી છે. આ સંજોગોમાં આ ઘટના અંગત દુશ્મનીની માનવામાં આવે છે.



ભારતમાં ગામડાંના ૭૫ ટકા અને ૬૨ ટકા શહેરી દરદીઓ પોતાના બ્લડ-પ્રેશરના રોગથી અજાણ છે

ખાસ કરીને આ રોગને સાઇલન્ટ કિલર કહે છે, કારણ કે એનાં કોઈ લક્ષણો નથી. ચિહ્નો વગર એ શરીરમાં રહીને શરીરને અંદરથી ડેમેજ કરે છે. રેગ્યુલર ચેકઅપ દ્વારા જ એનું નિદાન થઈ શકે છે. આજે જાણીએ આ રોગ સંબંધિત મેડિકલ ગાઇડલાઇન્સ શું છે

જર્નલ ઑફ હાઈપરટેન્શનમાં છપાયેલા એક સર્વે મુજબ ભારતભરમાં ઍવરેજ ૨૯.૮ ટકા લોકોને હાઈપરટેન્શનનો રોગ છે. ગામડાંઓમાં આ રોગ ૨૭.૬ ટકા લોકોમાં તો શહેરોમાં એનો વ્યાપ ૩૩.૮ ટકા લોકોમાં ફેલાયેલો છે. પરંતુ એનો અર્થ એ નથી કે આટલા લોકોને ખબર છે કે તેમને આ રોગ છે. જેમને આ રોગ છે એમાંથી ૨૫ ટકા ગામડાંના લોકો અને ૩૮ ટકા શહેરી લોકો આ રોગનો ઈલાજ લઈ રહ્યા છે, જેનો અર્થ એ કે બાકીના લોકોને તો ખબર જ નથી કે તેમને આ રોગ છે અને તેમને એના ઈલાજની જરૂર છે. એટલે કે ગામડાંના ૭૫ ટકા અને ૬૨ ટકા શહેરી દરદીઓ પોતાના બ્લડ-પ્રેશરના રોગથી અજાણ છે. જેમને હાઈપરટેન્શન છે તે દસમાંથી એક ગામડાની વ્યક્તિનું અને પાંચમાંથી એક શહેરની વ્યક્તિનું બ્લડ-પ્રેશર કન્ટ્રોલમાં છે. બાકીના લોકોનું બ્લડ-પ્રેશર કન્ટ્રોલમાં નથી અને તેમના શરીરમાં આ રોગને લીધે ભરપૂર નુકસાન થઈ રહ્યું છે, જેની ઘણાને તો જાણ સુધ્ધાં નથી. ૧૯૯૦ના આંકડા તપાસીએ તો ભારતમાં ૨.૩ મિલ્યન મૃત્યુ કાર્ડિયોવૅસ્ક્યુલર ડિસીઝને કારણે થયાં હતાં અને ૨૦૨૦ સુધીમાં આ આંકડો ડબલ થઈ જવાની આશંકા વ્યક્ત થઈ છે.
હાઇપરટેન્શન માટે નિષ્ણાતો માને છે કે મુંબઈમાં વયસ્ક લોકોમાં ૨૦-૨૫ ટકા લોકોને હાઇપરટેન્શનનો પ્રૉબ્લેમ છે. આજે વર્લ્ડ હાઇપરટેન્શન ડે છે અને આ વર્ષની થીમ છે નો યૉર નંબર્સ. તમને હાઇપરટેન્શન છે કે નહીં એ ફક્ત બ્લડ-પ્રેશર માપીને જ જાણી શકાય છે. તમારું બ્લડ-પ્રેશર કેટલું રહે છે એ સામાન્ય બાબત જાણી લેવાથી મોટા હેલ્થ પ્રૉબ્લેમ્સને ટાળી શકાય છે. આ બાબતે આજે વિગતથી સમજીએ.

પ્રકાર

હાઇપરટેન્શનના બે પ્રકાર છે - (૧) એસેન્શિયલ હાઇપરટેન્શન અને (૨) સેકન્ડરી હાઇપરટેન્શન. મહત્વની વાત એ છે કે ૯૫ ટકા કેસમાં વ્યક્તિને હાઇપરટેન્શન શું કામ થયું છે એનું કારણ અજ્ઞાત જ હોય છે. બાકીના અમુક ટકા કેસમાં ખ્યાલ આવતો હોય છે કે અમુક કારણોને લીધે જ વ્યક્તિને હાઇપરટેન્શન આવ્યું છે. આ બાબતે સમજાવતાં હિન્દુજા હેલ્થકૅર સર્જિકલ, ખારના જનરલ ફિઝિશ્યન ડૉ. અનિલ બલ્લાણી કહે છે, ‘જેમને એસેન્શિયલ હાઇપરટેન્શન થયું છે એટલે કે જેમને ઉંમર થવાને લીધે કે જિનેટિક કારણોસર કે અજ્ઞાત કારણો થકી હાઇપરટેન્શન થયું છે તેમણે આ રોગ માટે જીવનભર દવાઓ ખાવી જરૂરી છે જેના લીધે તેમનું બ્લડ-પ્રેશર કાબૂમાં રહે. પરંતુ જો વ્યક્તિને સેકન્ડરી હાઇપરટેન્શન હોય એટલે કે કિડની-ડિસીઝ, એડ્રિનલિન ગ્રંથિની કોઈ તકલીફ, થાઇરૉઇડ પ્રૉબ્લેમ, હૃદયની ધમનીનો પ્રૉબ્લેમ, પ્રેગ્નન્સી કે દવાઓના લીધે આ રોગ આવ્યો હોય તો જેને કારણે આ તકલીફ થઈ છે એને દૂર કરતાં આ બ્લડ-પ્રેશરની તકલીફને દૂર કરી શકાય છે.

રોગ અને એની અસર

એક ગ્લોબલ આંકડા અનુસાર સ્ટ્રોકને લીધે થતાં મૃત્યુના ૫૭ ટકા અને કૉરોનરી આર્ટરી ડિસીઝને લીધે થતાં મૃત્યુના ૨૭ ટકા કેસ પાછળ હાઇપરટેન્શન જવાબદાર હોય છે. એને કારણે માણસનું અંગ ફેલ થઈ શકે છે, જેમ કે કિડની-ફેલ્યર. બ્લડ-પ્રેશરને કારણે મુખ્યત્વે મગજ, હૃદય, આંખ અને કિડની પર અસર થાય છે. ખાસ કરીને મગજમાં સ્ટ્રોક આવી શકે છે કે હેમરેજ થવાની શક્યતા વધી જાય છે. હૃદયમાં અટૅક આવી શકે છે, કિડની ફેલ થઈ શકે છે અને આંખમાં રેટિના એટલે કે આંખના પડદા પર અસર થાય છે. ખાસ કરીને રેટાઇનલ હેમરેજ થવાની શક્યતા વધી જાય છે, જેની અસર વિઝન પર પડે છે. હાઇપરટેન્શનને સામાન્ય ભાષામાં સમજાવતાં દહિસરના ફૅમિલી-ફિઝિશ્યન ડૉ. સુશીલ શાહ કહે છે, ‘શરીરમાં હૃદય ધબકે એટલે લોહીની નળીઓમાંથી પસાર થઈને લોહીનું પરિભ્રમણ થાય છે. આ લોહી એ નળીઓ પર જે દબાણ આપે છે એ દબાણને બ્લડ-પ્રેશર કહે છે. એનાં બે રીડિંગ હોય છે. એક એ રીડિંગ, જેમાં લોહીની નળીઓ પર આવતું સૌથી વધુ પ્રેશર અને બીજું સૌથી ઓછું પ્રેશર બન્ને માપવામાં આવે છે. સામાન્ય રીતે ૧૨૦/૮૦નું પ્રેશર હોવું જરૂરી છે. એનાથી વધે તો એ ચિંતાનું કારણ હોઈ શકે છે.’

સાઇલન્ટ કિલર

જો વ્યક્તિને બ્લડ-પ્રેશર ૧૨૦/૮૦થી વધી જાય, ખાસ કરીને ૧૪૦/૯૦ને વટી જાય ત્યારે ક્યારેક એવું બને કે માથું ભારે થઈ જતું હોય, ગરદનમાં દુખાવો રહેતો હોય, ચાલવામાં હાંફી જવાતું હોય. આ પ્રકારનાં ચિહ્નો કોઈ-કોઈ વ્યક્તિઓમાં જોવા મળે છે, દરેક વ્યક્તિમાં આ ચિહ્નો જોવા મળતાં નથી. ચિહ્નો દેખાયા વગર તકલીફ છે એ સમજવું અઘરું થઈ જાય છે. આ બાબતે સમજાવતાં ઝેન હૉસ્પિટલના ઇન્ટરનલ મેડિસિન અને કાર્ડિયો-ડાયાબિટીઝ એક્સપર્ટ ડૉ. અમોલ પવાર કહે છે, ‘જ્યારે વ્યક્તિનું બ્લડ-પ્રેશર વધી જાય છે ત્યારે ભલે ચિહ્નો દેખાય નહીં, પરંતુ એ શરીરમાં અસર તો કરે જ છે. મોટા ભાગના દરદીઓ સાથે જે થાય છે એ પરિસ્થિતિ સમજીએ તો તેમના શરીરમાં બ્લડ-પ્રેશર વગર ચિહ્નોએ વર્ષોથી રહે છે અને તેમને અંદરથી ડૅમેજ કરે છે. ઘણા દરદીઓ તો એવા છે જેમને સ્ટ્રોક આવે કે હાર્ટ-અટૅક આવે પછી ધ્યાનમાં આવે છે કે તેમને હાઇપરટેન્શન છે, જે આજના સમય માટે ઘણા જ દુ:ખની વાત કહેવાય. બ્લડ-પ્રેશર વિશે લોકો જાગૃતિ લાવે અને સમજે કે આ તકલીફ વગર ચિહ્ને પણ શરીરમાં હોય એમ બનતું હોય છે એટલે ચિહ્નોની રાહ જોયા વગર રેગ્યુલર ચેકઅપ કરાવો.’

ગાઇડલાઇન્સ

ડૉ. અમોલ પવાર પાસેથી જાણીએ હાઇપરટેન્શન માટેની મેડિકલ ગાઇડલાઇન્સ

૧. તમારી ઉંમર ૩૫ વર્ષની હોય તો ત્યારથી લઈને તમે જીવો ત્યાં સુધી દર ૬ મહિને બે વાર બ્લડ-પ્રેશર મપાવવું જરૂરી છે. આ નિયમ એ લોકો માટે છે જેમના ઘરમાં કોઈને આ રોગ નથી અને તેમને પણ હજી સુધી હાઈ બ્લડ-પ્રેશર આવ્યું નથી.

૨. જેમના ઘરમાં વડીલોને કે કોઈ બીજાને હાઈ બ્લડ-પ્રેશર છે તેમણે વધુ સતર્ક રહેવાની જરૂર છે. રેગ્યુલર ચેકઅપ તેમના માટે ૩૦ વર્ષની ઉંમરથી જ શરૂ થઈ જાય છે. તેમને આ રોગ ભવિષ્યમાં આવવાની ઘણી મોટી સંભાવના છે એમ માનીને ચાલવું અને ખૂબ જ સતર્ક રહેવું.

૩. આ લોકોએ કે સામાન્ય લોકોએ પણ ઓબેસિટીથી બચવું. શારીરિક હેલ્થની સાથે-સાથે માનસિક હેલ્થનું પણ ધ્યાન રાખવું, કારણ કે સ્ટ્રેસ પણ હાઇપરટેન્શનને ટ્રિગર કરી શકે છે. એટલે રેગ્યુલર એક કલાકની શારીરિક એક્સરસાઇઝ સાથે પ્રાણાયામ અને ધ્યાનને પણ મહત્વ આપવું જરૂરી છે.

૪. એક વખત રીડિંગ વધારે આવ્યું તો તાત્કાલિક તમને હાઇપરટેન્શન છે જ એવા નિદાન પર આવી જવું નહીં. ઘણી વાર કોઈ જુદાં-જુદાં કારણોસર એકદમ જ બ્લડ-પ્રેશર વધી જતું હોય એમ બને. જુદા-જુદા સમયે કરેલાં ૩ રીડિંગને ધ્યાનમાં લેવાં. ગાઇડલાઇન્સ મુજબ જો ત્રણેય વખત બ્લડ-પ્રેશર વધુ આવે તો મેડિકલ સાયન્સ માને છે કે આ વ્યક્તિને હાઈ બ્લડ-પ્રેશર છે.

૫. એક વખત હાઈ બ્લડ-પ્રેશરનું નિદાન આવ્યું પછી એ જાણો કે તમારા રોગ પાછળ જવાબદાર કારણ શું હોઈ શકે છે. બને કે એ સેકન્ડરી હાઇપરટેન્શન હોય અને એ દૂર થઈ શકે એમ હોય.

૬. જો તમને એસેન્શિયલ હાઇપરટેન્શન છે તો તમારી લાઇફ-સ્ટાઇલમાં સુધારો કરો. યોગ્ય ડાયટ, એક્સરસાઇઝ અને રેગ્યુલર દવા દ્વારા પ્રેશરને કન્ટ્રોલમાં રાખો. રેગ્યુલર દર બે મહિને ડૉક્ટરની મુલાકાત લો અને તેમના સૂચન મુજબ જરૂરી ટેસ્ટ કરાવતા રહો, કારણ કે આ રોગમાં એ સતત જાણતા રહેવું જરૂરી છે કે બ્લડ-પ્રેશરને લીધે કોઈ અંગમાં અસર થઈ છે કે નહીં. જો દરરોજ દવા લેશો, ટેસ્ટ કરાવતા રહેશો તો મોટા રોગોથી બચવામાં ઘણી મદદ મળી રહેશે.

ઉનાળાના તમતમતા રોફને નજરઅંદાજ કરી એની મજાઓને સર આંખો પર સજાવીએ

બળબળતા આ ઉનાળામાં ઘેઘૂર વૃક્ષો પર કેસરિયા, શ્યામગુલાબી, વસંતી કે આછા ગુલાબી ફૂલોના રેશમી ગુચ્છાદાર ગાલીચા પથરાયેલા જોઈને કોઈ સંવેદનશીલ માનવીને ચોક્કસ સવાલ થાય કે આ ભયંકર તાપમાં આ ફૂલો કઈ રીતે ખીલી શકતાં હશે? જે તાપથી આપણા જેવા માણસો પસીને રેબઝેબ થઈ જાય, તેમના ચહેરાનું નૂર ઊડી જાય અને ત્વચામાં ઇરિટેશન થઈ આવે એ તડકાને તેઓ હસતાં-હસતાં ઝીલી રહ્યાં છે એટલું જ નહીં, એમાં મહોરી રહ્યાં છે! અને વળી મસ્તીથી લહેરાય છે! આ ખડતલ જમાતને જોઈને કુદરતના કમાલના ક્રીએશન જેવા માણસો દંગ જ રહી જાયને! વળી કંઈક અંશે થોડી ઈર્ષા પણ થઈ આવતી હશે કે આ આવડાં ટિચૂકડાં ફૂલડાં આપણા કરતાં કેટલાં સ્ટ્રૉન્ગ!
ઉનાળાની કોઈ સાડીબાર રાખ્યા વગર કેવાં ખીલી શકે છે ને આપણે માણસ થઈને મૂરઝાઈ જઈએ છીએ!
પછી દિમાગની બત્તી થાય છે કે કદાચ આ ફૂલોનું ટિચૂકડાપણું જ એમને એ તાકાત આપતું હશે! નાનકડાં બાળકોને આ ઉનાળો કે ગરમી ક્યાં પડકારી શકે છે? વેકેશનમાં ઘરના મોટાઓ જ્યારે બારી-બારણાં બંધ કરીને પંખા કે ઍર-કન્ડિશનરની ઠંડકમાં બપોરે ઊંઘી જાય છે ત્યારેય બાળકો તો કંઈક ને કંઈક બહાનું કરીને આખી બપોર બહાર રમતાં રહે છે, રખડતાં રહે છે. આ વેકેશનમાં મારી બારીની સામે આવેલા મેદાનમાં છોકરાઓ ક્રિકેટ કે ફુટબૉલ રમતા દેખાય છે. આકાશમાંથી વરસતા અંગારાથી બેખબર તેઓ પોતાના ખેલમાં એવા મસ્ત હોય છે કે તેમનાં ભીનાં થઈ ગયેલાં શર્ટ કે ટી-શર્ટની તેમને બિલકુલ પડી નથી હોતી. યાદ આવે છે, અમે પણ નાનાં હતાં ત્યારે સમર-વેકેશન તો અમારો સૌથી સમૃદ્ધ ખજાનો હતો. રખડવાની મજા, રમવાની મજા, ચણીબોર, ચૂરણ, કાલાજામ,



તાડગોળા ને લીચીની લહેજત! સૌથી વધુ તો કેરીઓની જ્યાફત! ઉનાળાને સહન કરવાનું બળ કદાચ કેરીઓ ખાતાં-ખાતાં કેળવાતું હશે!

આમ તો વસ્તુ કે વ્યક્તિ જેમ મોટી એમ એનું મૂલ્ય વધુ. નાનાં હોય એને કહેવામાં આવે છેને, ‘તને નહીં સમજાય.’ અથવા તો તેમની વાતને આમ કહીને ઉડાવી દેવાય છેઃ ‘એ બિચ્ચારું નાનું બાળ છે, તેની સમજણ કેટલી!’ પરંતુ નાનો તોય રાઈનો દાણો કહેવતની જેમ હકીકતમાં આ નાનકાં લાગતાં બાળકોની કેટલીબધી વાતો મોટાઓને ઘણું-ઘણું શીખવવા પૂરતી થઈ પડે છે. જોકે મોટા હોવાનો મહા-ભાર અને અહમ ફગાવી આપણે તેમનું ધ્યાનથી નિરીક્ષણ કરીએ તો! આ નિરીક્ષણની વાત પરથી હમણાં જ વાંચેલા એક સમાચાર યાદ આવી ગયા. તામિલનાડુ રાજ્યના કરુર જિલ્લામાં કુરુમ્બાપટ્ટી નામનું એક નાનકડું ગામ છે. ત્યાંની એક સ્કૂલના તેર વરસના પાંચ છોકરાઓએ પોતાની સ્કૂલ માટે પાણીની મોટી પ્લાસ્ટિકની બૉટલ્સમાંથી યુરિનલ્સ ડિઝાઇન કર્યા અને રોજ સ્કૂલમાં ફેલાતી ગંધાતી વાસથી સૌને મુક્તિ અપાવી! એ સ્કૂલમાં છોકરાઓને ક્લાસમાં ભણતી વખતે પેશાબની ગંધ આવ્યા કરતી હતી. છોકરાઓએ એનું મૂળ શોધવાનો પ્રયત્ન કર્યો અને તેમને સ્કૂલના ટૉઇલેટ્સમાં એ પકડાયું. ટૉઇલેટ્સમાં જમીન પર છોકરાઓ પેશાબ કરતા અને પછી એના પરથી જ ચાલીને બહાર આવતા. તેમના પગ ગંધાતા અને એ જ પગ ક્લાસમાં ગંધ લાવતા! એ સ્કૂલના તેર વરસના એક છોકરાએ વીસ લીટરની પાણીની બૉટલને જોઈને એમાંથી યુરિનલ્સ બનાવવાનો વિચાર આવ્યો. તેણે તેના ચાર મિત્રો સાથે પોતાનો આઇડિયા શૅર કર્યો અને બધાએ સાથે મળીને સ્કૂલના યુરિનલની ડિઝાઇન બનાવી. એમાં ઓછા પાણીથી ફ્લશ કરવાની યોજના પણ હતી. આમ પાણીની બૉટલને કાપીને સ્કૂલના ગંધાતા પ્રૉબ્લેમને ઉકેલ્યો એ છોકરાના નિરીક્ષણે! કલ્પના કરો, એ છોકરાઓની જગ્યાએ મોટાઓની મંડળી હોત તો! તો કદાચ આ ઉનાળાને ભાંડે છે તેમ ગંધાતા ટૉઇલેટને બે-ચાર ચોપડાવીને વાત પૂરી થઈ ગઈ હોત!
આ બધા વિચારો મનમાં ચાલતા હતા ત્યાં જ એક સંવાદ નજરે ચડ્યો, હૅપીનેસ માટે તમારો આદર્શ કોણ? જવાબ મળ્યો, પેલાં સડક પર રહેતાં નાનકડાં ભૂલકાં. અસ્તિત્વ ટકાવી રાખવા માટેની પાયાની સુવિધાઓ પણ નથી તેમની પાસે. છતાંય વરસાદમાં તેઓ ગીતો ગાઈ શકે છે! ખુશી માત્ર તોફાનને પસાર કરી દેવામાં નથી, પણ વરસાદમાં નાચી શકવાની તાકાતમાં છે. વિપ્રોના વડા અઝીમ પ્રેમજીના આ શબ્દો પણ નાનકડાં બાળકોની મોટી-બધી ક્ષમતાની સાહેદી પૂરે છે.
બચપણની એ બધી જ વાતોમાંથી ખુશી શોધવાની આવડત, ભલભલા પ્રૉબ્લેમ્સને કુતૂહલ અને તાજગીથી ફેસ કરવાની ક્રીએટિવિટી અને કોઈ પણ વિપરીત પરિસ્થિતિમાં ઍડ્જસ્ટ થઈ જવાની રેઝિલિયન્સ ઉંમર વધતી જાય એમ-એમ પાછળ છૂટતી જતી હોય એમ નથી લાગતું? ફરી પેલાં ટિચૂકડાં ફૂલડાંની વાત પર આવું. કેટલીયે વાર મોગરા કે જુઈનાં ફૂલોની માળા કે વેણી વેચતી બાઈઓની ટોકરીઓ પાસેથી પસાર થાઉં ત્યારે એકાદ પળ માટે શ્વાસમાં જતી એ ફૂલોની સુગંધથી મન પ્રસન્ન થઈ જાય છે. ચહેરા પર એક મજાની લાગણી પથરાઈ જાય. ગમે એવા કોઈ ગંભીર કે તનાવભર્યા વિચારો મનમાં ચાલતા હોય કે શરીર ચાહે જેટલું પણ થાકી ગયું હોય પણ ચૂપચાપ શ્વાસમાં પ્રવેશી જતો એ ફૂલોનો મઘમઘાટ અચાનક એ બધી નેગેટિવિટીને થોડીક પળો માટે તો ક્યાંય છૂ કરી દે છે! નાનકડાં ફૂલોની નાનીઅમથી હાજરી અને પોતાનાથી કદમાં ને પદમાં ક્યાંય મોટા માનવીના મનના એનાથીયે મહાકાય ભારેખમપણાને ભગાડી દેવાની તાકાત ધરાવે છે!
તો ચાલો, આ ઉનાળાના તમતમતા રોફને નજરઅંદાજ કરીને એની સાથે આવેલી તમામ મજાઓને સર આંખો પર સજાવીએ. અને છેલ્લે કવિ જ્યૉર્જ હર્બર્ટની આ પંક્તિઓને યાદ કરી લઈએઃ

વેકેશનમાં ઘરના મોટાઓ જ્યારે બારી-બારણાં બંધ કરીને પંખા કે ઍર-કન્ડિશનરની ઠંડકમાં બપોરે ઊંઘી જાય છે ત્યારેય બાળકો તો કંઈક ને કંઈક બહાનું કરીને આખી બપોર બહાર રમતાં રહે છે, રખડતાં રહે છે

આજે ૧૩મી રાષ્ટ્રીય ગીરનાર આરોહણ-અવરોહણ સ્પર્ધા, ડિજિટલ માધ્યમથી યોજાશે

જુનાગઢ

આજે ૧૩મી રાષ્ટ્રીય ગિરનાર આરોહણ-અવરોહણ સ્પર્ધાનું આયોજન થયું છે. આસ્થામાં સમગ્ર દેશમાંથી અંદાજીત ૫૦૦ કરતા વધુ મહિલા અને પુરુષ સ્પર્ધકોએ ભાગ લીધો છે. આ સ્પર્ધા છેલ્લા ૧૩ વર્ષથી જૂનાગઢના ગિરનાર પર્વત પર યોજાતી આવી છે. જેમાં પ્રથમ વખત આધુનિક અને ડિજિટલ સાધનોનો ઉપયોગ કરીને આ સ્પર્ધાને સંપૂર્ણ પણે ડિજિટલ બનાવવામાં આવી છે. જેમાં સ્પર્ધકે સ્પર્ધા શરૂ કર્યાથી લઈને સ્પર્ધા પૂર્ણ થયા સુધીની તમામ ગતિવિધિ ડિજિટલ માધ્યમથી રેકોર્ડ કરવામાં આવશે.

સ્પર્ધાની શરૂઆત દરેક સ્પર્ધકે પોતાનું આવેદનપત્ર રજૂ કરવાથી થાય છે. પ્રથમ પગથિયા સમાન આવેદનપત્ર રજૂ કરવાની પ્રક્રિયા આ વખતે ઓનલાઈન કરવામાં આવી છે, ત્યારબાદ રમત ગમત વિભાગ દ્વારા પણ સ્પર્ધકને માહિતી મળી છે અથવા તો સ્પર્ધકનું આવેદનપત્ર તેમના સુધી પહોંચ્યું છે તેઓ સંદેશો મોબાઈલ મારફત દરેક સ્પર્ધકને વ્યક્તિગત મળે છે. તેમજ સ્પર્ધકે કેટલા વાગે કયા સ્થળ પર આવવુ અને સ્પર્ધા દરમિયાન દરેક સ્પર્ધકના ચેસ્ટ નંબર કેટલો છે તે પણ આધુનિક અને ડિજિટલ માધ્યમથી મોબાઈલ પર તેમને આપવામાં આવ્યો છે. આ ઉપરાંત જયારે સ્પર્ધા શરૂ થયાની પ્રથમ સેકન્ડથી લઈને સ્પર્ધા પૂર્ણ થયાની અંતિમ સેકન્ડ સુધીનો તમામ સમય પણ સ્પર્ધકને તેના મોબાઈલમાં મળી રહે અને સ્પર્ધા દરમિયાન આ સમય સ્પર્ધક સાથે જોડાયેલી એક માઈક્રોચીપ કરશે જેને લઈને આ સ્પર્ધાની વિશ્વસનીયતા ખૂબ જ વધશે.

કામરેજમાં રહેતી નીરૂબેન ઝાપડીયા ગુમ

પોલીસ અધિક્ષક, સુરત ગ્રામ્યના જણાવ્યા અનુસાર તા.૧/૧૨/૨૦૨૦ ના રોજ વલણ ગામ, પાણીની ટાંકી પાસે રહેતા(મુળ ગામઃ ટાટમ, ખાડોપા વિસ્તાર, બોટાદ) બાબુભાઈ ખીમજીભાઈ ઝાપડીયાના ૨૧ વર્ષિય પુત્રી નીરૂબેન કોઈને પણ કહ્યાં વગર ક્યાંક ચાલ્યા ગયા છે. તે શરીરે મધ્યમ બાંધાના, રંગે શ્યામવર્ણ તથા ઉંચાઈ ૫.૧ ફૂટ છે. તેમણે લીલા કલરનુ ટી-શર્ટ, કાળા રંગની લેગીઝ પહેરેલ છે. જે કોઈને ભાળ મળે તો નજીકના પોલીસ સ્ટેશન અથવા કામરેજ પોલીસ સ્ટેશનમાં જાણ કરવા વિનંતી છે.

મોગરવાડી ખાતે શ્રી રામ કથાનું આયોજન

વલસાડ

વલસાડના મોગરાવાડી-અબ્રામા રોડ સ્થિત માર્કંડેશ્વર મહાદેવ મંદિરના ૧૧૫મા પાટોત્સગવ નિમિત્તે શ્રી રામકથાનું આયોજન કરવામાં આવ્યું છે. આ રામકથા પ્રારંભ તા.૯/૨/૨૦૨૦ના રોજ તેમજ કથાવિરામ તા.૧૭/૨/૨૦૨૦ના દિને કરાશે. કથાનો સમય બપોરે ૨-૦૦ થી સાંજના ૬-૦૦ સુધીનો રહેશે. ખેરગામના નવયુવાન કથાકાર જયભાઇ જોષી તેમના મુખેથી શ્રીરામ કથાનું રસપાન કરાવશે. કથામાં આવતા તમામ ઉત્સંવો ધામધૂમથી ઉજવાશે. જીવમાત્રનું કલ્યાકણ કરનારી આ શ્રીરામકથાનો ભાવિક ભક્તોકને લાભ લેવા ટ્રસ્ટ૦ દ્વારા અનુરોધ કરાયો છે.

'મારી હાજરીમાં જ સાસુ મારા પતિને પકડીને સુઈ જાય છે': પરિણીતાની ફરિયાદથી હાહાકાર

વડોદરા

આજવા રોડ પર રહેતી એક ૨૫ વર્ષીય પરણીતાએ પતિના તેના માતાના સાથેના સબંધોને લઈ ગંભીર આક્ષેપ કરતી ફરિયાદ બાપોદ પોલીસ મથકે નોંધાવતા ખળભળાટ મચ્યો છે. પરણીતાએ પતિ, સાસુ અને સસરા (રહે, રાજપીપળા) વિરુદ્ધ નોંધાવેલી ફરિયાદમાં આક્ષેપ કર્યો હતો કે, ફેબ્રુઆરી – ૨૦૧૯માં મારા લગ્ન ખાનગી કંપનીમાં નોકરી કરતાં આરોપી પતિ સાથે થયા હતા.

મારા પતિ અને સાસુનો એકબીજા પ્રત્યેનો પ્રેમ જોઈ મને ઘણો આનંદ થયો હતો, પરંતુ દોઢ મહિના બાદ મને લાગ્યું કે, આ પ્રેમ નહીં પણ કંઈક બીજુ છે. મારી હાજરીમાં જ સાસુ મારા પતિને પકડીને સુઈ જતા હતા. જેથી મેં મારા પતિને આવું સારું લાગે છે, તેમ કહેતાં મારા સાસુએ મારો છોકરો છે, તને શું વાંધો છે. તે પછી મારા પતિએ મને લાફો ચોડી દઈ મારી માં છે, તું એવું વિચારે છે? તેમ કહેતાં હું ગુમસુમ બેસી ગઈ હતી.

દરમિયાન મારા પતિને પેશાબની જગ્યાએ ઈન્ફેક્શન થતાં હું દવા લગાવતી હતી, ત્યારે મારા સાસુ આવી ગયા હતા અને પોતે જ દવા લગાવવા બેસી ગયા હતા. જેથી મેં હું પત્ની છું, તમે માં છો, તેમ કહેતાં સાસુએ છોકરો જન્મ્યો ત્યારથી નાગો હતો, હાલમાં તે છે તો શું વાંધો છે? તેમ કહેતાં હું સમસમી ગઈ હતી. રાતે હું મારા પતિ સાથે બેડરૂમમાં સુવા જતી હતી, ત્યારે મારા સાસુ પણ બાજુમાં આવીને સુઈ જતા હતા. સાસરીયાઓએ મારી પાસેથી દહેજમાં રોકડા રૂપિયા ૧૦ લાખ, સોના – ચાંદીના દાગીના અને નવા મકાન માટે ૫૦ હજારની માંગણી કરી હતી. અમે અલગ રહેવા ગયા તો મારા પતિ મને ઘરમાં પુરી રાખતા હતા.

જેથી એક વખત મેં ગળેફાંસો ખાવાનો પ્રયાસ કરતાં બચાવી લીધી હતી અને મરવું હોય તો તારા પિતાના ઘરે જઈને મર, નહીં તો તને મારી નાંખીને આત્મહત્યામાં ખપાવી દઈશું, તેવી ધમકી આપી હતી. થોડા દિવસ પહેલા પણ દારૂ પીવાની કુટેવ ધરાવતા પતિએ મને ગાળો ભાંડીને ગડદાપાટુનો મારમારી મારી નાંખવાની ધમકી આપી હતી.

ટ્રાફિક પોલીસે રોંગ સાઈડમાં પાર્ક કરેલી પોલીસની જીપને મેમો ફટકાર્યો

અમદાવાદ

રાજ્યમાં ટ્રાફિકને લગતા નિયમોનું ચુસ્ત પાલન કરાવવા માટે ટ્રાફિક પોલીસ વિભાગ દ્વારા ઝુંબેશ ચલાવામાં આવી રહી છે. જેમાં કસૂરવાર ખાનગી તેમજ સરકારી વાહન ચાલકોને ટ્રાફિક પોલીસ દ્વારા સ્થળ પર જ મેમો આપીને તેમના પાસેથી દંડ વસૂલી રહી છે. ટ્રાફિક પોલીસની કાર્યવાહીથી કેટલાક લોકો ખુશ થયા છે તો કેટલાક લોકો નાખુશ જોવા મળી રહ્યા છે. જે વાહન ચાલકો પોલીસની કાર્યવાહીથી અકળાઈ ગયા છે તેઓ સ્થળ પર જ પોલીસ સાથે ઘર્ષણ કરીને શાંત વાતાવરણને બગાડી રહ્યા છે. તો બીજી તરફ ટ્રાફિક પોલીસની પણ લોકોની સાથે દાદાગીરી કરવાની ફરિયાદો સામને આવી રહી છે. ત્યારે ટ્રાફિક પોલીસ દ્વારા પોલીસની જીપને લોક મારવામાં ઓવ્યું છે.

અમદાવાદનાં શાહીબાગ વિસ્તારમાં રોંગ સાઈડમાં પાર્ક કરેલી પોલીસની જીપ પર ટ્રાફીક પોલીસ દ્વારા શખત કાર્યવાહી કરવામાં આવી છે. શાહીબાગના ઘેવર ખાતે પોલીસ જીપને લોક મારી દેવામાં આવ્યું છે. જોકે આ મામલે રોંગ સાઈડમાં પડેલી જીપને લઈ ટ્રાફિક પોલીસે કોઈ કાર્યવાહી કરી ન હતી પરંતુ બાદમાં સ્થાનિકોના વિરોધ બાદ પોલીસની જીપને લોક મારવામાં આવ્યું હતું.

અમદાવાદના ઘેવર ખાતે સ્થાનિક લોકોએ પોલીસ જીપ રોંડ સાઈડમાં ઉભી રહેતા તેનો વિરોધ કર્યો હતો અને સ્થાનિકની કારમાં ટ્રાફિક પોલીસ દ્વારા લોક મારતા સ્થાનિકોએ વિરોધ કરતા ટ્રાફિક વિભાગે પોલીસની ગાડીને પણ લોક મારવાનો વારો આવ્યો હતો. આમ ટ્રાફિક પોલીસને નાછૂટકે પોલીસની ગાડીને લોક મારવાની ફરજ પડી હતી. સાથે જ પોલીસને ૬૦૦ રૂપિયાનો મેમો પણ આપવામા આવ્યો હતો. પરંતુ અહિં સવાલ એ ઉભો થાય છે કે, શું સ્થાનિકો વિરોધ કરશે ત્યારે જ ટ્રાફિક પોલીસ પોતાની સાચી ફરજ નિભાવશે.

જેલતંત્ર નિંદ્રામાં..!! દીવાલ કૂદીને કાચા કામના બે કેદી ફરાર

દાહોદ

દાહોદ જિલ્લાની દેવગઢ બારીયા સબ જેલમાંથી કાચા કામના બે કેદી દીવાલ કૂદીને ફરાર થઇ ગયા છે. શુક્રવારે રાત્રે ૮ વાગ્યે જમવા માટે બહાર નીકળ્યા તે સમયે આ કેદીઓએ રેકી કરી પ્રાર્થના કરવાના સમયે કોટ કૂદી ફરાર થઇ ગયા હતા.

છોટાઉદેપુર જિલ્લાના મીઠીબોર ગામનો કુખ્યાત બુટલેગર ભીખા ભલજી રાઠવા અને ધાનપુર તાલુકાના ડુમકા ગામમાં અપહરણ અને દુષ્કર્મના ગુનાનો કેદી કોઉંસીક કિર્તન ડામોર દેવગઢ બારીયા સબ જેલમાંથી ફરાર થઈ જતા પોલીસ દોડતી થઈ ગઈ છે. અને બંને કાચા કામના કેદીઓને પકડવા માટે દેવગઢ બારીયા પોલીસે નાકાબંધી કરી દીધી છે. અને બંનેની શોધખોળ હાથ ધરી છે.

ગોપીપુરામાંથી ૪૨ વર્ષીય અફસાના બાનુ મુન્શી ગુમ

અઠવાલાઈન્સ પોલીસના જણાવ્યા અનુસાર તા.૦૧/૦૨/૨૦૨૦ના રોજ ઘર નં.૦૮/૧૦૧૧, મીઠાભાઈ મસ્જીદની બાજુમા, ગોપીપુરા, મોમનાવાડ ખાતે રહેતા ગુલામ ફરીદ ગુલામ શાબીર મુન્શીના ૪૨ વર્ષીય પત્ની અફસાના બાનુ પોતાના ઘરેથી કોઈને પણ કહ્યાં વગર ક્યાંક ચાલ્યા ગયા છે. તે શરીરે મજબુત બાંધાના, રંગે ગૌર વર્ણ તથા ઉંચાઈ ૫.૨ ફૂટ છે. તેમણે મહેંદી કલરનુ સલવાર કમીઝ પહેરેલ છે. જે કોઈને ભાળ મળે તો નજીકના પોલીસ સ્ટેશન અથવા અઠવાલાઈન્સ પોલીસ સ્ટેશનમાં જાણ કરવા વિનંતી છે.

કતારગામ ઝોન દ્વારા વેરા વસુલાત ઝુંબેશ

આકારણી અને વસુલાત વિભાગ દ્વારા ચાલુ નાણાંકીય વર્ષ સને ૨૦૧૯-૨૦ દરમ્યાન હાલમાં રીકવરીની ઝુંબેશ ચાલુ હોય જે અંગે તા.૦૭/૦૨૨૦૨૦ ના રોજ મિલ્કતોમાં રીકવરી કરતા માલધારી વસાહત, શ્રીરામ નગર સોસાયટી-શ્રીરામ ચોકડી પાસે–અમરોલી સાયણ રોડ, ગૃહમ પ્લાઝા-કોસાડ રોડ વિગેરે વિસ્તારમાં કુલ ૭૨ મિલ્કતોને સીલ કરવામાં આવતા સ્થળ ઉપર રૂા. ૪,૨૩,૦૮૫/-ની વસુલાત કરવામાં આવેલ છે.

વાપીથી રતનભાઈ ઉર્ફે સતીષ ભનશાલી ગુમ

વલસાડ જિલ્લાના વાપી નહેરૂ સ્ટ્રી ટ, શાંતિનાથ એપાર્ટમેન્ટમાં રહેતા અને મૂળ ગુલાબસાગર જગદીશ ઘાટ ફલોર મીલની સામે જોધપુર, રાજસ્થાનના એવા રતનભાઈ ઉર્ફે સતીષ ભિકચંદજી ભનશાલી તા.૨/૨/૨૦૨૦ના રોજ સવારે ૭-૩૦ વાગ્યા ની આસપાસ વાપીના રહેઠાણથી કોઈને કંઈપણ કહ્યા વગર જતો રહ્યો છે, જે આજદિન સુધી ઘરે પરત આવ્યોવ નથી. ગુમ થનારની અસ્થિ ૨ મગજનો, ઉંમર ૩૦ વર્ષ, શરીરે મધ્યામ બાંધો, રંગે ઘઉંવર્ણ, ઊંચાઈ ૫.૫ ફૂટ, શરીરે ડાર્ક ગ્રે કલરનું ટીશર્ટ તથા બ્યુામ કલરનું પેન્ટવ પહેર્યું છે. જે મારવાડી તથા હિન્દી ભાષા જાણે છે. આ વર્ણનવાળા વ્યગક્તિલની જો કોઈને ભાળ મળે તો વાપી ટાઉન પોલીસ સ્ટેરશનનો સંપર્ક સાધવા જણાવાયું છે.

મુખ્યમંત્રી રૂપાણી સુરતમાં હાજરી આપશે

મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી તા.૯/૦૨/૨૦૨૦ના રોજ સવારે ૯.૫૦ વાગે સુરત એરપોર્ટ પર ઉતરાણ કરી ૧૦.૫૦ વાગે સરદાર પટેલ પ્રતિમા, મીનીબજાર, વરાછા ખાતે આયોજીત કાર્યક્રમમાં હાજરી આપશે. તેઓ ૧૨.૨૫ વાગે એરપોર્ટ પરથી અમદાવાદ જવા રવાના થશે.

કૃષિ યુનિર્વસીટીમાં માસ્ટર ટ્રેનિંગ સેમિનાર

ગુજરાત રાજયના માન.રાજપાલ શ્રી આચાર્ય દેવવ્રત નવસારી જિલ્લાના પ્રવાસે આવી રહયાં છે. રાજયપાલશ્રીના નિર્ધારિત પ્રવાસ કાર્યક્રમ અનુસાર તા.૦૯/૦૨/૨૦૨૦ ના રોજ સવારે ૧૧-૦૦ કલાકે નવસારી કૃષિ યુનિવર્સિટી ખાતે સુભાષ પાલેકર ખેતી અંતર્ગત માસ્ટર ટ્રેનીંગ સેમિનારમાં હાજરી આપશે. રાજયપાલશ્રી ૧-૫૦ વાગે ગાંધીનગર જવા રવાના થશે.

સામાજિક અદાવતમાં નવ ઈસમોએ બીએસએફ જવાન પર ખૂની હુમલો કર્યો

ભિલોડા

ભિલોડાના મલેકપુર ગામમાં ૯ ઈસમોએ સામાજિક અદાવતને લઇ જવાન અને તેના મિત્ર પર તિક્ષ્ણ હથીયાર વડે હુમલો કર્યો હતો. જેમાં જવાન અને તેના મિત્રને ગંભીર ઈજા પહોંચી હતી, ત્યારબાદ તેને હોસ્પટિલ ખાતે ખસેડવામાં આવ્યા હતાં. જ્યાં સારવાર દરમિયાન આર્મી જવાનના માથાના ભાગ પર લાગેલા ઘાથી કોમામાં સરી પડ્યા હતાં. જેના પગલે જવાનને વધુ સારવાર અર્થે અમદાવાની ખાનગી હોસ્પિટલ ખાતે વધુ સારવાર અર્થે ખસેડાયા હતા. જોકે હાલ આર્મી જવાનની સ્થિતિ સ્થિર હોવાની માહિતી પ્રાપ્ત થઈ છે. આ સમગ્ર હુમલાના પગલે મલેકપુર ગામમાં ભારે તંગદિલી સર્જાઈ હતી. ભિલોડા પોલીસે મલેકપુર ગામમાં કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવી દીધો છે.

૨૦૧૪ પછી આવું સતત બીજીવાર બન્યું

વડા પ્રધાન મોદીના ભાષણનો એક શબ્દ સંસદીય કાર્યવાહીમાંથી હટાવાયો

ન્યુ દિલ્હી

રાષ્ટ્રપતિએ સંસદના બજેટ સત્રના આરંભે સંસદનાં બંને ગૃહોને કરેલા સંબોધનનો આભાર માનતા વડા પ્રધાન નરેન્દ્ર મોદીના ભાષણમાંથી એક શબ્દ સંસદીય કાર્યવાહીમાં કાપી નાખવામાં આવ્યો હતો. રાજ્યસભાના અધ્યક્ષ વૈંકેયા નાયડુના સૂચનથી આ પગલું લેવામાં આવ્યું હતું. ૨૦૧૪ પછી સતત બીજીવાર વડા પ્રધાનના ભાષણમાંથી એક શબ્દ હટાવવાની ઘટના બની હતી.

એ પહેલાં પીઢ કોંગ્રેસી નેતા ગુલામ નબી આઝાદના ભાષણનો એક શબ્દ પણ સંસદીય કાર્યવાહીમાંથી હટાવી દેવામાં આવ્યો હતો. રાજ્યસભા સચિવાલયના એક પ્રવક્તાએ કહ્યું કે છઠ્ઠી ફેબ્રુઆરીએ સાંજે વડા પ્રધાને કરેલા ભાષણમાં નાગરિકોના રાષ્ટ્રીય રજિસ્ટર અંગે કોંગ્રેસે પોતાનું વલણ બદલવું જોઈએ એવું બોલતાં વડા પ્રધાને એક બિનસંસદીય શબ્દ ઉચ્ચાર્યો હતો જે કાઢી નાખવાની સૂચના રાજ્યસભાના અધ્યક્ષશ્રીએ આપી હતી.

એ જ રીતે વિપક્ષી નેતા કોંગ્રેસના ગુલામ નબી આઝાદના ભાષણનો એક શબ્દ પણ રદ કરવાની સૂચના રાજ્યસભા અધ્યક્ષે આપી હતી.

સામાન્ય રીતે વડા પ્રધાનના ભાષણમાંથી કોઈ શબ્દ કે વાક્ય હટાવવાની ઘટના બનતી નથી. પરંતુ ૨૦૧૮માં વડા પ્રધાને સંસદમાં કોંગ્રેસી નેતા બી કે હરિપ્રસાદની ટીકા કરતાં કેટલાક શબ્દો ઉચ્ચાર્યા હતા એ પણ સંસદીય કાર્યવાહીમાંથી કાઢી નાખવા પડ્યા હતા.

આ પહેલાં ૨૦૧૩માં ત્યારના વડા પ્રધાન મનમોહન સિંઘ અને વિપક્ષી નેતા અરુણ જેટલી વચ્ચે થયેલી ગરમાગરમી દરમિયાન વડા પ્રધાને જે શબ્દો ઉચ્ચાર્યા હતા એ સંસદીય કાર્યવાહીમાંથી કાઢી નાખવા પડ્યા હતા. આવેશમાં આવી જઈને કશુંક બોલાઈ જાય તો એ સંસદીય કાર્યવાહીમાં ન આવી જાય એની તકેદારી જે તે ગૃહના અધ્યક્ષે રાખવાની હોય છે.

હેકિંગ પાછળ અવર માઈન ગ્રૂપ હોવાનું અનુમાન

ફેસબુકના ટ્વિટર અને ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ હેકઃ દુબઈના હેકરોનો હાથ

સાન ફ્રાન્સિસ્કો

ટ્વિટર અને ઈન્સ્ટાગ્રામનું ઓફિશિયલ અકાઉન્ટ શનિવારે હેક કરવામાં આવ્યું હતું. ફેસબુકના ઓફિશિયલ ટ્વિટર હેન્ડલ પર ટ્વીટ કરીને આ માહિતી આપવામાં આવી છે. આ ટ્વીટમાં કહેવામાં આવ્યું છે કે કોઈક થર્ડ પાર્ટીએ ફેસબુકનું ઓફિશિયલ અકાઉન્ટ હેક કર્યું છે. આ હેકિંગ પાછળ 'અવર માઈન' સાઈબર ક્રિમિનલ ગ્રૂપ જવાબદાર છે. આ ગ્રૂપ ગૂગલના સીઈઓ સુંદર પિચાઈ, ફેસબુકના સીઈઓ માર્ક ઝકરબર્ગ અને ટ્વિટર હેડ જેક ડોર્સીનું અકાઉન્ટ પણ હેક કરી ચૂક્યું છે.

હેકર્સે ફેસબુકના ઈન્સ્ટાગ્રામ અકાઉન્ટને પણ હેક કર્યું હતું અને હેક કરીને ગ્રૂપની ફોટો પોસ્ટ કરી હતી. પોસ્ટમાં લખવામાં આવ્યું હતું કે, 'અમે અવર માઈન ગ્રૂપ છીએ. ફેસબુક પણ હેક થઈ શકે છે પરંતુ તેની સિક્યોરિટી ટ્વિટર કરતાં સારી છે.'

ટ્વિટરે એ વાતનો ખુલાસો નથી કર્યો કે કઈ થર્ડ પાર્ટી પ્લેટફોર્મથી ફેસબુક અકાઉન્ટ હેક થયું હતું. જોકે માનવામાં આવી રહ્યું છે કે આ ખોરોસ સોશિયલ મીડિયા મેનેજમેન્ટ ટૂલ હતું. ખોરોસનો ઉપયોગ ડિજિટલ માર્કેટિંગ અને પીઆર કંપની પોતાના સોશિયલ મીડિયા અકાઉન્ટ મેનેજ કરવા માટે કરે છે. ટ્વિટરના પ્રવકતાના જણાવ્યા અનુસાર, ફેસબુક અકાઉન્ટ હેક થવાની વાત માલુમ પડતા જ અકાઉન્ટ લોક કરવામાં આવ્યું હતું. હાલ ફેસબુક અને ટ્વિટર આવી સમસ્યાઓ સામે લડત આપવા સાથે કામ કરી રહ્યું છે.

ભારતનું વિદેશી હુંડિયામણ ૪૭૧.૩ અરબ ડૉલરને પાર

મુંબઈ

૩૧ જાન્યુઆરી સુધી વિદેશી વિનિમય ભંડાર ૪.૬૦૭ અબજ ડોલર વધીને ૪૭૧.૩ અબજ ડોલર પહોંચી ગયો છે. વિદેશી ચલણ વધવાથી હૂંડિયામણ વધ્યો છે. રિઝર્વ બેંકે ગુરુવારે છઠ્ઠુ દ્વિમાસિક નાણાકિય નીતિ સમીક્ષા કરી હતી. જેમાં જણાવવામાં આવ્યુ હતુ કે, વિદેશ વિનિમય ભંડાર ૪ ફેબ્રુઆરીએ રેકોર્ડ ૪૭૧.૪ અબજ ડોલર પહોંચી ગયો. અગાઉ ૨૪ જાન્યુઆરીએ સમાપ્ત થતા અઠવાડિયામાં વિદેશી ભંડાર ૪.૫૩૫ અબજ ડોલર વધીને ૪૬૬.૬૯૩ અબજ ડોલર પહોંચી ગયો હતો. સમીક્ષા હેઠળ સપ્તાહમાં મુદ્રા ભંડારમાં વધારાનું કારણ વિદેશી ચલણમાં વૃદ્ધિ છે. કુલ ભંડારમાં મહત્વપૂર્ણ ભાગીદારી અદા કરનાર વિદેશી ચલણ ૪.૩૨૯ અબજ ડોલર વધીને ૪૩૭.૨૪૮ અબજ ડોલર રહી.

વિદેશી ચલણ સંપત્તિને ડોલરમાં બતાવવામાં આવે છે. તેમાં અમેરિકી ચલણને છોડીને વિદેશી હૂંડિયામણમાં યૂરો, પાઉન્ડ અને યેન જેવા ચલણમાં અવમૂલ્યન અને ભાવ વધારાના પ્રભાવને સામેલ કરવામાં આવે છે.

સમીક્ષા હેઠળના સપ્તાહમાં સ્વર્ણ ભંડાર ૨૮.૨ કરોડ ડોલર વધીને ૨૮.૯૯૭ અબજ ડોલર રહ્યુ. આંતરરાષ્ટ્રીય મુદ્રાકોષ પાસે જમા વિશેષ ઉપાડ અધિકાર ૪૦ લાખ ડોલર ઓછું થઈને ૧.૪૩ અબજ ડોલર રહ્યો. દેશના આઈએમએફ પાસે મુદ્રા ભંડાર૩.૬૧૫ અબજ ડોલર પર સ્થિર રહ્યો.

૨૦૨૪ સુધીમાં ભારતની ડિફેન્સ ક્ષેત્રની નિકાસ પાંચ અબજ ડૉલર પર પહોંચશેઃ રાજનાથ

લખનઉ

ઉત્તર પ્રદેશના લખનઉમાં ચાલી રહેલા ડિફેન્સ એક્સ્પોમાં અત્યાર સુધીમાં ૨૦૦ એમઓયુ પર સહીસિક્કા કરાયા હોવાની માહિતી આપવા સાથે સંરક્ષણ પ્રધાન રાજનાથસિંહે જણાવ્યું હતું કે વર્ષ ૨૦૨૪ સુધીમાં ભારતની ડિફેન્સ ક્ષેત્રની નિકાસ પાંચ અબજ ડૉલર પર પહોંચશે.

ડિફેન્સ એક્સ્પો ૨૦૨૦માં આયોજિત એક કાર્યક્રમમાં રાજનાથે જણાવ્યું હતું કે કેન્દ્ર સરકારની નીતિના પરિણામ મળવા શરૂ થયાં છે. વર્ષ ૨૦૧૮-૧૯માં રૂ. ૧૦,૭૪૫ કરોડની ડિફેન્સ નિકાસ થઇ હતી, જે વર્ષ ૨૦૧૬-૧૭માં થયેલી નિકાસ કરતાં સાત ગણી વધુ હતી. સંરક્ષણ ક્ષેત્રે વર્ષ ૨૦૨૪ સુધીમાં આપણે પાંચ અબજ ડૉલરનું લક્ષ્ય ચોક્કસ મેળવી શકીશું એવી મને ખાતરી છે.

આ સંરક્ષણ ક્ષેત્રે ઉત્પાદન કરવાની ભારતની ક્ષમતા દર્શાવે છે. આ વખતે ડિફેન્સ એક્સ્પોમાં ૨૦૦ એમઓયુ પર સહીસિક્કા કરાયા છે, જે ઐતિહાસિક ગણી શકાય. સ્વદેશમાં વિકસાવીને ઉત્પાદન કરાયેલા હેલિકૉપ્ટર્સ, આર્ટિલરી ગન્સ, ટેક વિરોધી મિસાઇલો અને બૂલેટપ્રૂફ જૅકેટ્સને આ એક્સ્પોમાં પ્રદર્શન માટે મૂકવામાં આવ્યા હતા.

સંરક્ષણ સચિવ અજયકુમારે જણાવ્યું હતું કે આ એક્સ્પો માટે ૧૦૦ એમઓયુ અને વ્યાપારિક કરાર થવાનું લક્ષ્ય અમે રાખ્યું હતું, પણ અત્યાર સુધીમાં ૨૦૦ એમઓયુ થયા છે અને આ સંરક્ષણ ક્ષેત્રે નવા પ્રકરણની શરૂઆત છે. પાંચ દિવસના આ કાર્યક્રમમાં સંરક્ષણ ક્ષેત્રની વિશ્વભરની કંપનીઓ ભાગ લઇ રહી છે. વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ બુધવારે આ એક્સ્પોનું ઉદ્ઘાટન કરતી વખતે જણાવ્યું હતું કે ભારત સંરક્ષણ ક્ષેત્રની નિકાસ પાંચ અબજ ડૉલર સુધી પહોંચાડવાનું લક્ષ્ય સેવે છે.

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીમાં

સ્ટાર્ટઅપ સેલના મેન્ટર-માર્ગદર્શક તરીકે ડો. મેહુલ ઠક્કરની નિમણુંક કરાઈ

નવસારી કૃષિ યુનિવર્સિટીનું ગૌરવ

નવસારી

ઝડપથી વિકસી રહેલ આર્થિક મહાસત્તા બનવા તરફ અગ્રેસર એવા વિશ્વના સૌથી યુવા દેશ ભારતના શિક્ષિત યુવાનોમાં ઉદ્યોગ સાહસિકતા ખીલે એ દેશના આર્થિક અને સામાજીક વિકાસ માટે ખુબ જ જરૂરી છે. દેશનું "Demographic Dividend અને સૌથી મજબૂત પરિબળ ગણાતો યુવાવર્ગ રોજગારી શોધવા-પામવાના પ્રયત્નો કરવાની જગ્યાએ રોજગારીનું સર્જન કરે તે માટે, તેઓમાં ડેસ્પરેટ જોબ સીકર ની જગ્યાએ-પ્રોગ્રેસીવ જોબ ક્રિએટર - જોબ ગીવર ની માનસિકતા વિકસે અને તેઓ આપબળે નવિનતમ સાહસ શરુ કરવા પ્રેરિત થાય તે સાંત સમયની માંગ છે.

વૈશ્વિક ફલક પર કોઈપણ દેશમાં ધંધો-વ્યવસાય-ઉદ્યોગ કરવાની સરળતાને ધ્યાને લઈને વર્લ્ડ બેંક દ્વારા જાહેર કરાતા "Ease of Doing Business Ranking"માં ભારતના સતત સુધરી રહેલ ક્રમાંક અંતર્ગત, યુવાઓના નવીનતમ વિચારોને નાના-મોટા પાયે ઉદ્યોગ તરીકે વિકસાવી શકાય તે માટે "Entrepreneurial Eco System વિકસાવવાને લઈને, ભારત સરકારે પણ મેક ઈન ઈન્ડિયા, અટલ ઈનોવેશન મિશન, સ્ટાર્ટ-અપ ઈન્ડિયા જેવા મહત્વપૂર્ણ અભિયાનોને વેગવંતા કર્યા છે. આ દિશામાં જે રાજ્યની -જાની નસોમાં-રગ રગમાં ધંધો-ઉદ્યોગ સાહસિકતા વહે છે તેવું કહેવાય છે તેવા ગુજરાત રાજ્યમાં પણ ઉચ્ચશિક્ષણ સંસ્થાનોમાંથી ડીગ્રી લઈને બહાર નીકળતા વિદ્યાર્થીઓ પોતાના નવીનતમ વિચારો, કાબેલિયત, કોઠાસૂઝ, ધંધાકીય અને સંચાલકીય સૂઝબૂઝ અને જોમ-જુસ્સાનેસ્ટાર્ટ-અપ માં પરિવર્તિત કરી શકે તે માટે, ગુજરાત સરકારે પણ સ્ટુડન્ટ સ્ટાર્ટ-અપ એન્ડ ઈનોવેશન પોલીસી નો -શંસનીય અમલ કર્યો છે.

જે અંતર્ગત રાજ્યની યુનિવર્સિટીઓમાં "સ્ટુડન્ટ સ્ટાર્ટ-અપ સેલનું ગઠન કરીને આ દિશામાં વિદ્યાર્થીઓમાં જાગૃતિ આવે, સિદ્ધિ પ્રેરણા જાગે, મૂંઝવણોનું સમાધાન થાય તે માટે ટ્રેનીંગ, મેન્ટરીંગ, કાઉન્સેલિંગનું આયોજન હાથ ધરાઈ રહયું છે. જેમાં વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરતના "સ્ટુડન્ટ સ્ટાર્ટ-અપ સેલના "મેન્ટર -માર્ગદર્શક તરીકે આગામી એક વર્ષ માટે, મૂળ માંડવી-બ્રાહ્મણ ફળિયાના રહેવાસી અને નવસારી કૃષિ યુનિવર્સિટીના એમબીએ -ોગ્રામના એસોસિએટ પ્રોફેસર ઇન HRM અને સમગ્ર યુનિવર્સિટીના પ્લેસમેન્ટ એન્ડ કાઉન્સેલિંગ હેડ એવા આંતરરાષ્ટ્રીય ખ્યાતિ-પ્રાપ્ત HRD શિક્ષણવિદ-ટ્રેનર ડૉ. મેહુલ જી. ઠક્કરની નિમણુક કરવામાં આવતા સમગ્ર લોહાણા સમાજ, કૃષિ યુનિવર્સિટી પરિવાર તથા શિક્ષણ જગત સાથે સંકળાયેલ સૌ ગૌરાન્વિત અનુભૂતિ કરી રહયાં છે.

સરથાણાના યુવકે કિશોરીને કોફી સેન્ટરમાં અડપલા કર્યા

કિશોરીને ડરાવી ધમકાવી રૂ. ૧.૯૨ લાખ પડાવી દીધા

સુરત

વેલંજીનો યુવક કિશોરીને લલચાવી ફોસલાવી કોફી સેન્ટરમાં લઈ જઈ કિશોરી મરજી વિરૂદ્ધ અડપલાં કરી ડરાવી ધમકાવી રૂપિયા ૧.૯૨ લાખ લઈ ગયો હોવાની ફરિયાદ સરથાણા પોલીસ સ્ટેશને નોંધાઈ હતી.

સરથાણા પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ વેલંજી રંગોલી ચોકડી સુખ શાંતિ રો હાઉસમાં રહેતો ધ્રુવ રાજેશભાઈ ખુંટ નામનો યુવક ફરિયાદીની ૧૫ વર્ષીય દીકરીને ફોસલાવી ડરાવી ઘરેથી બાઈક ઉપર બેસાડીને કોફી સેન્ટર લઈ ગયો હતો. જ્યાં તેણીની મરજી વિરૂદ્ધ અડપલાં કરતો હતો. તેમજ ડરાવી ધમકાવીને રૂપિયા ૧,૯૨,૦૦૦ લઈ લીધા હતા. સરથાણા પોલીસે પોસ્કો એકટ અન્વયે ગુનો દર્જ કર્યો હતો.



નવી સિવિલ હોસ્પિટલ કેમ્પસમાં ડ્રેનેજ લાઈન ઉભરાતા રસ્તાઓ પર ગંધાતુ ગંદુ પાણી ફરી વળતા સિવિલ હોસ્પિટલ સ્ટાફ તથા દર્દીઓએ પણ હાલાકી વેઠવી પડી હતી.

લિંબાયતમાં જરીકામ કરતા કારીગર પર હુમલો કરાયો

બાળકો પર ગુસ્સો કરવા અંગે લાકડાના ફટકા મરાયા

સુરત

લિંબાયત મયુર સિનેમા પાસે બાળકો પર ગુસ્સો કેમ કરો છો? તેમ જણાવી આરોપીએ લાકડાનો ફટકો મારી જરીકામ કરતા યુવકને ઈજાઓ પહોંચાડી ફરાર થઈ ગયો હતો. લિંબાયત પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

પોલીસ સુત્રોના જણાવ્યા અનુસાર, લિંબાયત મયુર સિનેમા પાસે મોહમ્મ ઈસ્તીયાક રહે છે. તેઓ પોતાના ઘરે હાજર હતા ત્યારે રમતા બાળકો પર આરોપી સમસુદીન શખે ગુસ્સો કરી બાળકોને ભગાવવાની કોશિશ કરી હતી. ત્યારે આરોપી સમસુદીને મોહમ્મદ ઈસ્તીયાક પર લાકડાના ફટકા વડે માર મારી ફરાર થઈ ગયો હતો.પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

ભાટીયા ટોલનાકા અંગે જન આંદોલન શરૂ કરવા રણનીતિ તૈયાર કરાઈ

લડતને ચેમ્બર ઓફ કોમર્સ અને બાર એસો.નું સમર્થન

સુરત

કામરેજ ટોલનાકા ઉપર સ્થાનિક પાસિંગના વાહનોને મુક્તિ અપાવનાર સામાજિક આગેવાન દર્શન નાયકે ભાટીયા ટોલનાકા ઉપર સ્થાનિક વાહન ચાલકોને મુક્તિ અપાવવા માટે વધુ એક વખત જન આંદોલન છેડ્યું છે. આજે સાંજે ૪.૩૦ કલાકે ભીમરાડ ગામ મહાત્મા ગાંધીજીની પ્રતિમા પાસે ભાટીયા ટોલનાકાના મુદ્દે એક બેઠકનું આયોજન કરવામાં આવ્યું છે. આ બેઠકમાં સામાજિક આગેવાને સરપંચો ઉપસ્થિત રહી લડત માટેની રણનીતિ નક્કી કરવામાં આવશે. સામાજિક આગેવાન અને સુરત જિલ્લા પંચાયતના સભ્ય દર્શન નાયકે જણાવ્યું હતું કે, ભાટિયા ટોલનાકા ના પ્રશ્નો બાબતે દર્શન ભાઈ નાયક, પ્રકાશભાઈ કોન્ટ્રાક્ટર, જીજ્ઞેશભાઈ મોદી,મુકેશભાઈ પટેલ, અરુણભાઈ પટેલ, હિતેશભાઈ પટેલ, નિરવ ભાઈ પટેલ (દેલાડ) સહિતના પ્રતિનિધિ મંડળ દ્વારા સુરત ની પ્રતિષ્ઠિત સંસ્થા ચેમ્બર ઓફ કોમેર્સ ના પ્રમુખ કેતન ભાઈ દેસાઈ ને રૂબરૂ માં મુલાકાત કરવામાં આવી હતી અને ભાટિયા ટોલનાકા ઉપર રોકડ ટોલટેક્સ વસૂલી માટે ૨ લેન ને સ્થાનિકો ટોલટેક્સમાં ડિસ્કાઉન્ટ આપવા માટે રણનીતિ નક્કી કરવાની ચર્ચા કરવામાં આવી અને ચેમ્બર ઓફ કોમેર્સ ના પ્રમુખ કેતન ભાઈ દેસાઈ દ્વારા વેપારીઓ,ખેડૂતો,વિદ્યાર્થીઓ તથા સુરત શહેર અને જીલ્લાની જનતાના હિત ને ધ્યાનમાં રાખી આંદોલનમાં બિનરાજકીય રીતે જોડાવાની ખાત્રી આપવામાં આવી અને થતી સહાય કરવાનું આશ્વાસન આપવામાં આવ્યું..

દર્શનભાઈ નાયક સહિત ના આગેવાનોનું પ્રતિનિધિ મંડળ દ્વારા બપોર ના ૧૨:૦૦ વાગ્યે ભાટિયા ટોલનાકા ના પ્રશ્ન બાબતે સુરતની બીજી પ્રતિષ્ઠિત સંસ્થા બાર એસોસિયેશન ના પ્રમુખ બ્રિજેશભાઈ પટેલ, નૈનેશભાઈ (ઉપ પ્રમુખ, સુરત બાર એસોસિયેશન) હિતેશભાઈ પટેલ (મેમ્બર ઓફ બાર કાઉન્સિલ) તથા વકીલ અગ્રણીઓની પણ રૂબરૂ માં મુલાકાત કરવામાં આવી હતી.

બાર એસોસિયેશનના પ્રમુખ,બાર કાઉન્સિલના સભ્ય અને વકીલ અગ્રણી મનીષભાઈ નાયક, ભવિનભાઈ મોદી, હીમાંશુભાઈ પટેલ, સોહેલભાઈ દેસાઈ, અજયભાઈ ડભુવાલા, પ્રતિક ભાઈ જોશી, હિતેશભાઈ સિંગારા, કમલભાઈ અસરમાવાલા, અમરભાઈ પટેલ જેવા વકીલ અગ્રણીઓ દ્વારા પણ વેપારીઓ, ખડુતો, વિદ્યાર્થીઓ અને સુરત શહેર અને જિલ્લાની જનતાને ભાટિયા ટોલનાકાના અધિકારીઓ દ્વારા ટોલટેક્સ બાબતે તથા અન્યાય અને હેરાનગતિ બાબતે ખાતરી આપવામાં આવી કે જ્યાં જરૂર પડે ત્યાં રજુઆત કરવામાં આવશે અને આંદોલનમાં બિનરાજકીય રીતે જરૂર પડે તે બધી સહાય કરવામાં આવશે.

સુરત મહાનગર પાલિકા દ્વારા એચઆઈવી ટેસ્ટ કેમ્પ યોજાયા

૪૭૭ જેટલા વિદ્યાર્થીઓએ સ્વૈચ્છિક રીતે તપાસ કરાવી

સુરત

સુરત મહાનગર પાલિકાનાં આરોગ્ય વિભાગ ધ્વારા કાર્યરત એસ.ટી.ડી.કેર પ્રોજેકટ દ્વારા તા. ૦૪/૦૨/૨૦૨૦ તથા તા. ૦૬/૦૨/૨૦૨૦ ના રોજ સવારે ૮.૦૦ કલાકે અખંડ આનંદ કોલેજ, વેડરોડ ખાતે પ્રોજેકટ ઈન્ચાર્જશ્રી ડો. એચ. કે. સીંધરવા અને કોલેજનાં આચાર્યશ્રી ડો.રૂપાલીબેન શાહ ની સીધી દેખરેખ અને માર્ગદર્શન હેઠળ એસ.ટી.ડી. કેર પ્રોજેકટના સિંગણપોર અને વેડરોડ હેલ્થ સેન્ટર તથા સુરત ખાતે એચ.આઈ.વી. અટકાયતની કામગીરી કરતી વૈછીક સંસ્થા, શ્રી.રામકૃષ્ણ ચેરીટેબલ ટ્રસ્ટના સંયુકત ઉપક્રમે રેડ રીબન એકસપ્રેસની પ્રવૃતિનાં ભાગરૂપ એક એચ.આઈ.વી./ એઈસ અવેરનેસ કાર્યક્રમ તેમજ ફીએચ.આઈ.વી. ટેસ્ટીંગ કેમ્પનું આયોજન કરવામાં આવેલ જેમાં અનુક્રમે ૨૫૩ તથા ૨૨૪ મળી કુલ ૪૭૭ જેટલા વિધાર્થીઓનું સ્વેચ્છાએ એચ.આઈ.વી. ટેસ્ટીંગ કરવામાં આવેલ. સુરત શહેર ખાતે આ પ્રકારનો પ્રથમ કેમ્પનું આયોજન અખંડ આનંદ કોલેજ, વેડરોડ ખાતે કરવામાં આવેલ જેમાં ખુબજ મોટી સંખ્યામાં વિધાર્થીઓએ ભાગ લીધેલ. સદર કેમ્પમાં અસારાવાલા, કરંજ, સીંગણપોર અને વેડરોડ હેલ્થ સેન્ટર વગેરેના કાઉન્સેલરો હાજર રહેલ હતા.

મુસ્લિમ સમાજ દ્વારા પરીક્ષા અંગે સેમિનાર યોજાશે

સુરત

વલસાડના મોરારજી દેસાઈ ઓડિટોરીયમ ખાતે જિલ્લા મુસ્લિટમ સમાજ દ્વારા ધોરણ ૧૦ અને ૧૨માં અભ્યાસ કરતા સાયન્સત અને કોમર્સ બન્ને પ્રવાહના વિદ્યાર્થીઓ માટે પરીક્ષાલક્ષી માર્ગદર્શન શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે. તા.૯/૨/૨૦૨૦ના રોજ સવારે ૧૦-૦૦ વાગ્યાગથી શરૂ થનાર આ સેમિનારમાં બોર્ડની પરીક્ષા પરીક્ષા સફળતાપૂર્વક આપી શકે તે માટે શિક્ષણ તજજ્ઞો સેન્ટય જોસેફ ઈ.ટી. સ્કૂ લના જશબીન શેખ, શાહ એન.એચ. કોમર્સ કૉલેજના પ્રો. ચિરાગ રાણા તેમજ ટયુશન સંચાલક આરીફ ખાન દ્વારા ઉપયોગી માર્ગદર્શન આપવામાં આવશે.

આ સેમિનારમાં સમાજના વિદ્યાર્થીઓએ તેમના વાલી સાથે ઉપસ્થિ ત રહેવા અનુરોધ કરાયો છે. આ અંગે વધુ જાણકારી માટે ઝાહીદભાઈના મો.નં. ૯૮૨૪૭૯૬૨૩૦ ઉપર સંપર્ક સાધી શકાશે.

રાષ્ટ્રીય કલા કેન્દ્રની એકાંકી નાટ્ય સ્પર્ધામાં પ્રેસીડેન્સી સ્કૂલ ઝળકી

ત્રણ દિવસીય નાટ્ય મહોત્સવ સંપન્ન

સુરત

બાળકોમાં રહેલી સુશ્રુમ શક્તિને બહાર લાવવાનું કામ ઘણાં વર્ષોથી રાષ્ટ્રીય કલા કેન્દ્ર સુરત અને જી.ડી. ગોયેન્કા ઈન્ટરનેશનલ સ્કૂલ દ્વારા કરવામાં આવી રહ્યું છે. સુરત શહેરના પ્રાયમરી, સેકન્ડરીના બાળકોને લઈને આંતરશાળા એકાંકી નાટ્ય સ્પર્ધાનું આયોજન ગોયેન્કા સ્કૂલના વિશાળ ઓડિટોરીયમમાં કરવામાં આવ્યું હતું. જેમાં પ્રેસિડેન્સી સ્કૂલના ગુજરાતી માધ્યમના પ્રાથમિક વિભાગના બાળકો દ્વારા કે.કા. શાસ્ત્રી લિખિત અને જોલીબેન દેસાઈ, કિંજલબેન પટેલ અને રૂપલબેન પટેલ દીગદર્શિત નાટક 'નારી નારાયણી સાક્ષાત' રજૂ કરવામાં આવ્યું હતું. જે સમગ્ર નાટ્ય સ્પર્ધામાં પ્રાથમિક વિભાગમાં ત્રીજો ક્રમ મેળવી શાળાને ગૌરવ અપાવ્યું હતું. આ નાટ્કમાં મુખ્ય ભૂમિકા ભજવનાર કુ.કૃપાલી તન્નાને શ્રેષ્ઠ અભિનયનો પુરસ્કાર એનાયત થયો હતો. આ સ્પર્ધાના આયોજક રૂપીનભાઈ પચ્ચીગર ત્રમ દિવસ ચાલેલ સ્પર્ધામાં હાજર રહી સ્પર્ધાઓને સફળ બનાવી હતી.

આ પ્રસંગે નિર્ણાયક અમીતભાઈ ઠાકોર, ખરાદીભાઈ, યામિનીબેન વ્યાસ, મયંકભાઈ ત્રિવેદી રાષ્ટ્રીય કલા કેન્દ્રના અન્ય સભ્યોએ સ્પર્ધાઓને જીવંત સ્વરૂપ આપ્યું હતું. શાળાના ટ્રસ્ટી હિતેન્દ્ર ચુડાવાળા, પ્રા.એન.એમ. કારીયા અને આચાર્યા કુ.દીપિકા શુકલએ વિજેતાઓને અને તૈયાર કરાવનાર શિક્ષકોને અભિનંદન પાઠવ્યા હતા.



સામૂહિક દીક્ષા ગ્રહણ સમારંભ સંપન્ન થયા બાદ પાલ સ્થિત ગુરૂશ્રી રામ પાવન ભૂમિમાં આજે સવારથી પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવનો આરંભ કરવામાં આવ્યો હતો.

લીંબાયતમાં પાનના ગલ્લાવાળા પર હુમલો

સુરત

લીંબાયત નીલગીરી ખાતે દુકાન બંધ કરી દીધેલ છે. કંઈ પણ ચીજવસ્તુઓ મળશે નહીં તેમ દુકાનદારે જણાવતા ઉશ્કેરાઈ ગયેલા ત્રણ આરોપીઓએ લાકડાના ફટકા વડે હુમલો કરી વેપારીના શરીરે ઈજાઓ પહોંચાડી ફરાર થઈ ગયો હોવાનો બનાવ લીંબાયત પોલીસ મથકમાં નોંધાયો હતો.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર લીંબાયત મયુર સિનેમા પાસે સૈયદ રઝાક હુસેન રહે છે. તેમનો પાનનો ગલ્લો લીંબાયત નિલગીરી સર્કલ ખાતે આવ્યો છે. ગતરોજ સાંજના સુમારે અઝહર, સાબીર તથા અફરાજ વગેરેઓએ તેમના પાનના ગલ્લા પર આવી સીગારેટ ચા માંગી હતી. પરંતુ દુકાન બંધ થઈ ગઈ છે. તેવું જણાવતા ઉશ્કેરાઈ ગયેલા ત્રણ ઈસમોએ લાકડાના ફટકા વડે હુમલો કરી શરીરના ભાગે ઈજાઓ પહોંચાડી ફરાર થઈ ગયા હતા. લીંબાયત પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

સુમુલ ડેરી રોડ પર મોટર કારના કાચ તોડીને ચોરી

રૂ. ૧.૪૫ લાખની મ્યુઝિક સીસ્ટમની ચોરી

સુરત

સુમુલડેરી રોડ શ્રદ્ધા સોસાયટીમાં તસ્કરોએ બે કારને નિશાન બનાવી રૂપિયા ૧.૪૫ લાખની કિંમતની મ્યુઝિક સિસ્ટમને ચોરી કરી ગયા હતા.

કતારગામ પોલીસ સુત્રોના જણાવ્યા અનુસાર સુમુલડેરી રોડ શ્રદ્ધા સોસાયટી ફરિયાદી હરેશભાઈ હરગોવિંદ પટેલ તથા હિતેશભાઈ હસમુખભાઈ બોધાવાળાની કારને ત્સકરોએ નિશાન બનાવી હતી. તસ્કરોએ કારના કાચ તોડી બન્ને કારમાંથી રૂપિયા ૧.૪૫ લાખની કિંમતની મ્યુઝિક સિસ્ટમની ચોરી કરી નાસી ગયા હતા. બનાવ અંગે હરેશ હરગોવિંદ પટેલની કતારગામ પોલીસે ફરિયાદ નોંધી હતી.

ન્યુ ઈન્ડિયા કા.ઓ.બેંક સ્મોલ ફાઈનાન્સમાં રૂપાંતર પામશે

બેંકની હાલ સંપત્તિ રૂ. ૨૩૦ કરોડ છે

મુંબઈ

મુંબઈ બહાર વિવિધ રાજ્યોમાં હાજરી ધરાવતી અગ્રણી શિડ્યુલ્ડ કોમર્શિયલ બેન્ક, ન્યુ ઈન્ડિયા કો-ઓપરેટિવ બેન્ક (NICB)એ તાજેતરમાં ૧૮ જાન્યુઆરી ૨૦૨૦ના રોજ તેના શેરધારકોની સ્પેશ્યલ જનરલ બોડીની બેઠક યોજી હતી અને સ્મોલ ફાઈનાન્સ બેન્કમાં રૂપાંતરિત કરવાનો એક ઠરાવ પસાર કર્યો હતો અને હવે તે આ પગલે આગળ વધવા માટે આરબીઆઈ અને સેન્ટ્રલ રજિસ્ટ્રાર ઓફ સોસાયટીઝનો સંપર્ક કરશે. મજબૂત નાણાકીય સૂચકાંકો જેવા કે ૦.૫% કરતા ઓછી ચોખ્ખી નોન-પરફોર્મિંગ એસેટ્સ અને ૧૨% કરતા વધુ મૂડી પર્યાપ્તતા હોવાથી તે ભારતીય રિઝર્વ બેન્કના નાણાકીય દ્રષ્ટિએ તંદુરસ્ત અને વ્યવસ્થિત રીતે સંચાલિત (FSWM) માપદંડ હેઠળ આવે છે. મહારાષ્ટ્ર અને ગુજરાતમાં તેની શાખાઓ છે.

NICBએ પ્રાયમરી (શહેરી) કો-ઓપરેટિવ બેન્કોના સ્મોલ ફાઈનાન્સ બેન્કોમાં સ્વૈચ્છિક રીતે રૂપાંતર પામવા અંગેની ૨૭ સપ્ટેમ્બર, ૨૦૧૮ની આરબીઆઈની માર્ગદર્શિકા અનુસાર સ્મોલ ફાઈનાન્સ બેન્કમાં રૂપાંતર પામવાનો નિર્ણય કર્યો છે.

બેન્કના વાઈસ ચેરમેન શ્રી હિરેન ભાનુના જણાવ્યા મુજબ, સ્મોલ ફાઈનાન્સ બેન્ક બનવા માટે કામગીરી શરૂ કરવાની તારીખે ઓછામાં ઓછી રૂ.૨૦૦ કરોડની નેટવર્થ હોવી જોઈએ એવી આરબીઆઈ દ્વારા નક્કી કરવામાં આવેલી કડક માર્ગદર્શિકાને એનઆઈસીબી પૂરી કરે જ છે. એનઆઈસીબીની વર્તમાન સંપત્તિ રૂ. ૨૩૦ કરોડ છે.

વરાછામાં મોટર જપ્ત કરાતા પોલીસ કર્મચારીઓ પર હુમલો

સુરત

વધુ એક વખત વરાછામાં ટ્રાફિક પોલીસ ઉપર ટોળાએ હુમલો કર્યો હતો. કારને ટ્રોઈગ કરીને લઈ જતી વખતે ત્રણ મહિલા સહિત છ જણાંએ ટ્રાફિક પોલીસ ઈન્સ્પેક્ટર સહિતના કર્મચારીઓ સાથે ઝપાઝપી કરી ગાડીના લોકથી હુમલો કર્યો હતો. વરાછા પોલીસે તમામ વિરૂદ્ધ રાયોટિંગનો ગુનો દર્જ કર્યો હતો.

વરાછા ત્રિકમનગર-૧ પાસે ટ્રાફિકને અડચણરૂપ સ્વીફ્ટ કારને ટ્રોઈગ કરીને ક્રેઈનમાં લઈ જવાતી હતી. ત્યારે આરોપી ગૌરાંગ નિતિન જોઘાણી, ચિરાગ બાબુ જોઘાણી, કિશોર સુતરિયા, મંજૂબેન નિતીન, ઈલાબેન અશોક, રશ્મિકાબેન દિનેશ ચૌહાણે ટ્રાફિક પોલીસની ફરજમાં અવરોધ ઊભો કરી ઈન્ચાર્જ પો.ઈ. એ.કે. પટેલ સહિતના પોલીસ કર્મીઓ સાથે ઝપાઝપી કરી કોલર પકડી ગાડીનું લોક મારી ઈજા પહોંચાડી હતી. વરાછા પોલીસે હે.કો. પ્રગ્નેશગીરી ગોસ્વામીની ફરિયાદ નોંધી હતી.

બહેન સાથે પ્રેમસંબંધ હોવાની શંકા રાખી ધો.૧૨ના વિદ્યાર્થીની હત્યા

પાંડેસરામાં રહેંસી નંખાયેલા વિદ્યાર્થીના પરિવારજનોના સિવિલ હોસ્પિટલમાં ધરણાં

ટ્યુશનેથી ઘરે જતા વિદ્યાર્થી રોહિતને મુકેશ પીંપળે નામના યુવકે ચપ્પુના ઘા ઝીંકી પતાવી દીધો



સુરત

ગતરાત્રે પાંડેસરા નાગસેન નગર ખાતે બહેન સાથે પ્રેમ સંબંધ હોવાના વહેમમાં ધોરણ ૧૨ના વિદ્યાર્થી ઉપર ચાકુના ઘા ઝીંકી કરપીણ હત્યા કરવામાં આવી હતી. સિવિલ હોસ્પિટલમાં મૃતક વિદ્યાર્થીના પરિવારજનો અને સંબંધીઓ દ્વારા આરોપીની ધરપકડની માંગ સાથે ધરણા પર બેઠા છે.

નવી સિવિલ હોસ્પિટલના સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ પાંડેસરા નાગસેન નગર ખાતે રહેતો ધોરણ ૧૨નો વિદ્યાર્થી રોહિત દશરથ બાવિષ્કર ગતરાત્રે ટ્યુશન ક્લાસીસમાંથી ઘરે આવી રહ્યો હતો. નાગસેન નગરમાં જ રહેતાં મુકેશ બાબુ પીંપળેએ પોતાની બહેન સાથે રોહિતનો પ્રેમ સંબંધ હોવાનો વહેમ રાખીને ક્લાસીસ પાસે પહોંચી ગયો હતો.

રોહિત સાથે બોલાચાલી કરી ઝઘડો કર્યો અને પોતાની પાસે રાખેલ ચાકુથી ઉપરાછાપરી ઘા મારી નાસી છુટ્યો હતો. રોહિતનું સિવિલ હોસ્પિટલમાં સારવાર દરમ્યાન મોત નીપજતા પોલીસે હત્યાનો ગુનો નોંધ્યો છે. આજે સવારથી જ રોહિતના પરિવારજનો અને સંબંધીઓ સિવિલ હોસ્પિટલના પી.એમ. રૂમ ખાતે મોટી સંખ્યામાં ભેગા થઈ જ્યાં સુધી હત્યારાની ધરપકડ નહીં થાય ત્યાં સુધી લાશનો કબજો નહીં લેવામાં આવે તેવી માંગ સાથે ધરણાં પર બેઠા છે. આરોપીની વહેલી તકે ધરપકડ કરી તેને ફાંસીની સજા થાય તેવી માંગ પણ સંબંધીઓ દ્વારા કરવામાં આવી રહી છે.

સુરત


ઉધના પાસેના નાગસેન નગરમાં રહેતા ૧૭ વર્ષના બારમાં ધોરણમાં અભ્યાસ કરતા રોહિત પર બેન સાથે પ્રેમસંબંધની શંકામાં મુકેશ નામના ૧૮ વર્ષના છોકરાએ ચપ્પુના ઘા મારી ભાગ્યો હતો. આ અંગે ટ્યુશનના સ્થળે આજુબાજુવાળાએ આ જોતા રોહિતને સિવિલ હોસ્પિટલમાં દાખલ કર્યો, જ્યાં મોડીરાતે તેનું મૃત્યું થયું હતું. આ અંગે પોલીસે તપાસ હાથ ધરી છે.

ઉધના પાસે આવેલા નાગસેન નગરમાં રોહિત દશરથ બાવીસકર નામનો યુવાન ધોરણ બારમાં અભ્યાસ કરે છે. તે વિષ્ણુનગર-૧ પાસે બારમાં ધોરણના ટ્યુશનમાં જતો હતો. શુક્રવારે તે ટ્યુશનેથી છુટ્યો ત્યારે મુકેશ પીપળે નામના ૧૮થી ૧૯ વર્ષના યુવાને માથા અને પેટમાં ચપ્પુના ઘા મારી ભાગી ગયો હતો. રોહિતને ઢળી પડેલો જોઈ આજુબાજુવાળા દોડી આવતા તેને સિવિલમાં દાખલ કરાયો હતો, જ્યાં મોડીરાતે તેનું મોત થયું હતું. આ અંગે પોલીસને જાણ કરાતા તપાસ દરમિયાન જાણવા મળ્યું કે મુકેશને રોહિત પર બેન સાથે અફેર હોવાનો વહેમ હતો.

આથી રોહિતને પાઠ ભણાવવા માટે તેના પર નજર રાખતો હતો. આ દરમિયાન ગઈકાલે શુક્રવારે રાતે તે વિષ્ણુનગર સોસાયટીના વિભાગ ૧ના ગેટ પાસેથી પસાર થતો હતો, ત્યારે મોકો જોઈ મુકેશે તેની સાથે બોલાચાલી શરૂ કરી હતી. ત્યારબાદ અચાનક ચપ્પુ કાઢી રોહિત પર માથામાં અને પેટમાં ચપ્પુના ઘા ઝીક્યા હતા. જેના કારણે રોહિત લોહિલુહાણ હાલતમાં ઢળી પડ્યો. તેને ઢળી પડતો જોઈ આજુબાજુવાળા દોડી આવ્યા અને સિવિલ હોસ્પિટલમાં ભરતી કરાવ્યો હતો, જ્યાં મોડીરાતે તેનું મોત થયું હતું. આ અંગે ઉધના પોલીસ દ્વારા વધુ તપાસ હાથ ધરાઈ છે.

અલથાણ સોહમ સર્કલ પાસે ઝાડ પર લટકી મજૂર યુવકનો આપઘાત

ઊંચા ઝાડ પરથી લાશ ઉતારવા પોલીસે ફાયર બ્રિગેડની મદદ લીધી



સુરત

અલથાણ વિસ્તાર આવેલા સોહમ સર્કલ પાસે ઝાડ પર સવારના સમયે યુવકનો લટકતો મૃતદેહ મળી આવ્યો હતો. ઘટનાની જાણ સ્થાનિકોને થતાં પોલીસને જાણ કરાઈ હતી. પોલીસે ફાયરબ્રિગેડની મદદથી મૃતદેહને નીચે ઉતારી વધુ તપાસ હાથ ધરી છે. જેમાં પ્રાથમિક તપાસમાં મજૂરી કામ કરતો યુવક ઘરેથી દવા લેવા જવાનું કહીને નીકળ્યો હતો. એક વર્ષ અગાઉ યુવકના લગ્ન થયા હતા ત્યારે કયા સંજોગોમાં ફાંસો ખાધો તે અંગે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

અલથાણ વિસ્તારમાં આવેલા સોહમ સર્કલ નજીક લગભગ ૨૫ ફૂટ ઊંચા ઝાડ પર યુવકનો લટકતો મૃતદેહ સ્થાનિકોએ જોતાં ચકચાર મચી ગઈ હતી. પોલીસ તપાસમાં મૃતક ભટારના ખોડિયારનગર ખાતે રહેતો વિપુલભાઈ દિનેશભાઈ ડામોર(ઉ.વ.૨૩)ના હોવાનું તથા કડિયા કામની મજૂરી સાથે સંકળાયેલો હોવાનું સામે આવ્યું હતું. પોલીસે ઘટના સ્થળે પહોંચી ફાયરબ્રિગેડની મદદથી મૃતદેહને નીચે ઉતારી પીએમ માટે સિવિલ હોસ્પિટલ મોકલી આપી વધુ તપાસ હાથ ધરી હતી. મૂળ દાહોદના વિપુલના એક વર્ષ અગાઉ લગ્ન થયા હોવાનું અને ઘરેથી રાત્રિના સમયે દવા લેવા જવાનું કહીને નીકળ્યો હોવાનું સામે આવ્યું છે.

બિલ્લા હત્યા કેસ : હથિયાર અને બાઈક શોધવા પોલીસે ટીમો બનાવી

રિમાન્ડ દરમિયાન ત્રણેય આરોપીઓની આકરી પૂછપરછ

સુરત

નવસારી છાપરા રોડ પર સુરતના તડીપાર અને ખંડણીખોર વસીમ બિલ્લાની ઘાતકી હત્યા કરવામાં સંકળાયેલા ત્રણ આરોપીઓની પોલીસે કડક પૂછપરછ હાથ ધરી છે. જોકે, ગુનામાં વપરાયેલા ઘાતક હથિયારો તથા વાહનો કબજે કરવા પોલીસે વિવિધ ટીમો બનાવી હોવાનું રેન્જ આઈજી રાજકુમાર પાંડીયને જણાવ્યું હતું.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર સુરત ઝાંપાબજાર ખાતે રહેતાં વસીમ બિલ્લાનું ૨૨મી જાન્યુઆરીએ મોડી સાંજે ફાયરિંગ કરી ઢીમ ઢાળી દેવામાં આવ્યું હતું. નવસારી પોલીસે આર્મ્સ એક્ટ તથા હત્યાનો ગુનો નોંધી ધનિષ્ઠ તપાસ હાથ ધરી હતી. જોકે, ખૂબ ટૂંક સમયમાં પોલીસે શરૂ કરેલી તપાસમાં બે શાર્પ શૂટરો સહિત ત્રણ આરોપીઓની ધરપકડ કરી કોર્ટમાં રજૂ કરી ૧૦ દિવસના રિમાંડ મેળવ્યા હતા. જોકે, વ્હોરા સમાજના અગ્રણી બદરી લેસવાળા હાલમાં શહેરમાં નથી. એટલે પોલીસે તેમની સામે લૂક આઉટ નોટીસ જારી કરી ઈમીગ્રેશનમાં જાણ કરી. દરેક આંતરરાષ્ટ્રીય જાણ કરવામાં આવી છે. પોલીસે હાલમાં ગુનામાં વપરાયેલા હથિયારો અને બાઈક શોધવા વિવિધ ટીમો બનાવી હોવાનું પણ રેન્જ આઈજી રાજકુમાર પાંડીયને જણાવ્યું હતું.

સોની ફળિયામાં યુવતી રૂકસાદબેન ખ્વાજા લાપતા

અઠવાલાઈન્સ પોલીસના જણાવ્યા અનુસાર ફ્લેટ નં. ૫૦૧, શબા પેલેસ, મેમણ હોલની લાઈનમાં, આર્યસમાજ મંદીરની સામેની ગલીમા, સોની ફળીયા ખાતે રહેતા બિસ્મિલ્લાબાનુ ખ્વાજાની ૨૦ વર્ષિય પુત્રી રૂકસાદ કોઈને કહ્યાં વગર ક્યાંક ચાલ્યા ગયા છે. તે રંગે ગૌર વર્ણ, શરીરે મધ્યમ બાંધાના અને ઉંચાઈ ૫.૧ ફૂટ છે. તેમણે શરીરે કાળા રંગનુ ટોપ અને કાળા રંગની લેગીઝ પહેરેલ છે. જે કોઈને ભાળ મળે તો નજીકના પોલીસ સ્ટેશન અથવા અઠવાલાઈન્સ પોલીસ સ્ટેશનમાં જાણ કરવા વિનંતી છે.

ખેલકૂદ મહોત્સવમાં ધરમપુર કોલેજ ચેમ્પિયનની હેટ્રીક કરી

વલસાડ

વલસાડ જિલ્લાના ધરમપુરની શ્રી વનરાજ આર્ટ્સ એન્ડ્ન કોમર્સ કોલેજે યુનિવર્સીટીના ૪૭મા ખેલકૂદ મહોત્સાવમાં ચેમ્પિવયન થવા સાથે ચેમ્પિ:યનશીપની હેટ્રિક નોધાવી છે. આ મહોત્સ?વમાં વિજેતા રમતવીરોનો ભવ્યિ સન્માદન સમારંભ કૉલેજ ખાતે યોજાયો હતો.

કૉલેજના આચાર્ય ડૉ.વી.ડી.પટેલે ખેલાડીઓની અદ્વિતીય સિધ્ધિને બિરદાવી હતી. જીમખાના કોચ યોગેશ દેશમુખ તથા પ્રવીણ તુમડાએ એથ્લેાટીક્સો મીટનો અહેવાલ રજુ કર્યો હતો. ખેલાડીઓને પ્રોત્સાહન આપવા માટે ડૉક્ટર પંકજ ભુસારા, કૉલેજના પૂર્વ જી.એસ. પ્રભાકર યાદવ, પૂર્વ વિદ્યાર્થી સતીશ બારિયા ઉપસ્થિનત રહયા હતા. જી.એસ. સુનીલ, જીમખાનાના મંત્રી ઈશ્વર ગાંવિત કૉલેજના શૈક્ષણિક સ્ટાીફ તથા વિદ્યાર્થીઓએ ખેલાડીઓનું પુષ્થી અભિવાદન કર્યું હતું. આ સિધ્ધી માટે એમ.એસ.વી.એસ કેળવણી મંડળ, ધરમપુરના ટ્રસ્ટી? મંડળ, કૉલેજ પરિવાર, વિદ્યાર્થી સંઘ તથા બામટી-રાનપાડા ગ્રામ પંચાયતએ અભિનંદન તથા શુભકામનાઓ પાઠવી હતી.

ઉલ્લેખનીય છે કે, યુનિવર્સીટીના ૪૭મા ખેલકૂદ મહોત્સવમાં ૧૩૮ કોલેજના ૧૨૯૫ ખેલાડીઓએ ભાગ લીધો હતો. યુનિવર્સીટીમાં એથ્લેટિક્સની ભાઈ-બહેનોની ૧૮ ઈવેન્ટ થઈઈ હતી. જેમાંથી વનરાજ કૉલેજ ધરમપુરને ૧૧ ઈવેન્ટામાં ગોલ્ડધમેડલ ૦૨ ઈવેન્ટનમાં સિલ્વખર મેડલ અને ૦૩ ઈવેન્ટહમાં બ્રોન્ઝઈ મેડલ મળી કુલ ૧૬ મેડલ મળ્યા૯ હતા. સમગ્ર ટુર્નામેન્ટ માં ૭૨ પોઈન્ટા મળતા ચેમ્પિનયનશીપ મળી હતી. કૉલેજના ખેલાડીઓએ યુનિવર્સીટીની ૬ ઈવેન્ટ માં રેકર્ડ બ્રેક કર્યા હતા. જેમાં ધરમપુર કૉલેજના સુનીલ કામડી, સચિન પઢેર, ધર્મેશ કોકણી, ધર્મેશ ગાંવિત અને ઉમેશ પવારનો સમાવેશ થાય છે. આ ઉપરાંત હરીશ રાઉત, કલ્પેસશ કોકણી, નરેશ તુંમડા, તેજલ કોકણી, સાધના ભડાગિયા, ભાવના માલધાર્યા, વૈશાલી ખાડમ, મંદા ચૌહાણ, સોનલ ચૌધરી, દિવ્યામ માહ્યુી, રોહતિ કોકણી, રોહીદાસ રાઉત, રાહુલ વસાવા સહિત દરેક ખેલાડીઓએ ટીમવર્કની ભાવના સાથે રમતોત્સાવમાં ભાગ લીધો હતો. વન અને આદિજાતિ વિકાસ રાજ્યોમંત્રી રમણલાલ પાટકરે પણ ખેલાડીઓની સિધ્ધીદમાં બહુમૂલ્યન આર્થિક યોગદાન આપ્યુંત હતું. સન્માંન સમારંભનું સંચાલન જીમખાના સમિતિના અધ્યમક્ષ ડૉ.કે.એમ.પટેલ કર્યું હતું.

વીઆર મોલ પાસે ઝેરી દવા પીધેલી હાલતમાં યુવતી મળી

૧૦૮ દ્વારા હોસ્પિટલ લવાયેલી યુવતીની હાલત ગંભીર

સુરત

વીઆર મોલ નજીક આવેલી ઝાડીઓમાંથી એક યુવતી ઝેરી દવા પીધેલી હાલતમાં મળી આવી હતી. ૨૨ વર્ષિય યુવતીએ ઝેરી દવા પી લેતા રાહદારીઓએ ૧૦૮ એમ્બ્યુલન્સને જાણ કરી હતી. જેથી યુવતીને સારવાર અર્થે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવી છે જયાં તબીબોએ યુવતીની હાલ ગંભીર ગણાવી છે.

યુવતીએ આપઘાતનો પ્રયાસ કરતાં અગાઉ એક સુસાઈડ નોટ લખી હતી જે તેની પાસેથી મળી આવી હતી. સુસાઈડ નોટમાં યુવતીએ લખ્યું હતું કે, હું મારી મરજીથી આ પગલું ભરૂં છું. આ સાથે કોઈ પણ વાત કે વ્યક્તિ કારણ નથી. મારા શરીરના જે ભાગનું દાન થઈ શકે એ બધા ભાગ અંગનું દાન કરજો. બસ બીજું કંઈ કહેવું કે લખવું નથી.આટલું લખ્યા બાદ ઝેરી દવા પી આપઘાતનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. ઝાડીઓમાંથી યુવતીને ૧૦૮માં સિવિલ હોસ્પિટલમાં લાવવામાં આવી હતી. સિવિલના તબીબોએ ગંભીર હાલત ધરાવતી યુવતીની વધુ સારવાર શરૂ કરી છે.

એટીએમ કાર્ડ બદલી રૂા.૧.૩૯ લાખની ખરીદી કરી લીધી

બે અજાણ્યાઓ સામે સાઈબર ક્રાઈમમાં ફરિયાદ

સુરત

બમરોલી રોડના એક્સીસ બેંકના એટીએમ સેન્ટરમાં યુવકનો એટીએમ કાર્ડ બદલી લઈ રોકડા રૂપિયા ૪૦,૦૦૦ અને અલગ-અલગ જગ્યાએ ખરીદી કરી કુલ રૂપિયા ૧,૩૯,૯૧૭ વાપરીને છેતરપિંડી કરી હતી. બે અજાણ્યા વ્યક્તિ સામે પોલીસ ફરિયાદ નોંધાઈ હતી.

સાયબર ક્રાઈમ પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ બમરોલી રોડ ઓમશ્રી સાંઈ જલારામનગરમાં રહેતાં પૃથ્વીરાજ ભુવનેશ્વર પ્રસાદના પુત્ર રવિ એક્સીસ બેંકના એટીએમ ઉપર રૂપિયા ૧૦૦૦ ઉપાડવા ગયો હતો. ત્યારે બે અજાણ્યા વ્યક્તિએ રવિને વાતોમાં લગાડી એટીએમ કાર્ડ બદલી લીધો હતો.

ત્યારબાદ આ કાર્ડથી રોકડા રૂપિયા ૪૦,૦૦૦ ઉપાડી લઈ શ્રી મહાલક્ષ્મી ઓટોનો બાલાજી જ્વેલર્સ, આકાશ પેટ્રોલિયમ, કરશન એન્ટરપ્રાઈઝ, એચપીસીએલ શ્રી મહાલક્ષ્મી, સાધના જ્વેલર્સમાં અલગ અલગ જગ્યાએ રૂા.૯૯,૯૧૭નું ટ્રાન્જેકશન કરી કુલ રૂા.૧,૩૯,૯૧૭ની ઠગાઈ કરી હતી. સાયબર ક્રાઈમ પોલીસે તપાસ હાથ ધરી છે.

પવનની દિશા બદલાતા દક્ષિણ ગુજરાતના તાપમાનમાં વધારો

સુરતમાં ૧૭.૮ અને નવસારીમાં ૯.૩ ડીગ્રી તાપમાન

સુરત

આજે સવારથી દક્ષિણ ગુજરાતમાં અચાનક પવનની દિશા ઉત્તર તરફથી બદલાઈને પૂર્વ તરફથી પવન ફુંકાતા ઠંડીમાં નજીવી રાહત અનુભવાઈ હતી. ગતરોજની સરખામણીએ આજે નવસારીમાં ઠંડી યથાવત રહી છે. જ્યારે સુરતમાં તાપમાન વધતા ઠંડીની અસર ઘટી છે.

સુરત હવામાન વિભાગના સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ આજે શહેરનું અધિકતમ તાપમાન ૨૮.૪ ડીગ્રી અને ન્યુનતમ તાપમાન ૧૭.૮ ડીગ્રી નોંધાયું છે. હવામાં ભેજનું પ્રમાણ ૫૬ ટકા અને હવાનું દબાણ ૧૦૧૭.૯ મિલીબાર નોંધાયું છે. સવારથી શહેરમાં પૂર્વ દિશાથી કલાકના ૬ કિલોમીટરની ઝડપે પવન ફુંકાઈ રહ્યો છે. ગતરોજ ઉપર દિશાથી પવન ફુંકાતો હતો. જેમાં આજે અચાનક દિશા બદલાતા ઠંડીની અસર ઓછી થઈ છે. નવસારી હવામાન વિભાગના સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ સવારે ન્યુનતમ તાપમાન ૯.૩ ડિગ્રી નોંધાયું છે. ગતરોજની સરખામણીએ આજે પણ ઠંડીનું પ્રમાણ યથાવત રહ્યું છે. રાજ્યના હવામાન વિભાગ દ્વારા મળતી માહિતી મુજબ આગામી એક-બે દિવસ દરમ્યાન ફરી દક્ષિણ ગુજરાતમાં ઠંડીનું મોજુ ફરી વળે તેવી શક્યતા છે.

MARKET 4U™
ISO 9001:2015 Certified company
REG. OFFICE:
13 PRITAM SOCIETY VIBHAG 1,
KASAK, BHARUCH.392002
Mo. No. : 7575006847
• Email : market4u19@gmail.com
• Website : www.market4u.in
• GST NO : 24ABDPZ8422D1ZN
તમામ શહેરોમાં એજન્સી મેળવવા સંપર્ક કરો.
આપના એક્ટિવાથી ટ્રક સુધીના તમામ વાહનોની સુરક્ષા
અને ક્યાં છે તે જાણવા GPS ટ્રેકિંગ સિસ્ટમ ફિટ કરાવો
માત્ર રૂપિયા ૬૦૦૦/-
સાથે મેળવો ત્રણ વર્ષ માટે આપની જાહેરાતની સુવિધા
તો રાહ કોની જુઓ છો ? કરો એક કોલ અને જાણો વિગત
GPS Market
RV-04
Geo Fence
Overspeed Alarm
Mileage Statistics
5M Accuracy (95%)
ACC Ignition Detection
OTA Firmware Upgrade
Over Voltage Protection
Built In Battery 160 mA/H
Tele-Cut Off (Petrol/ Electricity)
Data In Buffer (in GPS Blind Area)
GSM Module : QUECTEL M26
GPS Module : GTOP GT-1612-UB7X
For Demo -
Go to play store
Download -
GPSMARKET
User id : demo -
password : 123456
ADMIN OFFICE: 13/96, Bethi Colony, Khatodara, Udhna Darwaja, SURAT. MO. : 7575006850

ઈન્ડિયન આર્મીમાં ફરજ બજાવતા નર્મદાના આંબલી ગામના યુવાનના મૃતદેહને શહિદ ગીતો અને સલામી સાથે વિદાઈ અપાઈ





પોતાના વતનમાં મૃતદેહ આવ્યા બાદ રાજપીપળા શહેર માં અંતિમયાત્રા ફેરવી સૈનિકોએ યુવાનને સલામી આપી વિદાઈ આપી

(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

નર્મદા જિલ્લાના નાંદોદ તાલુકાના આંબલી ગામે રહેતો યોગેશ પુનિયા વસાવા દેશની બોર્ડર પર રાજસ્થાન ખાતે ફરજ બજાવતો હતો થોડા સમય પહેલા તે પોતાના ગામ આંબલીમાં સામાજિક પ્રસંગમાં ભાગ લેવા રજા લઈને આવ્યો હતો રજા પુરી કરીને પોતે ફરજ પર હાજર થવા માટે જતો હતો જેમાં કાર માં રાજસ્થાન બોર્ડર પાસે કાર આકસ્માત માં મોતને ભેટ્યો જેથી આર્મી કેમ્પ દ્વારા આ સૈનિકના મૃતદેહ રાષ્ટ્રીય તિરંગામાં લપેટી રાજસ્થાન થી રાજપીપળા લાવવામાં આવ્યો જેમાં આંબલી ગામ અને રાજપીપળા સહીત અન્ય ગામોના આદિવસી આગેવાનો મોટી સંખ્યામાં વિજય ચોક કાળા ઘોડા પાસે ભેગા થઈ શાહિદ યોગેશ વસાવા નું સ્વાગત કરી તેની અંતિમ ગૌરવ યાત્રા આખા શહેરમાં ફેરવામાં આવી અને યાત્રા સ્વરૂપે તેના ગામ આંબલી લઈ જવામાં આવી.સવારે આ શહિદ આર્મી જવાનને ગાર્ડઓફ ઓનર આપી સલામી આપી વિધિવત અંતિમ વિધિ કરી હતી. તેની માતા પિતા યુવા પત્ની સહીત પરિવાર ભારે કલ્પાંત કરતા હતા અને ગામના યુવાનની ચીર વિદાય થી આખું આંબલી ગામ હીબકે ચઢ્યું હતું.

આ બાબતે ગામના અંબાલાલ વસાવા એ જણાવ્યું હતું કે ભાઈ યોગેશ અમારા ગામનું ગૌરવ હતો જે ગામના તમામ યુવાનોને પ્રેરણા આપી કામ ધંધો કરવા સૂચન કરી કેટલાય યુવાનો આજે તેની પ્રેરણા થકી કામ કરવા લાગ્યા છે અને એ જયારે પણ રજામાં ગામમાં આવતો વડીલોને મળતો હતો.ખુબ પ્રેમાળ અને મિલનસાર સ્વાભાવનો હતો.જેની આમ અચાનક ચીર વિદાય થી આખું ગામ અને સ્નેહીજનો શોકાતુર બન્યા છે.

નર્મદા જિલ્લા બ્લડ બેન્કને પછાત વિસ્તારોમાં બ્લડ પુરુ પાડવા બદલ "બેસ્ટ હેલ્થ કેર ઈનોવેટીવ એવોર્ડ"



(ભરત શાહ દ્વારા) - રાજપીપળા : ઈન્ડિયન રેડક્રોસ સોસાયટીની ગુજરાત શાખાની વાર્ષિક બેઠક માં ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી સંચાલિત નર્મદા જિલ્લા બ્લડ બેન્કને અંતરિયાળ અને પછાત વિસ્તારો માં બ્લડ પુરુ પાડવા બદલ રાજયપાલ આચાર્ય દેવવ્રત તથા નાયબ મુખ્યમંત્રી નીતિનભાઇ પટેલ દ્વારા એવોર્ડ થી સંન્માનિત કરાયા હતા.

ઈન્ડિયન રેડક્રોસ સોસાયટીની ગુજરાત શાખાની વાર્ષિક બેઠક ગાંધીનગર ખાતે રાજ્યપાલ આચાર્ય દેવવ્રત તથા નાયબ મુખ્યમંત્રી નીતિનભાઇ પટેલેની ઉપસ્થિતિમાં યોજાઈ હતી, ગાંધીનગર ખાતે ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી ની વાર્ષિક બેઠકને સંબોધતા,રાજ્યપાલે ઉમેર્યું કે માનવીય સેવાના ઉદાત અભિગભ દ્વારા સ્વૈચ્છિક સેવાને સમર્પિત આ સંસ્થાએ અનેક કિર્તીમાન સ્થાપિત કરવાની સાથે ગુજરાતનું નામ દેશભર માં રોશન કરીને આપણું ગૌરવ વધાર્યુ છે રેડક્રોસ સોસાયટીને બ્રિટીશ મેડિકલ કાઉન્સીલ જર્નલ દ્વારા ''બેસ્ટ હેલ્થ કેર ઈનોવેટીવ એવોર્ડ ''પ્રાપ્ત થયો છે.આ માટે સૌ કર્મયોગીઓને રાજયપાલે અભિનંદન આપી આ ઉમદા કાર્યને વધુ સુદ્રઢ બનાવી અંતરિયાળ વિસ્તારોમાં પણ જન-જનની સુવિધાઓ પહોંચાડવા આહ્વાન કર્યુ હતું. જેમાં રક્તદાન, દેહદાન, અંગદાન સહિતની માનવીય સેવાઓમાં શ્રેષ્ઠ પ્રદાન કરનાર રાજ્યના ૧૫ જિલ્લા અને ૧૦ તાલુકાઓના ૮૫ જેટલા સંસ્થાના સ્વયંસેવકો અને દાનવીરોનું મહાનુભાવો ના હસ્તે એવોર્ડ-પ્રશસ્તિપત્ર આપી સન્માન કરાયુ હતું. નાયબ મુખ્યમંત્રી નીતિનભાઇ પટેલે રેડક્રોસ સોસાયટી દ્વારા થતી માનવીય સેવાની ઉમદા કામગીરીને બિરદાવતાં કહ્યુ કે, ગુજરાત અનેક સમાજસેવી પ્રવૃત્તિઓમાં મોખરે રહ્યુ છે, રાજ્યના નાગરિક પણ આ ક્ષેત્રે સ્વૈચ્છિક યોગદાન આપે એ આજના સમયની તાતી જરૂરિયાત છે. આ કાર્યક્રમમાં નર્મદા જિલ્લા રેડક્રોસ શાખાને ખાસ એવોર્ડ થી સન્નમાનવામા આવી હતી અને આ અવૉર્ડ રેડ્ક્રોસ નર્મદાના ચેરમેન પ્રિ. એન.બી. મહિડા, વાઇસ ચેરમેન ડો. દેશનાબેન દેશમુખ તથા રેડક્રોસ નર્મદાના સભ્ય ભરતભાઈ વ્યાસે સ્વીકાર્યો હતો.

આ એવોર્ડ નર્મદા જિલ્લા શાખા દ્વારા વર્ષ ૨૦૧૮-૧૯ માં રક્તદાન ને પ્રોત્સાહિત કરી જિલ્લાના અંતરિયાળ અને પછાત વિસ્તારમાં પણ બ્લડ પૂરું પાડી માનવીય સેવાઓ બદલ એનાયત કરવામાં આવ્યો હતો આ અંગે નર્મદા જિલ્લા રેડક્રોસના ચેરમેન પ્રિ.એન.બી.મહિડા એ જણાવ્યું હતું કે આ નર્મદા જિલ્લાના સ્વૈચ્છીક રક્તદાતા અને સમગ્ર રેડ્ક્રોસ્સ નર્મદા ની ટિમને આભારી છે.

એગ્રીકલ્ચર, ફાર્મા અને ટેક્ષ્ટાઈલમાં રોકાણ કરવા સુરતનાં ઉદ્યોગપતિઓને આમંત્રણ

ઉઝબેકિસ્તાનના કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝના ચેરમેને મુખ્યમંત્રી રૂપાણીની લીધી મુલાકાત

સુરત

શનિવારે ઉઝબેકિસ્તાન કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝના ચેરમેન અદ્રુખમ અર્કમોવએ શુભેચ્છા મુલાકાત લીધી હતી. તેઓએ આગામી મહિનામાં યોજાનારા ઈન્ટરનેશનલ ઈન્વેસ્ટમેન્ટ ફોરમમાં ગુજરાતનું વેપાર-ઉદ્યોગ ઉચ્ચ સ્તરીય પ્રતિનિધિ મંડળ સહભાગી થવા આવે તે માટે ભેગી સ્થાનના પ્રેસિડેન્ટે રાજ્યના મુખ્યપ્રધાન વિજય રૂપાણીને આમંત્રણ પાઠવ્યું હતું કે ઉઝબેકિસ્તાનના પ્રેસિડન્ટે આગ્રહ પૂર્વક પાઠવેલા આમંત્રણને રાજ્યના મુખ્ય પ્રધાન વિજય રૂપાણીએ સ્વીકાર કર્યો અને એગ્રીકલ્ચર માઈનિંગ અને સોલર પર ફોકસ કરતું ડેલિગેશન આ સમિટમાં અવશ્ય ભાગ લેશે તેવી બાહેંધરી આપી છે.

ઉલ્લેખનીય છે કે ઉઝબેકિસ્તાનની મુલાકાત સંદર્ભે ઉઝબેકિસ્તાન સાથે ગુજરાતના ઉદ્યોગકારોએ વિવિધ ક્ષેત્રોમાં ૫૯ જેટલા પ્રોજેક્ટ માટે સહભાગી કરે છે. જ્યારે ઉઝબેકિસ્તાનના કોમર્સના ચેરમેને મુખ્ય પ્રધાન વિજય રૂપાણી સાથેની મુલાકાતના પગલે ઉઝબેકિસ્તાન જ ડેવલોપમેન્ટ રોડમેપ તૈયાર કરવામાં આવ્યો છે તેવી પણ વિગતોથી રૂપાણીને માહિતગાર કર્યા હતા.વર્ષ ૨૦૧૯માં રાજ્યના મુખ્યપ્રધાન વિજય રૂપાણી ઉઝબેકિસ્તાનના પ્રવાસે ગયા હતા અને ઉઝબેકિસ્તાનના પ્રવાસમાં તેઓએ ગુજરાતના ઉદ્યોગોને લઈને ચર્ચા કરી હતી, ત્યારે ઉઝબેકિસ્તાનના ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા રાજ્યના મુખ્યપ્રધાન વિજય રૂપાણીને આમંત્રણ પાઠવવામાં આવ્યું હતું. તાશ્કંદમાં યોજાનારા ઈન્ટરનેશનલ ઈન્વેસ્ટમેન્ટ ફોર્મમાં મુખ્ય પ્રધાન વિજય રૂપાણીને ખાસ આમંત્રણ પાઠવવામાં આવ્યું હતું.

ઈથોપિયામાં એગ્રીકલ્ચર, ફાર્મા અને ટેક્ષ્ટાઈલ ઈન્ડસ્ટ્રીમાં રોકાણ કરવા માટે મુંબઈ ખાતેના કોન્સુલ જનરલ હીઝ એકસીલન્સી મિસ્ટર ડેમેકે અંબુલોએ સુરતના ઉદ્યોગપતિઓને આમંત્રણ આપ્યું હતું. ઈથોપિયામા ટેક્ષ્ટાઈલ- ગારમેન્ટ માટે ખૂબ જ મોટું માર્કેટ છે અને ઈથોપિયામાંથી અમેરિકન અને યુરોપીયન માર્કેટમાં પણ ડ્યુટી ફ્રી પ્રોડકટ એક્ષ્પોર્ટ કરી શકાય છે એમ તેમણે જણાવ્યું હતું.

સાયબર ક્રાઈમના ગુનાથી બચવા અમદાવાદ પોલીસે શરુ કરી યુટ્યુબ ચેનલ

અમદાવાદ

અમદાવાદ શહેર પોલીસ દ્વારા મોબાઈલ ફોન પર યુ ટ્યુબ ચેનલ શરુ કરવામાં આવી છે. આ ચેનલમાં તમામ લોકોને સાયબર ક્રાઈમ, ગુનેગારોથી કંઈ રીતે ચેતતા રહેવું જોઈએ તે વિશં તમામ માહિતી પણ આપવામાં આવશે. જે ચેનલમાં અમદાવાદ શહેર પોલીસ અલગ અલગ વિષય પર વિડીયો બનવી અમદાવાદીઓને સાવચેત રહેવા અને ગુનેગારોથી કઈ રીતે બચી શકાયએ અંગેની માહિતી ટેક્નોલાજીના માધ્યમથી પુરી પાડશે.

અમદાવાદીઓ માટે સાયબર ક્રાઈમે એક યુ ટ્યુબ ચેનલ શરુ કરવામાં આવી છે. આ ચેનલમાં લોકોને તમામ સોશિયલ મીડીયામાં થતા ગુનાઓથી કેવી રીતે બચવું અને સાવધાની કેવા પ્રકારની રાખવી તે બાબતની માહિતી આપવામાં આવશે. જયારે સામાન્ય રીતે શહેર પોલીસ કમિશ્નર કોઈ પણ પ્રંસગો કે તહેવારને લઈ જાહેરનામું બહાર પાડે છે અને તેની ઘણા લોકોને માહિતી પણ હોતી નથી જેથી આ ચેનલ મારફતે તમે માહિતી મેળવી શકશો. આ યૂટ્યૂબ ચેનલ શરુ કર્યા ને થોડા જ દિવસો થયા છે ત્યારે લોકોનો પ્રતિસાદ પણ સારો જોવા મળી રહ્યો છે જોવું રહ્યું કે સફળતા કેટલી મળે છે.

ઘર વિનાના બે હજાર લોકોને આશ્રય આપવા વડોદરા કોર્પો. વધુ ૮ નાઈટ શેલ્ટર બનાવશે

વડોદરા

વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશને વર્ષ ૨૦૨૦-૨૧નુ રૂપિયા ૩,૭૬૯ કરોડનુ ડ્રાફ્ટ બજેટ સ્થાયી સમિતિએ મંજૂર કર્યું. ત્યારે શહેરમા રહેતા ઘરવિહોણા લોકો માટે ૮ નાઈટ શેલ્ટર બનાવવાની પણ જાહેરાત કરાઇ હતી. વડોદરામાં હાલ ૬ જગ્યાએ નાઈટ શેલ્ટર છે, જેના ૧૪ મકાન છે. જેનું સંચાલન અને નિભાવણીનું કામ ત્રણ સંસ્થાને સોંપાયું છે.

ગુજરાત શહેરી આજીવિકા મિશન દ્વારા ઘર વિનાના લોકોના સર્વેની કામગીરી પૂરી થઈ છે. જેમાં ૪૫૩૬ લોકો ઘરવિહોણા જણાયા છે. આશરે બે હજાર લોકોને આશરો આપી શકાય તેવી રીતે આયોજન હાથ ધરાયું છે અને તેનો વિગતવાર પ્રોજેક્ટ રિપોર્ટ ગાંધીનગર ખાતે મિશનની મોકલવામાં આવી રહ્યો છે. સુપ્રીમ કોર્ટે અગાઉ ઘર વિનાના લોકો માટે રાજ્ય કક્ષાએ આવા આશ્રયસ્થાનની સ્થિતિનું મોનિટરિંગ કરવાનું કહેતા ગુજરાતમાં મોનિટરિંગ સમિતિની રચના કરાઈ છે, જેની મિટીંગ વડોદરામાં યોજાઇ હતી. આ મિટિંગમાં વડોદરા શહેર ઉપરાંત જિલ્લા મુખ્ય મથકની નગરપાલિકાઓ તેમજ આણંદ, ગોધરા, દાહોદ, છોટાઉદેપુર વગેરેના પ્રતિનિધિ હાજર રહ્યાં હતા. વડોદરા સહિતના વિસ્તારોમાં નાઈટ શેલ્ટરની કામગીરી નબળી રહેતા સરકારે તેની ગંભીર નોંધ લીધી છે, અને નારાજગી વ્યક્ત કરી છે. વડોદરાની વાત કરીએ તો હાલ નાઈટ સેલ્ટરમાં ૨૮૬ લોકો જ છે, લાભ લઇ રહ્યા છે.

૯ વર્ષની બાળકીની ઘરમાંથી લાશ મળી, દુષ્કર્મ થયાનો પોસ્ટમોર્ટમ રિપોર્ટમાં ખુલાસો

સુરત

વાપીમાં ધોરણ-૪માં અભ્યાસ કરતી પરપ્રાંતિય પરિવારની ૯ વર્ષીય બાળકીની લાશ ઘરમાં લટકેલી હાલતમાં મળી આવતા ચાલીના માલિકે આ અંગે કંપનીમાં નોકરીએ ગયેલા મૃતકના પિતાને જાણ કરી હતી. જે અંગે પોલીસને જાણ કરાતા લાશનો કબજો લઇ પેનલ પીએમ માટે સુરત રવાના કરી હતી. સુરત સિવિલમાં બાળકીનું ફોરેન્સિક પોસ્ટ મોર્ટમ કરવામાં આવ્યું હતું. જેમાં બાળકીના ગળા પર નખ અને કાળા ચાંઠાના નીશાન મળી આવ્યાં હતાં. બાદમાં બાળકી સાથે દુષ્કર્મ બાદ મોતને ઘાટ ઉતારાઈ હોવાનું સામે આવ્યું હતું. પોલીસે આ કેસમાં આરોપીને ઝડપી લીધો હોવાનું સામે આવી રહ્યું છે.

બાળકીના પિતાએ જણાવ્યું હતું કે, શુક્રવારે સવારે ભોજન બનાવ્યા બાદ દીકરીને ટિફિન આપી શાળાએ ગઈ હતી, ત્યારબાદ દીકરો અને પત્ની પણ કામ પર ચાલી ગયા હતા. ત્યારબાદ હું પણ કંપનીમાં કામ પર નીકળી ગયો હતો. શુક્રવારે સાંજે સવા ચાર વાગે રૂમ માલિક કંપનીમાં બોલાવવા આવ્યો અને દીકરીએ ફાંસો ખાઈ લીધો હોવાની જાણ થઈ હતી.દોડીને ઘરે ગયા તો દીકરી લટકતી હાલતમાં મળી આવી હતી.તાત્કાલિક ૧૦૮ અને પોલીસ ને જાણ કરી હતી. પોલીસ આવ્યા બાદ મૃતદેહ નીચે ઉતાર્યો હતો. રૂમ માલિકને પડોશમાં રહેતી ભાણેજે જાણ કરી હતી કે મારી બહેન લટકતી છે. ત્યારબાદ દોડા દોડી થઈ ગઈ હતી. આખી રાત વાપીની સરકારી હોસ્પિટલમાં મૃતદેહ રાખી મુકાયા બાદ શનિવારે સુરત સિવિલ હોસ્પિટલમાં ફોરેન્સિક પીએમ માટે દીકરીનો મૃતદેહ લવાયો છે. બિહારવાસી પરિવારમાં મોટો પુત્ર ગેરેજમાં પિતા પેઈન્ટર અને માતા દવા બનાવતી કંપનીમાં કામ કરતાં હતાં.

હોટલમાં તોડફોડ કરી ધમકી આપતા અસામાજિક તત્વો સીસીટીવીમાં થયા કેદ

સુરત

લિંબાયત ગોડાદરા વિસ્તારમાં ચાઈનીઝ ફૂડ કાફેના માલિકની હત્યા બાદ હજુ પણ અસામાજિક તત્વોનો આતંક યથાવત રહ્યો છે. નીલગીરી સર્કલ ખાતે સ્થાનિક યુવાનોને ચા અને સિગારેટ નહી અપાતા ત્રણેક મોડી રાત્રીએ હોટલમાં તોડફોડ કરી હતી. આ અંગે જાણ થતા હોટલ માલિકે હોટલે પહોંચ્યાં તો તેને ઘરે પહોંચ્યા બાદ ધમકી આપી હતી.

લિંબાયત પોલીસેથી મળતી વિગતો મુજબ લિંબાયત મયુર સિનેમા સામે જલારામ નગર ઘર નંબર ૧માં રહેતા ૩૫ વર્ષિય સૈયદ રઝાક હુસેને માંડ ત્રણ અઠવાડિયા અગાઉ નીલગીરી સર્કલ પાસે ટી પોઈન્ટના નામે હોટલ શરૂ કરી હતી. ગત રાતે સૈયદભાઈ પોતાના ઘરે હાજર હતા ત્યારે સવા અગીયાર વાગ્યે કારીગર આલમનો ફોન આવ્યો હતો કે લિંહાયત ખાનપુરામાં રહેતા અઝહર,સાબીર અને સંગમ બેન્ડની ત્રીજી ગલીમાં રહેતો અલફરાજ હોટલ ઉપર આવ્યાં હતા અને ચા અને સિગારેટની માગ કરી હતી. હોટલ બંધ થઈ ગઈ છે તેમ કહી આલમે તેમની માગણી નહીં સંતોષતા તેઓ ગાળાગાળી કરી ચાલ્યા હતાં. બનાવ બાદ મોડી રાત્રે ફરી સૈયદભાઈને ફોન આવ્યો હતો કે રાત્રે સવા બાર વાગ્યે ત્રણેય હોટલના પાછળના દરવાજા પાસે આવ્યા હતા અને સાબીરે તેની પાસેના લાકડાના ફટકા વડે સીસીટીવી કેમેરો અને દરવાજામાં તોડફોડ કરી ભાગી ગયા હતાં. સૈયદભાઈ તરત હોટલ દોડી ગયા હતાં. જો કે ત્રણેય હુમાલાખોર ઘરે પહોંચી ગયા અને ભાઈ જહાંગીરને ગાળાગાળી કરી માર મારી ધમકી આપી હતી. બનાવ અંગે લિંબાયત પોલીસે સીસીટીવીના આધારે વધુ તપાસ હાથ ધરી છે.

રાજપીપળાની બેંક ઓફ બરોડા શાખામા 'વૈકુંઠ નાનુ ને વૈષ્ણવ ઝાઝા' જેવી સ્થિતિ, ગ્રાહકોમાં ગભરાટ



એક બેંકની અંદર બીજી બે બેંકોના ગ્રાહકો અને કર્મચારીઓનો સમાવેશ થતાં અંધાધુંધીના દ્રશ્યો

(ભરત શાહ દ્વારા)- રાજપીપળા : કેન્દ્ર સરકાર દ્વારા ત્રણ રાષ્ટ્રીયકૃત બેંકોના વિલીનીકરણના નિર્ણય બાદ બેંક ઓફ બરોડામા દેના બેંક અને વિજયા બેંક નુ મર્જ કરવામા આવેલ છે,આ મર્જ કરવાની શાથે જ બન્ને બેંકો ના ગ્રાહકો અને કર્મચારી ઓનુ પણ આપોઆપ વિલિનીકરણ થઈ જવા પામેલ છે.હવે ખાતેદારો ના ખાતા નંબરો બદલાશે..? ગ્રાહક નંબરો બદલાશે.?

એક બેંક ની અંદર બિજી બે બેંકોના ગ્રાહકો અને કર્મચારી ઓનો સમાવેશ થતાં સ્વાભાવિક રીતે ×વૈકુંઠ નાનુ ને વૈષ્ણવ ઝાઝા× જેવો ઘાટ સર્જાય ની ઉક્તિ ને સાચી ફેરવતા અંધાધુંધી અને અવ્યવસ્થા ના દ્રશ્યો સર્જાયા હતા.

જાણવા મળ્યા મુજબ રાજપીપળા સ્ટેશન રોડની બેંક ઓફ બરોડા શાખામા ગાંધી પેટ્રોલપંપ પાસે ની દેના બેંક નો સમાવેશ કરાયો છે અને બેંક ઓફ બરોડાની વડીયા શાખામા એમ.વી.રોડ સ્થિત વિજયા બેંકનો સમાવેશ કરાયો છે,આ સાથે જ ઓછા ભણેલા અને અભણ વૃદ્ધ અશક્ત ખાતેદારોની કરમ કઠણાઈ નો પ્રારંભ થયો છે કારણ કે એમને સરકાર ના નિર્ણય ની અસરો સમજાવી શકે તેવી કોઈ વ્યવસ્થા ગોઠવવામાં આવી નથી અને હિન્દી ભાષી સ્ટાફ સાથે વાતચીત કરવામા ગામડાંના ભણેલાં અને અભણ ખાતેદારોને ખૂબ અગવડ પડી રહી છે, પોતાની જુની બેંક મા વર્ષો થી આવતા જતાં અને ટેવાયેલા વૃદ્ધ ખાતેદારોના મનમા સરકાર દ્વારા ગોઠવવામાં આવેલી નવી વ્યવસ્થા થી પોતાની જમા પુંજી ને લઈને ઉચાટ અને ગભરાટ દેખાઈ રહ્યો હોય તેમ જણાઈ રહ્યું છે.

સરકાર ના આ નિર્ણય થી મર્જીત બેંકો નો સ્ટાફ પણ હવે પોતાની નોકરીની ચિંતાને લઈને તાણમા હોય તેમ જણાઈ રહ્યું છે,સ્વાભાવિક છે કે એક મા બે નો સમાવેશ થતા વધેલાં કર્મચારીઓની છટણી અથવા સ્વૈચ્છિક નિવૃત્તિની યોજના અમલમા મુકી સરકાર નક્કામો બોજો ઓછો કરવાની દિશામા વિચારી શકે છે.માટે ભાજપ સરકાર નો આ નિર્ણય હાલ તો આ સૌ માટે અઘરો પડી રહેલો જણાય છે.